પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૨૪

જેવા મેં નિરખ્યા રે

૫

(પ્રમુખસ્વામી મહારાજના સાન્નિધ્યમાં સંતોએ અનુભવેલી
તેઓની દિવ્ય પ્રતિભા, પ્રસંગો દ્વારા)

સંકલિત

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

ક્રમિકા

૧. ઘનશ્યામચરણ સ્વામી ૧

૨. પ્રીતમપ્રસાદ સ્વામી ૮

૩. પ્રબોધજીવન સ્વામી ૧૫

૪. અક્ષરેશ સ્વામી ૨૦

૫. સર્વમંગલ સ્વામી ૨૮

૬. દિવ્યસ્વરૂપ સ્વામી ૪૦

૭. યોગીપ્રકાશ સ્વામી ૫૨

૮. ગુણનિધિ સ્વામી ૫૪

૯. ભક્તિસાગર સ્વામી ૬૬

૧૦. વિવેકનિધિ સ્વામી ૮૦

૧૧. દિવ્યપુરુષ સ્વામી ૮૬

ઘનશ્યામચરણ સ્વામી

સુરત

ઈ.સ. ૧૯૬૫, યોગીજી મહારાજની આજ્ઞાથી હું તથા હરિપ્રકાશ સ્વામી મુંબઈથી સારંગપુર રહેવા આવ્યા. અમારે વિચરણમાં જોડાવાનું હતું, તેથી જલઝીલણી તથા શાસ્ત્રીજી મહારાજની શ્રાદ્ધતિથિ બાદ ઝાલાવાડનું વિચરણ શરૂ કર્યું.

સદ્‌ગુરુ સંતસ્વામી, હરિપ્રકાશ સ્વામી, દેવશીભાઈ મહેતાજી અને હું, બોટાદથી ટ્રેનમાં ચૂડા સ્ટેશને ઊતર્યા. અહીં મોજીદડના કાનજીભાઈ ગોકળભાઈનું ગાડું અમને લેવા આવ્યું હતું. તેમાં ચૂડાથી મોજીદડ આવ્યા.

હરિભક્તોનો પ્રેમ બહુ, તેથી સૌ પાકી રસોઈ અર્થાત્ લાડુ-મિષ્ટાન્નનો આગ્રહ કરે. પણ સંત સ્વામી ખીચડિયા સાધુ ને વૈરાગ્યમૂર્તિ. આજે બપોરે જમે તે કાલ બપોર ! એમ એક ટાણાં કરે ! સવાર-સાંજ ફક્ત ઉકાળો લે. આમ બે દિ વીતી ગયા.

ત્રીજે દિવસે પ્રમુખસ્વામી મહારાજ, દેવચરણ સ્વામી, હરિનારાયણ સ્વામી આવ્યા. મારે સાધુ થયા પછી સ્વામીશ્રી સાથે પ્રથમવાર જ ફરવાનો લહાવો હતો. હરિભક્તો કહે : 'પ્રમુખસ્વામી, આ સંતો (હું તથા હરિપ્રકાશ સ્વામી) મુંબઈથી આવ્યા છે. સંત બાપાનું પ્રકરણ આપ જાણો છો. માટે આપ પાકી રસોઈની આજ્ઞા કરો. પ્રમુખસ્વામી મહારાજ પરિસ્થિતિ પામી ગયા. તરત જ કહે : 'સંત સ્વામી તો બ્રહ્મર્ષિ છે. હવે જુઓ સંતોને રાજી કરીએ...'

બીજા દિવસે સવારે દેવચરણ સ્વામીએ નાસ્તામાં તીખી પૂરી, મરચાં ને ઉકાળો બનાવ્યા.

સ્વામીશ્રી અમને કહે : 'લ્યો સંતો, નાસ્તો કરો !' અમે જોયું કે પોતે તો માત્ર અમને રાજી રાખવા જ થોડું જમ્યા હતા. પણ અમને ખૂબ જ ધરવીને નાસ્તો કરાવ્યો. ત્યારે ગ.મ. ૪૭મું વચનામૃત યાદ આવ્યું કે સાધુને મન દઈ

માણસાઈએ રાખતાં આવડે તેની પાસે સાધુ રાજીપે રહે.

આમ, સ્વામીશ્રી સાથે મોજીદડ-નવાગામ-અચારડા-કંથારિયા-વઢવાણ-લીંબડી બધે વિચરણ કર્યું. બધે જ તેમના અકારણ પ્રેમનો, વાત્સલ્યનો ને મમતાનો પરિચય મળતો રહ્યો. પ્રમુખસ્વામી મહારાજ દરેક ગામમાં અમારી ઓળખાણ કરાવે. અમે સૂઈએ પછી તો રાત્રે મોડે સુધી સંત સ્વામી અને સ્વામીશ્રીની ગોષ્ઠિ ચાલે. અમારી નાનીમોટી ભૂલો એમણે ક્યારેય જોઈ નથી. ઊલટું, સહજતાથી સ્વામીશ્રી અમારી સાથે ભળી જતા. જરાય હુંહાટો એમનામાં જોયો નથી: તમામ પ્રતાપ-ઐશ્વર્ય દાબીને પોતે સાવ છાના રહ્યા. અમારી સાથે, અમારી જેમ જ સાધારણ પરિસ્થિતિઓ તેઓ પણ વેઠી લેતા...

* * *

સં. ૨૦૨૨નો પ્રથમ અન્નકૂટ મેં સારંગપુર સ્વામીશ્રીની હાજરીમાં કર્યો હતો. અન્નકૂટમાં વાનગી બનાવવાની સેવાઓનું લિસ્ટ, સ્વામીશ્રી પોતે જ બનાવે અને સેવા વહેંચે.

દિવાળીને દિવસે સાંજે ૪ વાગે કોઠારની ઑફિસ પાસે પધારે. અમારી સાથે પાપડી, તુવેર... વગેરે શાક ફોલવા બેસી જાય. તે વખતે કઠોળ વગેરે માટીનાં કુંડાંમાં મૂકતા. તેને ગાળેલાં પાણીથી ધોવડાવે. ઝીણી ઝીણી બાબતો, મને તથા હરિપ્રકાશ સ્વામીને સમજાવે : 'અન્નકૂટને દિવસ જે શાક બનાવો તેનાં ચાર વાસણ ભરવાં. ૧. મધ્ય મંદિર માટે, ૨. હરિકૃષ્ણ મહારાજના ખંડમાં, ૩. ધર્મકુળ માટે, ૪. શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિ મંદિર માટે. શાક થાય ત્યારે ઉપર લીલાધાણા નાંખી પેપર અથવા પતરાળાં ઢાંકી દેવાં જેથી માખી ન બેસે, સમજ્યા ?' આમ, સારંગપુર એ અમારે માટે તાલીમ શાળા હતી. અને સ્વામીશ્રી અમારા કુશળ શિક્ષક ! ગમે તે સેવા હોય, પણ તેમાં સ્વામીશ્રીની ખૂબ જ ચપળતા.

સાંજે બે આરતી વચ્ચે સ્વામીશ્રી અવશ્યપણે સ્મૃતિમંદિરે પધારે. ૧૦૮ પ્રદક્ષિણા ફરે.

રાત્રે દિવાળીને દિવસે પોતે ચોપડા પૂજનમાં બેસે.

અન્નકૂટ માટે મઠિયાં, બિસ્કિટ, ઘેબર વગેરે અમુક વસ્તુ ગોંડલથી લેતા આવે.

અન્નકૂટ પછી સંતો તથા મંદિરના સ્ટાફને સ્વામીશ્રી જાતે જ ઊભા રહીને જલેબી-સાટાં વગેરે પ્રસાદ આપે. અન્નકૂટનાં પીરસણાં ગામમાં મોકલાવવાનાં, તે પણ સ્વયં વ્યવસ્થા કરે. અન્નકૂટને દિવસે ચાર વાગ્યા પછી સર્વેને જમાડી જમવા પધારે.

એકવાર અન્નકૂટમાં મેં પુરણપોળી બનાવેલી, તે જમાડી રાજીપો બતાવેલ તે ઈદં સાંભરે છે. વળી, ઉત્સાહમાં મને 'પ્રાગજી પુરાણી' કહીને સંબોધે. ઝાલાવાડમાં દરબારોનાં ગામોમાં વિચરણ ચાલતું હોય ત્યારે દરબારો ભેગા મને પણ કહે : 'હાલો ઘનુભા !' અને હાલ તો કોઈવાર સંતો ભેગા ભળી જઈ 'ઘનશ્યામ બાપા' કહીને પણ સંબોધે છે !

* * *

સારંગપુરમાં સંતોનો ભંડાર ખપાટિયાવાળો હતો. જમવામાં, સેવામાં ખૂબ સંકડાશ પડતી. તે સમયે સ્વામીશ્રી તથા સંત સ્વામીએ બેત્રણ વાર માપ લઈ સંકલ્પ કરેલો કે ભંડાર મોટો કરવો. ગઢડાથી હરિજીવન સ્વામીને બોલાવી કેટલા બ્રાસ કામ છે... વગેરે એસ્ટીમેટ પણ કઢાવેલો. પણ તે સમયે પૈસો નહિ. યોગીજી મહારાજની રુચિ ગોંડલ મંદિરની જ પુષ્ટિ માટે રહે. એવા સમયે સ્વામીશ્રીએ પોતાની પ્રમુખ તરીકેની સત્તાનો તો ખ્યાલ પણ કર્યો નથી ! છેવટે ૧૯૭૦માં યોગીબાપા પરદેશ ગયા, તે સમયે નવો ભંડાર તથા નવા ઉતારા થયા.

સ્વામીશ્રી તે સમયે બપોરનો આરામ શાસ્ત્રીજી મહારાજની રૂમમાં કરતા અને રાત્રે રૂમ બહાર સૂતા. પૂજા પણ હાલ મહાપૂજા કરે છે તે પ્રથમ થાંભલે કરતા. આમ, યોગીજી મહારાજ હતા ત્યાં સુધી ખરેખર પોતે તમામ પ્રભાવ-સામર્થી દાબીને જ વર્ત્યા છે. બહાર જનરલ શૌચાલય હતાં, જેમાં ઉપર છાપરું નહિ, આગળ બારણું નહિ. ત્યાં કળશો લઈ શૌચ જતાં પણ 'ભૂધર ભાળ્યા' છે. બહાર લીમડા નીચે નળ હતો ત્યાં સ્નાન કરી લે.

કેવી સાદગી ! કેવી સહજતા !

* * *

સારંગપુરમાં ઠાકોરજી માટે સાંજે પૂરી-શાક કરતા તે જૂની ઓરડી હતી, તેમાં એકવાર સ્વામીશ્રી સવારમાં નાસ્તો કરવા આવ્યા. આમ તો સવારમાં ઘણુ ખરું ઉકાળો જ પી લે, પણ અમારા આગ્રહથી આવ્યા. ત્યારે

તુરખાવાળા ધર્મનંદન સ્વામીએ લોટા ઉપર ગરણું રાખી પાણી આપ્યું, સ્વામીશ્રીએ તરત પૂછ્યું, 'પાણી ગાળ્યું નથી ?' તે કહે : 'એટલે તો લોટા પર ગરણું રાખ્યું છે.' સ્વામીશ્રીએ કહ્યું, 'આવતી કાલે માટલું વીછળીને પાણી ગાળી લેજો.'

'સારું.' તેમણે કહ્યું. પરંતુ બીજે દી પણ એની એ જ પરિસ્થિતિ હતી. એટલે સ્વામીશ્રીએ સ્વયં માટલું વીછળી પાણી ગાળી લીધું, ને શીખવતા જાય કે 'જુઓ, પહેલાં રાખ વડે નળે ઘસવો. ગળણાની કોથળી સાજી છે કે ફાટલી તે ચેક કરી લેવી. માટલું ત્રણવાર વીછળવું.' પછી ઉપરનું ઢાંકણું અને પ્યાલા પણ જાતે ઊટકી બતાવ્યા !!

'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનમ્' એ મૂર્તિમાન જોવા મળ્યું.

ઉપદેશ નહિ પણ શાંતિ અને ચપળતાથી વિદ્યુતવેગે સ્વામીશ્રીએ એ સેવા કરી હતી તે મૂર્તિ ઇદં સાંભરે છે. પણ તે વખતે એ બધું સહજ લાગેલું. આજે એ પ્રસંગની મહત્તા સમજાય છે.

* * *

ગઢડાથી હું તથા યાજ્ઞ ભગત(નારાયણચરણ સ્વામી) ઘણીવાર સ્વામીશ્રી લાખણકા ગયા હતા. નરેન્દ્ર ચગ મોટર ડ્રાઇવીંગ કરતા. એક જગાએ મોટર ફસાઈ તો સ્વામીશ્રી જાત્તે ઊતરી તેને ધક્કા મારવા લાગ્યા.

ઘણી મહેનત કરી પણ ગાડી ન જ નીકળી. જમીન રેતાળ. બે યુવકો મોટર સાઈકલ લઈ જતા હતા. તેમને સ્વામીશ્રી કહે : 'અલ્યા, આવો, ધક્કા મારવા લાગો.' યુવકોએ હાથ અડાડ્યા ત્યાં મોટર બહાર નીકળી ગઈ.

સ્વામીશ્રી એકદમ આનંદમાં કહે : 'જુઓ પરચો !' કેવો સાહજિક આનંદ !

* * *

૧૯૬૬માં દાદુભાઈ નાથાભાઈ પટેલના અવળા પક્ષપાતને કારણે યોગીજી મહારાજની હાજરીમાં જ તેમને છોડીને કેટલાક સાધુઓ સંસ્થામાંથી બહાર નીકળી ગયા હતા. એ વખતે સદ્ગુરુ સંત સ્વામી હરિભક્તોને તથા સંતોને સાચી સમજણ આપતા. છતાં મારા મનમાં એમ કે યોગીબાપાની ઇચ્છા આવી ન હોય કે બધાને વિમુખ કરવા...

આ વાતનો અણસાર સ્વામીશ્રીને આવી ગયો. ૧૯૬૭ની સાલ હશે.

સારંગપુરમાં કથાવાર્તા અને ચેષ્ટાગાન પછી મંદિરનું જનરેટર બંધ કરી દેવામાં આવતું. તેથી સાવ અંધકાર છવાઈ જતો. આવા અંધકારમાં એક રાત્રે સ્વામીશ્રીએ મને બોલાવ્યો. હાલ જ્યાં સ્વામીશ્રીનું રસોડું છે ત્યાં પહેલાં શૌચ જઈ હાથ ધોતા, ને ત્યાં બહાર જવાની ડેલી હતી. સ્વામીશ્રી મને ત્યાં લઈ ગયા. અને કહે : 'આવો ઘનશ્યામ,' મેં વિવેક કર્યો : 'આસન લાવું ?' પણ સ્વામીશ્રી કહે : 'કાંઈ નથી લાવવું, બેસો.'

પછી સ્વામીશ્રીએ શાંતિથી વાત શરૂ કરી : 'ઘનશ્યામ સ્વામી, આપનું કુટુંબ શાસ્ત્રીજી મહારાજના વખતથી સેવા કરે છે. શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા આપણે સાધુ થયા. યોગીબાપાએ અહીં મોકલ્યા ને સેવા કરો છો, પણ મનમાં દાદુભાઈની વાત રહે છે, પણ તેનું આમ છે...!' કહી આખું પ્રકરણ મને વિગતવાર સમજાવ્યું. કોઈ ઉશ્કેરાટ નહિ, રાગદ્વેષ નહીં, ઉતાવળ નહીં... પછી કહે : 'યોગી બાપાને રાજી કરવા મેં કોઈ સત્તા રાખી નથી. જો બાપા રાજી થતા હોય તો પ્રમુખપદ પણ મારા માટે નથી (અર્થાત્ છોડી દઉં). યોગીજી મહારાજ મારો ધ્રુવ કાંટો છે. આપણે યોગીજી મહારાજના રાજીપે રાજીપો. બાવાના ચાંદે ચાંદ. મેં આ પ્રકરણમાં યોગીબાપાને દરેક નિર્ણય લેતાં પહેલાં ઘણીવાર પૂછ્યું છે.' પછી યોગીજી મહારાજનો અપાર મહિમા કહીને બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજે મને કહ્યું છે કે યોગીજી મહારાજની આજ્ઞામાં રહેજો. એ મારા જીવમાં છે. એટલું તમે જાણો...' હું મનમાં ભોંઠપ અનુભવતો હતો કે આ શંકા વળી મને ક્યાં થઈ ?! પણ એ રાત્રે મારી સાથે સાવ નીચે જ બેસીને સ્વામીશ્રીએ જે વાતો કરી છે, તે જાણે **'नष्टो मोहः स्मृति र्लब्धा'** એવું થયું હતું. જાણે આંખેથી મોતિયો ઊતાર્યો હોય તેમ ઝગમગાટ દેખાવા લાગ્યું.

* * *

ભાવનગર પાસે કુંઢડા ગામ છે. ત્યાં સ્વામીશ્રી સાથે અમે સૌ પણ વિચરણમાં ગયા હતા.

એક સ્કૂલમાં જ ઉતારો હતો. સભાસ્થાન પણ ત્યાં જ. રાત્રે સભા ૯ થી શરૂ થઈ. સુરેશભાઈ રાજ્યગુરુ પછી મારો વારો. છેલ્લે રાત્રે ૧૧ વાગ્યે સ્વામીશ્રીનો વારો આવ્યો. લોકો કંટાળીને વહેતા થયા.

સભા સ્થળે જ કૂતરાં આંટા મારે, બેઠેલા ભક્તો ઝોકે ચઢેલા. પણ

સ્વામીશ્રીએ ૪૫ મિનિટ સુધી કથા કર્યે જ રાખી.

વળી ઉતારે આવી ચેષ્ટાગાન કર્યું. અમારો ઉતારો સ્વામીશ્રીની સાથે જ હતો. મેં કહ્યું, 'બાપા ! આપે આ લોકોને એક જ દી માં બ્રહ્મરૂપ કરી દેવા છે ? આવું કાંઈ ભલા માણસ થતું હોય ? તમારે અમારા સામું તો જોવું જોઈએ ને ? યોગી મહારાજની જેમ મીની આશીર્વાદ આપવા...' સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. ને કહે : 'અલ્યાભાઈ, માંડ મારો વારો આવ્યો. હમ ભી કાંઈ કમ હૈ ?! એટલે ચલાવ્યું બરોબર !!' પોતાની કથાની રુચિના જરાય હુંહાટા વિના સ્વામીશ્રીએ વાત રમૂજમાં વાળી લીધી !

આ પ્રસંગ સ્વામીશ્રી ઘણીવાર રમૂજમાં કહે છે કે ઘનશ્યામે અમને પણ ઉધડા લીધેલા ! ને પછી ઉમેરે કે 'હેત હોય તેને કહેવાય.'

* * *

યોગીજી મહારાજની જન્મ જયંતી વડોદરામાં ધામધૂમથી ઊજવાઈ ગઈ. ત્યારબાદ લિંગસ્થળીમાં યોગીજી મહારાજના વરદ્હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ. એ પછી મણિભાઈ સલાડવાળાના કાનમ-વાંકળ પ્રદેશમાં સ્વામીશ્રી સાથે વિચરણનો લાભ મળ્યો. કો. અક્ષરસ્વરૂપદાસ સ્વામી પણ સાથે હતા. એક ગામમાં સ્વામીશ્રી તથા મણિભાઈ સલાડવાળાએ બે ભાઈઓ વચ્ચે મિલકતના ભાગ પાડવાનું કાર્ય એટલી કુનેહથી ઉકેલ્યું કે એ પ્રસંગ આજે ય યાદ છે. તે ભાઈ કહેતા હતા : 'જો પ્રમુખસ્વામી આ અમારી મિલકતની વહેંચણીમાં મધ્યસ્થી ન બન્યા હોત તો - અમારે ખૂન ખરાબીનો વખત આવત !' સ્વામીશ્રી હરિભક્તોના યોગ-ક્ષેમનું વહન એવી રીતે કરે કે જાણે ફરતી અદાલત ન હોય ! મણિભાઈ સલાડવાળા ત્યારે પણ કહેતા કે આ 'પ્રમુખસ્વામીનાં દર્શન કરી લેજો. પછીથી તો ૧ કિ.મી. દૂરથી દર્શન કરવા મળશે.' આ શબ્દો આજે સાકાર થયેલા નિહાળીએ છીએ.

તે સમયે પણ કારવણ-માત્રોજ-ભરથાણા-સલાડ-ઠીકરિયા વગેરે ગામોમાં સ્વામીશ્રી સાથે ડમણીયામાં વિચરણ કરેલું. તે સમયે મણિભાઈ સલાડવાળા સાથે સ્વામીશ્રી રાતોની રાત ગોષ્ઠિ કરતા. ઊંઘ જાણે છે જ નહીં.

* * *

સ્વામીશ્રીએ મેમકા ગામે બાઈઓના મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા કરી. પછી સૌ ભાવનગર જતા હતા. લીંબડીવાળા ઘનશ્યામભાઈ શેઠની ઍમ્બેસેડર

કારમાં સ્વામીશ્રી બિરાજ્યા હતા. ભાવનગરથી ૧ કિ.મી. દૂર હતા ને ગાડી બગડી. સ્વામીશ્રી, વિવેકસાગર સ્વામી અને હું રિક્ષામાં બેસી ભાવનગર મંદિર પહોંચ્યા, ત્યારે હરિભક્તો આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ ગયા !

ક્યાં રિક્ષા ! ક્યાં સ્વામીશ્રીનો મોભો ! પણ એમને તો 'સમત્વં યોગ ઉચ્યતે.'

* * *

હરિસ્મૃતિમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે તેમ સ્વામીશ્રીને ગોંડલમાં અમારી સાથે ઘઉં વીણતા ભાળ્યા છે. આબુમાં સાથે બેસી ચોળાની શિંગ ફોલતા નિહાળ્યા છે. સારંગપુરમાં શિંગ (ખોખાં) સાફ કરતાં દર્શન કર્યાં છે. ભાદરામાં ઊંડ નદી કિનારે દૂર સુધી કળશો લઈ શૌચ માટે જતા જોયા છે. બરવાળા-રોહીશાળા જેવાં ગામડાંઓમાં, ગરીબોના કૂબામાં, ઢાળિયાવાળાં મકાનોમાં પધરામણી કરતાં જોયા છે. આપણે દોડીએ છતાં ન પહોંચી વળીએ એવી ઝડપે હરિભક્તોના ખેતરે-વાડીએ-ફળિયે-ખળીએ ઠાકોરજીને લઈને ઘૂમતા જોયા છે. સારંગપુરમાં પૂરી વણતાં દર્શન કર્યાં છે. એમની અપાર દયાથી આ દર્શન ને આ સુખ મને અઢળક મળ્યું છે. એ ઝીલી લેવા પાત્ર બની જવાય તેવી એમનાં ચરણોમાં પ્રાર્થના.

* * *

પ્રીતમપ્રસાદ સ્વામી

મુંબઈ

આપણે ક્યાં સ્વામીશ્રીને સ્નેહ કરવા ગયા હતા ? તેઓએ સામેથી આપણને સ્નેહ કર્યો છે.

સ્વામીશ્રી સાથેના સ્નેહનાં સંભારણાં યાદ કરું તો આજે પણ આંખોમાં ઝળઝળિયાં આવી જાય છે.

સ્વામીશ્રીનાં દર્શને હું પહેલી વાર સારંગપુર ગયો, ત્યારે જ સ્વામીશ્રીએ કહેલું, 'આપણે તમને કાલે દીક્ષા આપી દઈએ !' જો કે તે પહેલાં મેં પત્ર દ્વારા સાધુ થવાનો વિચાર દર્શાવ્યો હતો. પરંતુ એ સમયે મનમાં પરિપક્વતા નહીં હોવાથી મેં થોડા સમય પછી દીક્ષા લેવા જણાવ્યું હતું. પછી તો સ્વામીશ્રીએ લગભગ ૬ મહિના સુધી પોતાની સાથે જ રાખ્યો હતો.

એ દિવસોમાં ઝાલાવાડનાં ગામડાંઓમાં સ્વામીશ્રી રોજની સો-સવાસો પધરામણીઓ કરતા, ત્યારે બધી જ વખત સ્વામીશ્રીને પગમાં મોજડી પહેરાવવાની સેવા મળી છે. સ્વામીશ્રી ઉતાવળમાં મોજડી પહેરે. પાછલો પગ હજુ બરાબર અંદર ગયો ન હોય અને ચાલવા માંડે. આમ કરતાં કરતાં સ્વામીશ્રીની મોજડીનો પાછલો ભાગ ચેપાઈ ગયો હોય એવું યાદ છે.

કેટલીયે વખત સ્વામીશ્રીએ 'પ્રીતમ પ્યારા' કહીને બોલાવ્યો હોય એવું યાદ છે. એકવાર સારંગપુરમાં સ્મૃતિ મંદિરે સ્વામીશ્રી આવવાના હતા, ત્યારે 'મારે આજે પ્રીતમ ઘેર આવશે' કૅસેટ વાગતી હતી. આ સમયે સ્વામીશ્રી સંતોનાં અભિવાદન ઝીલતાં ઝીલતાં આગળ વધી રહ્યા હતા, ત્યારે 'પ્રીતમ આવ્યા...' કહીને મારે માથે ટપલી મૂકીને, હેત દર્શાવી આગળ વધ્યા હતા.

સ્વામીશ્રીના યોગમાં આવીને એમના વિશિષ્ટ ગુણો, સાધુતા, સહનશક્તિ વગેરે જાણવાનો ઘણો જ લાભ મળ્યો છે.

તા. ૧૩-૮-૭૩, સ્વામીશ્રી મુંબઈમાં જુહુના દરિયા કિનારે સ્નાન કરવા પધાર્યા હતા. પૂજાબાદ બ્રાહ્મણોને યજ્ઞોપવીત આપી. જાનકી કુટિરમાં

હરિભક્તો અને યુવકોને મળી સૌ સાથે સમુદ્રસ્નાન માટે પધાર્યા. દરિયાનાં મોજાંઓમાં સૌ સ્વામીશ્રીને ઊંચકી ઊંચકીને સ્નાન કરાવતા હતા. એમાં કોઈકનો તીક્ષ્ણ નખ સ્વામીશ્રીના વાંસામાં વાગી ગયો ! ઘણો ઊંડો કાપો પડ્યો હતો. પ્રેમમાં નેમ ન રહે. તેમ બધા આડેધડ સ્વામીશ્રીને સ્નાન કરાવતા. પણ સ્વામીશ્રીએ છેક સુધી કોઈને જણાવ્યું નહીં કે આ કાપો મને દરિયાના ખારા પાણી અડવાથી બળે છે ! લગભગ ૧૫-૨૦ દિવસ બાદ સ્વામીશ્રીને એ જગાએ રૂઝ આવી હતી.

યોગીજી મહારાજના સ્વધામ ગમન પછી સ્વામીશ્રીમાં પણ યોગીબાપા જેવું જ ઐશ્વર્ય છે કે નહીં તે જોવાની બહુ ઇચ્છા રહેતી અને એ લાભ પણ મળી ગયો.

તા. ૨૩-૮-૭૩નો દિવસ હતો. જંબુસર ગામમાં સ્વામીશ્રીએ સવારે ૧૦ વાગ્યે કહ્યું, 'આ વર્ષે વરસાદ નથી. ચાલો આપણે અગાશીમાં નહાવા જઈએ. મહારાજ વરસાદ વરસાવશે.' સ્વામીશ્રી અગાશીમાં પહોંચ્યા અને તરત વરસાદ શરૂ થયો ! સતત બે કલાક સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી તથા સંતો-યુવકો નહાયા હતા તે યાદ છે.

તા. ૧૧-૧૨-૮૬ના રોજ મુંબઈમાં સ્વામીશ્રી લખાલૂલા શેઠને ત્યાં પાર્લા પધારવાના હતા. બધા સંતો તે જાણતા. તેથી મંદિરે આરામમાં જતાં સ્વામીશ્રીએ સંતોને સૂચના આપી કે 'બધાએ અહીં જ રહેવાનું છે. કોઈએ પાર્લા નથી આવવાનું.' સૌએ તે આજ્ઞાનો બરાબર અમલ કર્યો. સ્વામીશ્રી જ્યારે પધાર્યા ત્યારે સંતોને કહ્યું, 'તમે બધા રાજી છો ને ? તમને ત્યાં આવવાની ના પાડી હતી એટલે દુઃખ નથી લાગ્યું ને !?' આ ભાવનાને શું કહીશું ? વહાલ ? કરુણા ? સમસંવેદના ? કે ત્રણેનો સંગમ ?!

તા. ૧૫-૧૨-૮૯ના રોજ સ્વામીશ્રી રાત્રે ૧૧-૩૦ વાગ્યે આરામમાં જતા હતા, ત્યારે બાથરૂમ તરફ જઈને આવ્યા. રૂમમાં સંતો ભરાઈ ગયા હતા. ખૂબ ગીરદી થઈ હતી. એવામાં કૃષ્ણપ્રિય સ્વામીના વજનદાર શરીરનો ધક્કો થાંભલાને વાગ્યો.

સ્વામીશ્રી કહે : 'પ્રીતમ, આની પ્રેસનોટ બનાવ.' મને એમ કે આ ગમ્મતમાં કહેતા હશે. પણ તેમણે બીજે દિવસે યાદ કરાવ્યું કે પ્રેસનોટ બની ? ત્રીજે દિવસે યાદ કરાવ્યું. એ જ દિવસે ઘડિયાળ ઉપરથી પડીને

ફૂટી ગયેલી તેની પણ નોંધ બનાવવા કહ્યું. ત્યારે કેવળ ગમ્મત ખાતર પ્રેસનોટ લખી. આ મુજબ છે :

'અક્ષર ભવનમાં પ્રાથમિક શાળાના છેલ્લા પિરિયડમાં સર્જાયેલી તંગદિલી.' (અમારા પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ, તા. ૧૫.

દાદર સ્વામિનારાયણ મંદિરમાં સંતો વિવિધ કલાઓ શીખે છે, જેવી કે સંગીત, ચિત્ર, સાહિત્ય વગેરે. તે પૈકી અધ્યાત્મવિદ્યા પણ શીખવવામાં આવે છે. આ વિદ્યામાં 'સહજાનંદ સ્મૃતિ' ગ્રંથ અઘરો હોઈ વિદ્યાર્થીઓને સાધના કરવામાં મુશ્કેલી પડે છે. તેથી શાળાના પ્રિન્સિપાલ પ્રમુખસ્વામી મહારાજ આ વિષય શીખવે છે.

ગઈકાલે તેઓશ્રી આ વિષય શીખવી રહ્યા હતા. રાતનો ૧૧-૩૦નો સમય હતો. એવામાં વધુ ભીડ થવાથી થોડી વિકટ પરિસ્થિતિ સર્જાઈ. એક સ્થૂળ દેહધારી વિદ્યાર્થી કે.પી. દાસના હલનચલનથી વર્ષો જૂનો એક થાંભલો હલી ઊઠ્યો હતો. થાંભલાને ઈજા થઈ કે નહીં તે હજુ જાણવા મળ્યું નથી.

આ લખાય છે ત્યાં સુધીમાં બીજો એક કિસ્સો એ બન્યો કે ગંધમાદન પર્વતનો મૂર્તિમાન અવતાર એવો એક વિદ્યાર્થી વર્ગમાં પ્રવેશ્યો, ત્યારે કેટલાક નાજુક નાકવાળા વિદ્યાર્થીઓનાં નાક છોલાઈ ગયાં હતાં. કેટલાક પંખો શોધવા લાગ્યા. કેટલાક બારી ખોલવાનો વિચાર કરવા લાગ્યા. ટૂંકમાં અખબારી ભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે નાનું એવું છમકલું સર્જાઈ ગયું હતું.

આ છમકલાથી એક યા બીજા કારણે દીવાલ પર ટીંગાયેલું એક ઘડિયાળ ભાંગીને ભૂક્કો થઈ ગયું હતું. આવાં તંગદિલીભર્યાં વાતાવરણમાં પણ શાળાના આચાર્યના મુખ પરની સ્થિતપ્રજ્ઞતા-દિવ્યતા એ આબાલવૃદ્ધ સૌને સ્પર્શી ગઈ હતી.'

આ પ્રેસનોટ સ્વામીશ્રીએ ખાસ વંચાવી હતી. ત્યારે તેઓ એકીટશે, ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. બાદ રાજીપો દર્શાવ્યો હતો. આ સ્મૃતિ એ માટે કરી છે કે ગંભીરતા, જ્ઞાન અને આધ્યાત્મના ઉચ્ચ શિખરે બિરાજતા હોવા છતાં તેઓ કેવા સહજ, હળવા, નિર્દોષ હોય છે ! તેનો પરિચય મળે.

તા. ૯-૧-૯૨ના રોજ નવનીત સમર્પણમાં છપાયેલો 'યજ્ઞવિજ્ઞાન'

વિષેનો મારો લેખ શ્રુતિપ્રકાશ સ્વામી વાંચી રહ્યા હતા. તેમાં શાસ્ત્રી પ્રીતમપ્રસાદદાસ આવ્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'પ્રીતમ શાસ્ત્રી થયા છે ?' કોઈકે કહ્યું, 'આચાર્ય થયા છે.' સ્વામીશ્રી કહે : 'તો પછી આચાર્ય લખવું.'

સંતોએ કહ્યું, 'આપે એકવાર સાધુ લખવા કહ્યું હતું તેથી સાધુ લખે છે.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. સાધુ જેવી કોઈ પદવી નથી. મહારાજે કહ્યું છે માટે સાધુ જ લખવું.'

તા. ૧૦-૯-૯૩ના રોજ ઘનશ્યામપ્રસાદ સ્વામીએ પાર્લા વિભાગની પારાયણનો રિપોર્ટ સ્વામીશ્રીને આપ્યો. તેમાં ગુજરાતી સાહિત્યના પીઢ સાહિત્યકાર ગુલાબદાસ બ્રોકરે મારા 'ચરણકમલના ફૂલ' પુસ્તકનું વિમોચન કર્યું તે વાત કરી. ગુલાબદાસ બ્રોકરે સંસ્થાની, સ્વામીની પ્રશંસા કરી એવા સંતો આ સંસ્થામાં છે, તે આનંદની તથા ગૌરવની વાત છે એમ કહ્યું હતું. સ્વામીશ્રીએ કહ્યું, 'આ ઢેફા જેવામાંથી સોના જેવા થયા છે. ભાવડા જેવામાંથી મહાન થયા છે તે જોગીબાપાની દૃષ્ટિ.'

ક્યારેક પ્રેસનોટ લખવામાં ભૂલ કરી હોય ત્યારે હેતથી ઠપકો પણ આપ્યો હોય તેવું યાદ છે. છેલ્લે અમૃત મહોત્સવમાં એક પ્રેસનોટમાં મેં ભૂલ કરી હતી, ત્યારે સ્વામીશ્રીએ ભોજન કરતાં કરતાં સંતોની હાજરીમાં જ કહ્યું, 'ખોટી મહત્ત્વાકાંક્ષા ન રાખવી. તને એમ કે હું બધાને માહિતી આપી દઉં. પણ ઉતાવળ ન કરવી. બધાએ મળીને કરવું.'

આ બાબત થોડા ઠપકારૂપે કહી હતી અને એ જરૂરી હતી. પણ સ્વામીશ્રીએ તેની કડવાશ જરા પણ મનમાં ન રાખી. અમૃત મહોત્સવના છેલ્લા દિવસે એમને હાર પહેરાવવા ગયો ત્યારે પોતે ઘણા વ્યસ્ત હતા. છતાં વહાલ કર્યું. મારા સામે જોઈને હાસ્ય વેર્યું ત્યારે કોઈક અનોખો રોમાંચ થયેલો.

સ્વામીશ્રીની બાળ સહજ નિર્દોષતા અનેકવાર સ્પર્શી ગઈ છે. તા. ૧૩-૧૧-૮૮ના રોજ આફ્રિકાના મસાઈમારા વિસ્તારમાં મસાઈ બાળકો ડાંગ પકડીને નૃત્ય કરતા હતા. ત્યારે એક બાળકની ડાંગ લઈને, સ્વામીશ્રી તેઓ ભેગા મોટેરાઓ તથા અન્યની શરમ રાખ્યા વગર નૃત્ય કરવા લાગ્યા હતા. એ સમયે એમની આંખોમાં બાળ સહજ નિર્દોષતા હતી તે હજુ ભૂલી શકાઈ નથી.

'આપણે તો એક અક્ષરધામમાં પહોંચવું છે' એ ધ્યેય સ્વામીશ્રીએ

અનેકવાર રખાવ્યું છે. તે માટે જાગૃતિ રખાવી છે. તા. ૭-૧૨-૮૮ના રોજ કિસુમુ શહેરમાં બપોરે ભોજનબાદ વચનામૃત ગ.મ. ૪૫ વંચાવતા હતા. ત્યારે વચ્ચે મને પૂછ્યું, 'તારે બદરિકાશ્રમમાં જવું છે ?'

'ના.'

'તો ક્યાં જવું છે?'

'અક્ષરધામમાં.'

સ્વામીશ્રીએ કહ્યું, 'આમાં તો બદરિકાશ્રમમાં જવાનું કહે છે ને ?'

મેં કહ્યું, 'એ તો વાસનાવાળા માટે છે.'

સ્વામીશ્રીએ તરત કહ્યું, 'બસ, તો વાસના રાખવાની નહિ. જરા પણ કસર રાખવાની નહીં, ગાફલાઈ રહે તો વચ્ચે રહી જવાય.'

* * *

૧૯૮૦માં હું અમદાવાદમાં સખત બીમાર પડ્યો હતો. ડૉ. પી.ટી. પટેલે જલદી સાજો કરવા હાઈપાવરની ગોળી આપી. તે ઊલટી વધારે ગરમ પડી. પરિણામે કેસ ઘણો ગંભીર થઈ ગયો. પણ થોડા દિવસે સ્વામીશ્રીની દયાથી સાજો થઈ ગયો. મેં સ્વામીશ્રીને આ બાબતે પત્રમાં જણાવેલું ત્યારે સ્વામીશ્રીએ લખ્યું : 'તમે ધામમાં જવાના હતા, આ તમને નવો જન્મ મળ્યો છે. તો જીવનના છેલ્લા શ્વાસ સુધી સત્સંગ અને સત્પુરુષને સંસ્થાની સેવા થાય તે માટે આપ્યો છે. તો અખંડ જાણપણું રાખીને, સર્વ પ્રકારની સેવામાં પ્રવૃત્ત થવું. કોઈપણ સેવાનું કામ ન ફાવે તેમ નહીં. બધાં કાર્યમાં ઉત્સાહથી મંડવું... મહારાજે રક્ષા કરી તે તમારી સેવાનું ફળ છે...'

આમ, સ્વામીશ્રીએ કાળને પાછો ઠેલીને એક્સટેન્શન કરી આપ્યું છે. આ બાબતનો વિચાર સ્વામીશ્રીની કૃપાથી કાયમ રહે છે.

આપણો મનુષ્ય સ્વભાવ છે કે અનેકવાર સાંભળ્યું હોય, વાંચ્યું હોય કે વિચાર્યું હોય, છતાં ક્યારેક ધ્યેય ભૂલી જવાય. એક વખત સ્વામીશ્રી પાસે મારો 'ધર્મ અને વિજ્ઞાન' લેખ વંચાતો હતો ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું, 'પ્રીતમ, તારે ચંદ્રલોકમાં ક્યારે જવું છે ?'

'આપ મોકલો ત્યારે. હું તો તૈયાર જ છું.'

'તારી શું ઇચ્છા છે ?'

'આપની જે ઇચ્છા હોય તે મારી ઇચ્છા.' મેં સહજ કહ્યું.

'એમ ! આપણે અક્ષરધામની વાત કરવી. વિજ્ઞાનમાં વિજ્ઞાન એ જ કે ત્યાં જવું અને તેનું સુખ લેવું.' સ્વામીશ્રીએ ધ્યેયનું જાણપણું આપી દીધું.

સ્વામીશ્રીના યોગમાં આવનાર કેટલાક પત્રકારો તેમજ સાવ નવા જ માણસોને મળવાનું થયું છે, ત્યારે તેમના દ્વારા જે જાણવા મળ્યું તે પણ ખરેખર અલૌકિક છે.

તા. ૨૪-૯-૮૯ના રોજ જન્મભૂમિના રિપોર્ટર શ્રી જીતુ સોમપુરાને લઈને હું સ્વામીશ્રી પાસે ગયો. તેણે સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ લીધો હતો તે કોપી પણ સ્વામીશ્રીને આપી અને આશીર્વાદ માગ્યા. પછી કહ્યું. 'આપે મને પૂર્વે શરાબ છોડાવ્યો હતો તે હાલ બંધ છે. વચ્ચે થોડો સમય ચાલુ થઈ ગયો હતો પણ પછી આપ મને યાદ આવી ગયા, આવી શરાબ પીવાની ઑફર ઘણી આવે છે, પણ જ્યારે પીવા જાઉં છું ત્યારે આપ મને દેખાવ છો, એટલે પીવાનું મન જ નથી થતું. તમે જ દેખાઓ છો.' આ પ્રસંગ સાંભળીને સ્વામીશ્રીનો પ્રભાવ જોવા મળ્યો.

એકવાર અમે સોલાપુર જિલ્લાના બાર્શી ગામે ગયા હતા. ત્યાં રાત્રે જાહેરસભામાં એક મુસ્લિમ કાજીએ સંતોના આગમન અને સત્કાર અંગે પ્રવચન કર્યું. પ્રવચન કરતાં કરતાં તેઓ રડી પડ્યા.

બન્યું એવું હતું કે ચારેક મહિના પહેલા તેને એક સ્વપ્ન આવ્યું હતું. તેમાં તેને એક સાપ દેખાયો હતો. મુસ્લિમો માને છે કે સ્વપ્નમાં સાપ દેખાય તે મૃત્યુનો સંકેત છે, તેથી તેઓ ધ્રૂજી ગયા. સાપ એમની પથારી પર જ ફેણ ચડાવીને બેઠો હતો. ખસતો ન હતો. એવામાં તેને એક હિન્દુ ફકીર દેખાયા. એ ફકીર હતા : પ્રમુખ સ્વામી મહારાજ ! સ્વામીશ્રીએ તેને કહ્યું, 'એ સાપને હડસેલો મારી દે, કાંઈ નહીં કરે.' પણ તેનામાં તેમ કરવાની હિંમત ન હતી, તેથી સ્વામીશ્રીએ સાપને હડસેલો માર્યો, એટલે સાપ ત્યાંથી નીકળી ગયો.

ગભરાયેલા કાજી સાહેબે ખરેખર જાગીને જોયું તો સાચે જ એમની પથારી પાસેથી એક સાપ સડસડાટ પસાર થતો હતો. સ્વામીશ્રીની મૂર્તિ તેમના હૃદયમાં જડાઈ ગઈ હતી. સ્વામીશ્રી વિષે તેમને વધારે પરિચય ન હતો. એવામાં બીજા દિવસે તે ત્યાંના સૂર્યકાન્તભાઈ નામના હરિભક્તની દુકાન પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યાં દુકાનમાં સ્વામીશ્રીની પૂર્ણ કદની તસવીર જોઈને તેમને મનમાં થયું કે મને કાળના મુખમાંથી બચાવ્યો હતો તે

આ જ વિભૂતિ છે. તેમણે તરત સરનામું શોધ્યું અને દર રવિવારે આપણી સત્સંગ સભામાં આવવાનું શરૂ કર્યું. સ્વામીશ્રી જ્યારે ૧૯૯૧માં આફ્રિકા હતા, ત્યારે તેમણે સ્વામીશ્રીને અરબી ભાષામાં તેમજ હિન્દી ભાષામાં પત્ર લખ્યો હતો. પછીથી સ્વામીશ્રી જ્યારે ભૂકંપનાં કાર્ય અંગે બાર્શી પધાર્યા ત્યારે તેમણે જાહેરસભામાં સ્વામીશ્રીને આ પ્રસંગ સંભળાવ્યો હતો. સ્વામીશ્રી દ્વારા આવા ચમત્કારો અવારનવાર બનતા રહે છે. પણ તેમને મન તેનો જરા પણ ભાર નહીં કે ન તો કર્તાપણાનું માન-ગુમાન ! બહુ જ સહજભાવે તેઓ સમર્થ થકા જરણા કરતા આવે છે.

* * *

પ્રબોધજીવન સ્વામી

ગાંધીનગર

૧૯૭૧ ધર્મજમાં એ.પી.પટેલ તરફથી અગિયાર દિવસનું પારાયણ હતું. તેની પૂર્ણાહૂતિ તથા સ્વામીશ્રીનો ૫૧મો જન્મજયંતી મહોત્સવ સાથે જ ઊજવાયા. ધર્મધુરા ધારણ કર્યા પછીનો સ્વામીશ્રીનો એ પ્રથમ જન્મજયંતી મહોત્સવ હતો.

પારાયણ પ્રસંગમાં સંત સ્વામી સવારે કથામૃતનો લાભ આપતા અને સાંજે નારાયણભગત કથા વાંચતા. પાર્ષદ તરીકે હું તેમની જોડમાં રહેતો.

એક દિવસ રાત્રે સ્વામીશ્રી વાળુ કરીને બિરાજ્યા હતા. વાત વાતમાં મને ઊભો કરીને કહે કે, 'કથામાં શું આવ્યું ? યાદ છે ?' તે દિવસે નારાયણ ભગતે હરિલીલામૃતમાંથી દુધાધારી બાવાનું આખ્યાન વાંચેલું તે મને જેવું યાદ હતું તેવું મારી ગામઠી ભાષામાં સ્વામીશ્રી સમક્ષ વર્ણવ્યું. તેમાં 'આલે લે.' 'હન્ધાય' એવા મારા તળપદી શબ્દો સાંભળી સ્વામીશ્રી ખૂબ હસ્યા ને ગમ્મત કરાવી. તે પછી તો સ્વામીશ્રી મને તે શબ્દોની અવારનવાર યાદી અપાવે અને પત્ર લખે તેમાં પણ આ શબ્દોનો ઉલ્લેખ કરીને લખતા કે, 'હન્ધાયની સેવા કરજે તો માથામાં રોગ થયો છે તે મટી જશે.'

સાવ નાની ઉંમરમાં માતાપિતાનું વાત્સલ્ય આપીને સ્વામીશ્રીએ મને આગળ વધાર્યો છે.

* * *

બોચાસણમાં ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી સભામંડપના છેડે આવેલા એક રૂમમાં પધાર્યા. ત્રિભાકાકા અને જી.કે. સ્વામી (ગોવરધનભાઈ)નો આ રૂમ.

ત્રિભાકાકાને ખબર અંતર પૂછ્યા. સાથે સાથે એ પણ પૂછી લીધુ કે આ બન્ને વડીલોની દેખભાળ કોણ રાખે છે ? કોઈ બોલ્યું કે પ્રબોધજીવન રાખે છે. સ્વામીશ્રી મને બોલાવીને વાત કરવા લાગ્યા : 'આ ત્રણ જણા

ત્રિભાકાકા, જી.કે. સ્વામી અને છોટાકાકા. ધોળે લૂગડે સાધુ છે. શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા છે. સત્સંગની ખૂબ સેવા કરી છે માટે તારે વ્યવસ્થિત સંભાળ રાખવી. જોઈતું કરતું લાવી આપવું. રસોઈમાં પણ જે ઈચ્છા હોય, અનૂકુળ આવતું હોય તેમ કરવું.'

સ્વામીશ્રીની અપાર મહિમાદૃષ્ટિ અને દાસના દાસ થવાની ભાવના સહજ જણાઈ આવતી હતી.

* * *

૧૯૮૭, ઉત્તરખંડની યાત્રા પછી જગન્નાથપુરી જતાં અમારી ગાડીનો કટક પાસે જબ્બર અકસ્માત થયેલો. તેમાં મારા ડાબા પગના ઢીંચણથી ઉપર નીચેના હાડકા દોઢવાઈ ગયા. મુંબઈના આર્થોપેડીક નિષ્ણાત ડૉ. વેંગસરકરને બતાવ્યું તો તેમણે કહ્યું કે અંદરના લીગામેન્ટ્સ ખલાસ થઈ ગયા છે. પરિણામે કાયમી પરવશ રહેવું પડે, ભારે કામકાજ કોઈ થઈ શકે નહીં. આવી વાતો સાભળી મારા મનમાં ઘણી જ મૂંઝવણ રહ્યા કરતી કે કાયમી આવું રહેશે તો કોઈ પણ સેવા થઈ શકશે નહિ. આથી મનોમન મહારાજને તથા સ્વામીશ્રીને ઘણી પ્રાર્થના કરી.

ડૉ. કિરણભાઈ દોશીનું કહેવું એવું હતું કે પ્રસિદ્ધ આર્થો. સર્જન ડૉ. ધોળકિયાને બતાવી જોઈએ, કદાચ કોઈ રસ્તો નીકળે. પરંતુ તેઓનો પણ એ જ અભિપ્રાય આવ્યો. વળી કહ્યું કે, ઓપરેશન કરાવી નવાં લીગામેન્ટ્સ નાખવાં પડે ને તેમાં પણ સંપૂર્ણ સારું તો ન જ થાય.

આ સમયે સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. પાંચમે માળે સ્વામીશ્રી ઉતારે પધાર્યા. ત્યારે હું ત્યાંજ લાકડીને ટેકે ઊભો હતો. સ્વામીશ્રીએ મને જોયો કે તરત મારી પાસે આવ્યા ને પૂછ્યું : 'કેવું છે ?' મેં જે કઈ તકલીફ હતી તે વર્ણવી. સ્વામીશ્રીએ પોતાનો પવિત્ર હાથ મારે ઢીંચણે-પગે ફેરવ્યો ને કહ્યું કે કાંઈ કરવાની જરૂર નથી. સારું થઈ જશે... એ વખતે તો આ વાત મારા મનમાં ન બેઠી. પણ બે જ દિવસમાં જ્યારે સારું થવા લાગ્યું. ને થોડા જ દિવસમાં તો પગમાં કોઈ પ્રકારની ખોટ ન રહી ત્યારે આશ્ચર્યનો પાર ન રહ્યો. ડૉક્ટરો પણ ચકિત થઈ ગયા. કેવળ કરુણા કરીને મને સેવા આપવા માટે જ સ્વામીશ્રીએ આ ઐશ્વર્ય વાપર્યું હોય તેમ લાગ્યા કરે છે...

* * *

૧૯૮૬માં સ્વામીશ્રીને થાપામાં ગાંઠનું ઓપરેશન કરાવ્યું. પછી પોતે ખંભાલા હિલ હોસ્પિટલમાંથી દાદર મંદિરે પધાર્યા. પલગમાંથી ઊભા થવાની ડૉક્ટરની મનાઈ હતી. રાત્રે સ્વામીશ્રી આરામમાં હોય ત્યારે જાગવાની ને જરૂરી વસ્તુ કે સુવિધા જાળવવાની સેવા મને મળી હતી. એક દિવસ રાત્રે દોઢ થી બે વાગ્યે સ્વામીશ્રી પડખું ફેરવ્યું ને કહે : પેશાબ કરવો છે. તેથી પલંગમાં બેઠા કર્યા. પછી સ્વામીશ્રીને કહ્યું કે 'કેડ દબાવું ?' સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહીં.. તેથી મૌનં સંમતિલક્ષણમ્' એમ સમજીને મેં કેડ દબાવવાની શરૂ કરી તે ૫૫ મિનિટ સુધી સેવાનો મોકો મળ્યો. પણ મને મનમાં થયું કે, સ્વામીશ્રીને કેડ કેટલી બધી દુઃખતી હશે,તે આટલો સમય સેવા આપી !

આવું તો કેટલુંય મુંગે મોંએ સહન કરી લેવાનો એમનો જન્મસિદ્ધ સ્વભાવ છે !

* * *

૧૯૯૦, કાર્ડીફ, ઇંગ્લેન્ડ, સ્વામીશ્રી સાથે અમે પાચ સંતો હતા. સાંજે ૬-૦૦ થી ૮-૦૦ દરમ્યાન એક હૉલમાં જાહેર સ્વાગત સભા રાખવામાં આવી હતી. સ્વામીશ્રીના આશીર્વાદનો પ્રારંભ થયો ને હું તથા કૃષ્ણપ્રિય સ્વામી ઠાકોરજીના થાળ માટે ઉતારે જવા નીકળી ગયા. આવીને જોયું તો સમય ઓછો હતો ને ઘણી તૈયારી બાકી હતી. અમે ઉતાવળે બધુ તૈયાર કરી દીધું. ને થાળ થઈ રહ્યો તેવામાં સ્વામીશ્રી પધાર્યા. ઉતારો બીજે હોવાથી ભોજન માટે બિરાજ્યા ને હાકલ કરી કે 'પ્રબોધ, થાળ લાવ.' ઉતાવળમાં અડધું લીધું ન લીધું ને થાળ લઈને હું આવી ગયો. જમતાં જમતાં જેમને ઘેર જમવાનું હતું તેમની વાતો સાભળતાં રહ્યા. છેલ્લે ખીચડી જમી રહ્યા. તેમાં મેં આગ્રહ કરીને કઢી થોડી વધારે આપી. સ્વામીશ્રીએ પ્રથમ તો ના પાડી. પણ પછી લઈ લીધી. જેવા જમી રહેવા આવ્યા. ત્યાં નારાયણચરણ સ્વામી આવ્યા. કહ્યું કે 'કઢી ન આપતા. ખરાબ છે. ગંધાય છે !'

મે જઈને તપાસ કરી તો ખબર પડી કે જે વસ્તુને દહીં સમજીને મેં તેની કઢી બનાવી હતી તે દહીં નહોતું, ફ્રીજમાં ઘણા દિવસની ભેગી થયેલી મલાઈ હતી ! સાવ વિચિત્ર સ્વાદ હતો. મારાથી ઉતાવળમાં ચાખવાનું પણ વીસરાઈ ગયું હતું. સ્વામીશ્રી તો જમી ગયા ! પણ મારા મનમાં બળતરા થવા લાગી કે મારી ગાફલાઈને કારણે સ્વામીશ્રી તબિયતના ભોગે જેવું તેવું

સ્વામીશ્રીને જમાડી દીધું. વળી બીજે દિવસ જ્યારે સવારે સ્વામીશ્રી અલ્પાહાર કરતા હતા ત્યારે પણ આ વાત નીકળી. સ્વામીશ્રી પણ બોલ્યા કે, 'એક વાર મનમાં પણ વિચાર આવ્યો કે પત્તરની બહાર કાઢી નાખું પણ ...' તેમાં વળી મેં વધારે આપી. તે પણ જમી ગયા. એ વખતે મે માફી માગી. 'બાપા ભૂલ થઈ ગઈ...' સ્વામીશ્રી કહે : 'ઠાકોરજી જમ્યા પછી આપણે શું વાંધો છે ?'

આ નિઃસ્વાદી પુરુષને ઠાકોરજીનું એટલું અવિચળ અનુંસધાન રહે છે કે કોઈ જ દુન્યવી તકલીફો તેમને મન તકલીફ જણાઈ જ નથી !

* * *

૧૯૯૦, સ્વામીશ્રી લંડનથી પ્રેસ્ટન પધાર્યા. એકાદશીનો દિવસ હતો. બપોરે સ્વામીશ્રી ફરાળ લઈ રહ્યા હતા. અચાનક જ મને પ્રશ્ન કર્યો કે ઠાકોરજીને શીરો ને પૂરીનો થાળ કર્યો ? મેં કહ્યું : 'ના, ફરાળી વાનગીઓ ઘણી હતી. મીઠાઈઓ પણ હતી.' સ્વામીશ્રી કહે : 'હવે અત્યારે તો હરિકૃષ્ણ મહારાજ પોઢી ગયા છે. રાત્રે વ્યવસ્થિત થાળ કરજે.'

ઘણા સમયથી રસોઈની સેવામાં હોવા છતા પણ આવું જાણપણું સમયે રહેતું નહીં. જ્યારે સ્વામીશ્રીને તો હૃદયમાં ઠાકોરજી પ્રત્યેની સૂક્ષ્મભક્તિ છે, તેથી તેઓશ્રીના ધ્યાન બહાર તો આ વાત જાય જ ક્યાંથી ?

* * *

તા. ૩૧-૧૨-૧૯૯૫, અમૃત મહોત્સવનો આ છેલ્લો દિવસ હતો. સવારે પૂજા બાદ સ્વામીશ્રી સ્ટેજ પરથી લીફટમાં નીચે ઊતરી રહ્યા હતા. સામે જ મર્ક ઉભી હતી. લીફટની બાજુમાં હું ફુડસ્ટોલના રસોઈઆઓને લઈને દર્શન આશીર્વાદ અપાવવા ઊભો હતો. સ્વામીશ્રી પધાર્યા. ઉતાવળમાં રસોઈયાઓ થોડા ઘાંઘાં થઈ ગયા. મેં તેમને જ કહ્યું કે આ બાજુથી દર્શન કરી સામે નીકળી જાવ. તેવામાં એક જણનું ચપ્પલ નીકળી ગયું ને ધકેલાઈને ગાડી નીચે ચાલ્યું ગયું. સ્વામીશ્રી આ જોઈ ગયા. તરત મને કહે : પેલાનું ચપ્પલ લઈને આપી દે. બીજી બાજુ હું ઓળખાણ આપી રહ્યો હતો. સામે ઊભેલા કોઈ યુવકે લઈને ચપ્પલ આપી દીધું. પણ સ્વામીશ્રીને મન હજુ સંતોષ નહોતો. બે ત્રણ વખત યાદ અપાવ્યું. શું થયું ? પેલાને ચપ્પલ મળી ગયું ? કેટલી બધી ચોકસાઈ ! પેલા રસોઈયાઓને મનમાં થઈ ગયું.

આટલા મોટા ઉત્સવમાં હજારો મોટા માણસો આવે છે છતાં સાવ નાનામાં નાના આપણા જેવા માણસો માટે સ્વામીશ્રીની ભાવના અને દૃષ્ટિ કેવા નિર્મળ, પ્રેમભર્યા અને સહજ છે !

* * *

અક્ષરેશ સ્વામી

સારંગપુર

ભગવાન માટે કહેવાયું છે : 'રસૌ વૈ સઃ' ભગવાન સ્વયં રસરૂપ છે. શ્રીજીમહારાજના જીવનમાં આ સત્ય આપણને સહજ દેખાઈ આવે છે. તેઓ જગતથી જેટલા ઉદાસી હતા તેટલા જ ભક્તો-સંતોના સાથમાં ઉલ્લાસી હતા. શ્રીજીમહારાજે પોતાની રસિકતાથી કેટલાય પરમહંસોના સંગીત, સાહિત્ય અને કલાને પોષ્યા. આજે એ જ શ્રીજીના અખંડ ધારક એવા સ્વામીશ્રીમાં પણ મહારાજની આ છાયા અદલ ઝીલાઈ છે. રસરૂપ સ્વામીશ્રીમાં પણ એ રસ વિદ્યમાન છે, તેનો અનુભવ ઘણી વાર થયો છે.

આજે સંપ્રદાયમાં સંતચિત્રકારો, સંતશિલ્પીઓ - સ્થપતિઓ અને સંગીતજ્ઞો છે, તે સ્વામીશ્રીની કલાપોષકવૃત્તિને જ આભારી છે. મારી પાસે એવી જ સ્મૃતિઓ છે, જેમાં એમણે સંગીતને પોષણ આપ્યું હોય અને અમારી થોડીક કલાને પ્રોત્સાહન આપ્યું હોય...

જ્યારે પણ કીર્તન ગાઈએ ત્યારે આંખના મટકે ને કરના લટકે તેઓએ સુખ આપ્યું છે. પ્રોત્સાહિત કર્યા છે. ગાયેલાં કીર્તન પર સચોટ નિરૂપણ કરીને તે કીર્તન અને કીર્તનના ઉપદેશને ભક્તોના હૃદયમાં જડી દીધા છે. કલાના આવેગમાં જીવન ફંટાઈ ન જાય, અને કલા પૂર્ણપણે ભક્તિમાં જ રમે અને વિરમે તેની તકેદારી પણ તેઓએ રાખીને ઘણા ઉપકાર કર્યા છે. તેની કેટલીક સ્મૃતિઓ અત્રે રજૂ કરું છું.

એક વખત રાજકોટમાં કીર્તન આરાધનાનો કાર્યક્રમ હતો. નગરના પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ આરાધના હતી. સ્વામીશ્રી પણ પધારવાના હતા. અમે સૌ સંગીતજ્ઞ સંતો સારંગપુરથી નીકળી બપોરે રાજકોટ પહોંચ્યા. ચારેક વાગે હું એક સંત સાથે આરાધનાના સ્થળે વ્યવસ્થા માટે વહેલો નીકળી ગયો. આ બાજુ સાંજે સ્વામીશ્રી પ્રસાદ ગ્રહણ કરી રહ્યા હતા, ત્યારે કોઈકે કહ્યું, 'આજે આરાધના છે ને વરસાદ ઝીણા ફોરે શરૂ થયો

છે.' તે વખતે સ્વામીશ્રી વરસાદની ખેંચને અનુલક્ષીને બોલ્યા : 'કીર્તનિયા ભેગા થયા છો, તો મેઘમલ્હાર ગાઓ તો વરસાદ પડે.' પછી બીજી વાતચીત થઈ અને સ્વામીશ્રીએ પ્રસાદ ગ્રહણ કરી લીધો, એટલે સૌ સંતો કાર્યક્રમના સ્થળે આવ્યા. ત્યાં સંતોએ મને બપોરે બનેલા પ્રસંગની વાત કરી. એટલે મને થયું કે સ્વામીશ્રીએ કહ્યું છે તો આપણે તે રાગ આજે રાત્રે જ ગાવો. હું 'દરબારી કાનડા' રાગનું કીર્તન ગાવાનો હતો તે બદલ્યું ને 'સુન સુન સજની આઈ ઘટા...' એ કીર્તન મેઘમલ્હારમાં ગાવાનું નક્કી કર્યું. સમય થોડો હતો. પણ સૂર, સ્વર ને સાધનનું નિયોજન કરી, તે રાગ ગાયો ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજી થયા. ઉપરથી વર્ષા થઈ ન થઈ તે ગૌણ છે, પણ સ્વામીશ્રીની અમીવર્ષા થઈ તે ચિરસ્મરણીય છે. એક આહ્‌વાન આપીને પ્રોત્સાહન આપવાની આ તેમની અનોખી રીત છે. અચાનક જ નવો રાગ, કીર્તન ગાવાનું થાય ત્યાં આ રીતે તેમણે ઘડેલું કલેવર ઘણી મદદ કરે છે.

ઘણી વખત કીર્તન ગાતાં ગાતાં પણ મરક-મરક સામું જોતા જાય, ને આરોહ-અવરોહ સાથે વિવિધ ચેષ્ટા દ્વારા સુખ આપતા જાય. એવી લીલાનો લાભ પણ આપ્યો છે.

૮ માર્ચ, ૧૯૯૫માં સ્વામીશ્રી મહુવા પધાર્યા હતા. સંતો સારંગપુરથી કીર્તન આરાધના માટે પહોંચ્યા. સાંજના સમયે સ્વામીશ્રી ઉતારામાં હતા અને આરાધના શરૂ થઈ. પ્રથમ કીર્તને જ સ્વામીશ્રી સભામાં પધારી ગયા. સ્ટેજ પર કીર્તન ભક્તિ કરનાર સંતો વચ્ચે જ સ્વામીશ્રીનું આસન રાખવામાં આવ્યું હતું. કીર્તને કીર્તને અનુરૂપ હાવભાવ કરતાં સ્વામીશ્રીનાં દર્શન વિશિષ્ટ હતાં. મેં 'હરિ વિના હિતકારી બીજું કોઈ તારું નથી...' એ કીર્તન શરૂ કર્યું. સ્વામીશ્રીએ સ્ટેજ પરના સંગીતજ્ઞ સંતોને ઉદ્દેશીને વાતો કરવા માંડી. ફક્ત ગાનાર અને વગાડનાર ૩-૪ સંતો સિવાય બધા જ સંતો સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા. સ્વામીશ્રીને મન જાણે સભા હતી જ નહિ. કીર્તનની કડીએ કડીએ નિરૂપણ કરતાં, સંતોના પ્રશ્નોના જવાબો આપતાં સ્વામીશ્રીની એ હેતાળ છબી આજે પણ સંતો ભૂલી શક્યા નથી. જો કે તેમના આવા સ્નેહાળ સાન્નિધ્યનો અનુભવ તો શરૂઆતથી જ થતો આવ્યો છે.

દીક્ષા લીધાને દોઢ-બે વર્ષ થયાં હતાં, ને હું સ્વામીશ્રી સાથે સૌરાષ્ટ્રના

વિચરણમાં લાભ લેવા જોડાયેલો. ફરતાં-ફરતાં અમે સૌ રાજુલા આવ્યા. અહીં જયંતીભાઈ ભટ્ટના ઘરે ઉતારો હતો. બધા થાક્યા હતા. આવીને સૌ જમ્યા ને આરામની તૈયારી કરતા હતા, ત્યાં જ વીજળી ગઈ. ઉનાળાનો સમય હતો એટલે અસહ્ય ગરમી લાગે. તે વખતે સ્વામીશ્રી પણ પરસાળમાં જ સૂતા હતા. તેમની આજુબાજુ મોદ લટકાવી ઓરડા અને અંધારાનો આભાસ અમે ઊભો કરેલો. લાઈટો ગઈ એટલે દેવચરણ સ્વામીએ મને પંખો આપી સ્વામીશ્રીની સેવામાં રહેવા કહ્યું. હું સ્વામીશ્રીના મસ્તક પાસે બેસી, પંખા વડે પવન નાખવા લાગ્યો. થોડો સમય સેવામાં વીત્યો ને મારી આંખો પણ ઘેરાવા લાગી. થોડીવાર સુધી તો મેં ઊંઘને ઠેલવા પ્રયત્ન કર્યો. પણ પછી હું ક્યારે નિદ્રા સામે હારી ગયો તેની મને પણ ખબર ન રહી. ને હું સૂઈ ગયો. ઊંઘમાં ને ઊંઘમાં સ્વામીશ્રીના ઓશિકા પાસે જ માથું ટેકવાયું. થોડીવાર બાદ સ્વામીશ્રી ઊઠી ગયા. એમણે જોયું હશે કે હું ઊંઘું છું, તેથી કંઈ જ હરકત ન થાય તેમ સાવ ધીરેથી બેઠા થયા, પણ સેવકો આવી ગયા, ને જેને જેને ખબર પડી તે પણ સ્વામીશ્રી પાસે આવવા લાગ્યા. તેઓએ જોયું કે હું ઊંઘું છું. એટલે મને જગાડવા લાગ્યા. પણ સ્વામીશ્રીએ સૌને ના પાડી. ને મને સૂવા દીધો. પછી તો સ્વામીશ્રી સ્નાન કરી પ્રસાદ લેતા હતા ત્યારે હું જાગ્યો. જાગીને જોયું તો બધા સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા. હું ઝંખવાણો પડી ગયો. શું કરવું, શું ન કરવું ? તેની અવઢવમાં ત્યાં જ બેસી ગયો. તેવામાં સ્વામીશ્રીએ મને પાસે બોલાવ્યો ને પ્રસાદી આપી. અપાર વાત્સલ્યના પ્રસાદનો એ સ્વાદ આજે પણ અકબંધ છે.

શિષ્યની ગુસ્તાખીને છેક સુધી ભૂલી જનાર આવા ગુરુ ક્યાં મળે ? ભૂલને ભૂલીને ભલું કરનાર, હેતુ વિના હિતની ભાવનાથી હેત કરનાર આવા ગુરુ બીજે ક્યાં મળે ?

* * *

યોગી શતાબ્દી પછીના દિવસો હતા. મહોત્સવમાં સંગીતની સૂઝવાળા ઘણા યુવકોએ દીક્ષા લીધેલી. એટલે તેમને વિશેષ તાલીમ આપવા મને સ્વામીશ્રીએ મુંબઈથી સારંગપુર રહેવા જણાવ્યું. ૨૦-૨૫ વર્ષથી મુંબઈ રહેલા, પણ સ્વામીની આજ્ઞા પાળી એટલે રાજી થયા. અને પોતે જ્યારે સારંગપુર પધાર્યા ત્યારે ત્યાંના રોકાણ દરમ્યાન સારું સુખ આપ્યું. થોડા

દિવસ પછી સ્વામીશ્રી સારંગપુરથી વિદાય લઈ રહ્યા હતા. ઠાકોરજીનાં દર્શન કરી સ્મૃતિમંદિરે પધાર્યા. વિદાય વેળાએ હકાબાપુએ સ્વામીશ્રીને ગુલાબનો ભવ્ય હાર પહેરાવ્યો. સામાન્ય રીતે સ્વામીશ્રી હાર સ્વીકારીને તરત જ અર્પણ કરનારને જ પાછો પહેરાવી દેતા હોય છે. આ વખતે બધાની કલ્પના આવી જ હતી. પણ સ્વામીશ્રીએ તે હાર પોતાના જમણા હાથ પર રાખી મૂક્યો, ને એક સંતને કહે : 'અક્ષરેશને બોલાવો...' ભીડમાં હું તો પાછળ ઊભો હતો. ત્યાં તે સંત આવ્યા અને મને સ્વામીશ્રીની વાત કરી. મને આશ્ચર્ય થયું કે કેમ બોલાવતા હશે ? વિચારમાં ને વિચારમાં ત્યાં પહોંચ્યો, ને સ્વામીશ્રીને પગે લાગું ત્યાં જ પેલો હાર મને પહેરાવી દીધો. પ્રેમથી કહ્યું : 'લ્યો, આ હાર પહેરો. અહીં શાસ્ત્રીજી મહારાજના સ્થાનમાં રહી હવે બધાને તમારા જેવા તૈયાર કરો. ડંકો વાગી જાય.' સ્વામીશ્રી જે વહાલ વરસાવી રહ્યા હતા, તે વર્ણવવું અશક્ય છે. મનમાં થોડીક ચિંતા હતી તે આ વર્ષામાં તણાઈ ગઈ. અકારણ દયા કરીને તેઓએ આવી ઘણી ઘણી સ્મૃતિઓ આપી છે. તે સંભારતા ગદ્‌ગદ થઈ જવાય છે.

કીર્તન ભક્તિની બાબતમાં સ્વામીશ્રીને સાંપ્રદાયિક કીર્તનો પ્રસાર પામે, ઘરે ઘરે ગુંજતા થાય તે બહુ ગમે. આ વારંવાર અનુભવ્યું છે. દીક્ષા બાદ શરૂઆતનાં વર્ષોમાં અમે બહારના પ્રખ્યાત ગાયકોનાં ભજનો સ્વામીશ્રીની પૂજામાં અને સભામાં ગાતા. થોડા વખત સુધી તો સ્વામીશ્રીએ કાંઈ કહ્યું નહિ. પણ એકવાર મને બોલાવી, હેતથી શીખ આપતાં કહે : 'આપણે બહારનાં ભજન ગાવાં નહિ. પ્રસંગે ગાઓ તેનો વાંધો નહિ. પણ ખાસ તો આપણા નંદ પરમહંસોનાં કીર્તનો ગાવાં. બહારના ગાયકોની ગઝલ, કવાલીઓ ગાઓ તેમાં શું ? તેનાથી નવી પેઢી પર ખરાબ અસર પડે. તમે મોટેરા છો તો ધ્યાન રાખવું. બહારના ગાયકોની કૅસેટો હોય તો તે પણ કાઢી નાખવી. પ્રણાલિકાગત (Traditional) કીર્તનો ગાવાં...' એમ કલાને સીધી લીટીમાં રાખવાની અદ્‌ભુત શીખ આપેલી.

કલાને યોગ્ય વેગની સાથે સુયોગ્ય દિશા પણ તેઓ વારંવાર ચીંધતા રહ્યા છે.

સંગીત અને લાપરવાહીને ઘણીવાર સીધો સાંધો જોવા મળે છે. કલાકાર અને ધૂની સ્વભાવ બંને દૃઢપણે જોડાતા રહ્યાં છે. પરંતુ સ્વામીશ્રી આવી

બેદરકારી સામે સતત જાગૃત રાખે છે. સંગીતલક્ષી ખરીદીમાં જરા સરખી ગાફલાઈ પણ તેઓ ચલાવી લેતા નથી.

૧૯૯૦માં મને સ્વામીશ્રી સાથે વિદેશયાત્રાએ જવાનો લાભ મળેલો. તે વખતે એક સ્થળેથી સંગીતના Side rythom નાં સાધનો ખરીદવાનાં હતાં. તે માટે પહેલાં જોવા જવાનું નક્કી કરી હું સ્વામીશ્રીની રજા લેવા ગયો. પણ તેઓ મિટિંગમાં બિરાજી ગયેલા. એટલે હું એક અન્ય જવાબદાર સંતની રજા લઈને ગયો. સાધનો સારાં હતાં. બધાને ગમ્યાં. તે વખતે એક હરિભક્ત અમારી સાથે હતા. તેમના આગ્રહથી મેં કબાસ અને ટ્રાયેન્ગલ - આ સાધનો ખરીદ્યાં. જેની કિંમત માત્ર ૧૬ ડૉલર થતી હતી. અમે પાછા આવ્યા, ત્યારે સ્વામીશ્રી જમતા હતા. સ્વામીશ્રી જમી રહ્યા પછી અમે વાત કરી. સ્વામીશ્રી એકદમ અકળાયા. કહે : કોને પૂછીને વસ્તુ લીધી ? સોય જેટલી વસ્તુ પણ આજ્ઞા વગર ન લેવાય. હરિભક્ત તો પ્રેમી હોય તે આગ્રહ કરે, પણ આપણે ધ્યાન રાખવું...' એમ કહી ઘણાં ઉપદેશ વચનો કહ્યાં. પછી સાંજે સામેથી બોલાવીને કહ્યું, 'તારે કઈ કઈ વસ્તુ લેવાની છે ? મેં બધી ગણાવી અને લગભગ બધા જ સંગીતનાં સાધનોની વ્યવસ્થા સ્વામીશ્રીએ કરી આપી.

એક જ પ્રસંગ દ્વારા સ્વામીશ્રીએ આજ્ઞાપાલક થવાનો બોધ તો આપ્યો. પરંતુ પોતાની વાત્સલ્ય પ્રતિભાનું પણ દર્શન કરાવ્યું.

* * *

મુંબઈમાં એક વાર એક વ્યક્તિ ૮૦ રૂપિયાના સિતારના તાર કોઠારી સ્વામી અને મને પૂછ્યા વિના ખરીદી લાવ્યા હતા, તેનો હિસાબ મળતો નહોતો. એટલે જવાબદાર સંત તરીકે મને બોલાવીને સ્વામીશ્રી કહે : 'આ એંસી રૂપિયાનો હિસાબ કેમ મળતો નથી ? મને પાછળથી મળેલી માહિતી અનુસાર મેં કહ્યું કે આવી રીતે તારની ખરીદી થઈ છે. સ્વામીશ્રીએ તરત તે વ્યક્તિને બોલાવ્યા, ને કહ્યું : 'તમે અધિકૃત સંતની પરવાનગી વિના ખરીદી કેમ કરી ? એક ટેવ પાડો, જે ખરીદવું તે મુખ્ય સંતને પૂછીને જ કરવું. વસ્તુ નાની હોય, પણ આ વૃત્તિ પેસે તે ખોટું.' એમ કહી સાચી સમજણ આપી.

સ્વામીશ્રીને મન વિત્ત કરતાં વૃત્તિની ચિંતા વધારે હતી. કલાનાં પોષણ હેઠળ જીવન કલાનો કલાપ વીંખાય નહિ, સાધુતા ચૂકાય નહિ, તેનું જાણપણું તેઓ સતત આપતા રહ્યા છે. આ તેમની મોટી કૃપા છે.

મોટા મહોત્સવોમાં સ્વામીશ્રીની આજ્ઞાથી બહારના નામાંકિત કલાકાર ગાયકોને બોલાવવાની સેવા ઘણીવાર મળી છે. તેમાંયે સ્વામીશ્રીની પ્રતિભાની અવનવી વાતો જાણવા મળી છે. તેમાંનો એક પ્રસંગ જ સ્વામીશ્રીની સંત પ્રતિભાને પિછાણવા પર્યાપ્ત થઈ રહે તેમ છે.

'અમૃત મહોત્સવ' દરમ્યાન એક સંધ્યાએ શાસ્ત્રીય સંગીતના સુપ્રસિદ્ધ ગાયક પંડિત જસરાજને આમંત્રણ આપીને બોલાવ્યા હતા. તેઓ આવ્યા પણ ખરા. તેમનો કાર્યક્રમ શરૂ થયો. સ્વામીશ્રી પણ તેમાં રોકાયા. પરંતુ, જ્યારે સ્વામીશ્રીએ અન્ય મિટિંગો વગેરેને કારણે વિદાય લીધી ત્યારે ઘણાખરા પ્રેક્ષકો પણ સભાગૃહમાંથી નીકળી ગયા. વળી તે જ દિવસે Sound systemમાં પણ થોડી તકલીફ રહી. તેનાથી પંડિતજી થોડા ખિન્ન થઈ ગયા. કાર્યક્રમ પૂરો થયા બાદ અસંતોષ વ્યક્ત કરતાં તેમણે ઘણું કહ્યું. પરંતુ મોટા હૉલના જેવી ખર્ચાળ વ્યવસ્થા, આ ખુલ્લા મંચ પર આપી ન શકવાની અસામર્થી તે અમારી વાસ્તવિકતા હતી. ગમે તેમ પણ તેઓનો કાર્યક્રમ સફળ ન રહ્યો. તેનો રંજ જેમ પંડિતજીને હતો તેમ અમને સૌને હતો. સ્ટેજથી સ્વામીશ્રીનો ઉતારો કે જ્યાં પંડિતજીને ભોજન લેવાનું હતું ત્યાં સુધી જતાં, પણ ગાડીમાં તેઓ કાંઈ બોલ્યા નહિ. ઉતારે પહોંચ્યા ત્યારે પણ તેઓ ખિન્ન જ હતા. હજુ તેમને હું કહું કે 'ચાલો, જમવા' તે પહેલા જ તેઓએ પૂછ્યું, 'સ્વામીશ્રી મિલેંગે ?' તેમણે જ્યાં આ વાત કરી ને મને ફાળ પડી. મને થયું કે પંડિતજી કદાચ સ્વામીશ્રી પાસે તો ફરિયાદ નહિ કરે ને ? કારણ કે તેમના હાવભાવ પરથી તો એવું જ લાગતું હતું. એટલે મેં કહ્યું : 'સ્વામીશ્રી મિલેંગે તો સહિ લેકિન...' હજુ આટલું કહું ત્યાં તો તેઓ સ્વામીશ્રીની રૂમ તરફ ચાલવા લાગ્યા. એટલે મારે તેમને અનુસરવું જ રહ્યું. મને મનમાં ગભરાટ થવા લાગ્યો.

મેં તેઓને કહ્યું : 'હું અંદર જઈ તપાસ કરી આવું કે સ્વામીશ્રી શું કરે છે ?' તેઓ પણ મારી પાછળ આવ્યા, તેમને રૂમમાં પ્રવેશતાં જોઈ સ્વામીશ્રી કહે : 'આઈયે પંડિતજી ! આઈયે.' તેઓએ કહ્યું, 'આપકી તીન-ચાર મિનિટ ચાહિએ. આ વાત થઈ કે મારો ફફડાટ વધી ગયો. ચોક્કસ ફરિયાદ થશે જ. પણ તેઓ તો સ્વામીશ્રી પાસે ગાનમુદ્રામાં પગ પાછળ નાખીને બેસી ગયા, ને સ્વામીશ્રીને વિનંતી કરતા કહે : 'મુઝે આપકે

સામને દો ચીજ પેશ કરની હૈ. અનુમતિ દીજિયે.' સ્વામીશ્રીએ હકાર ભણ્યો એટલે તેમણે રાગ આહિર ભૈરવમાં 'ૐ પૂર્ણમદઃ' એ શ્લોકનું ગાન કર્યું. ને પછી તો આનંદની સાથે બીજું તેમનું પ્રસિદ્ધ પદ 'આજ તો આનંદ ભયોરી' ગાયું. સ્વામીશ્રી ખૂબ જ રાજી થયા ને આશીર્વાદ આપ્યા. થોડી ક્ષણોમાં પહેલાની તેમની ખિન્નતા, આવેશ, ઉદાસી, નિરાશા ક્યાંય ગાયબ થઈ ગયા અને તેમના મુખ પર આ પ્રસન્નતા અને અહોભાવ ઝળકી રહ્યો. આ કઈ રીતે થયું ? તેનું સૌને આશ્ચર્ય હતું.

સ્વામીશ્રીના આશીર્વાદ લઈ તેઓ જમવા આવ્યા અને હસતે મુખે વિદાય લીધી.

સ્વામીશ્રીની પૂજામાં જ્યારે જ્યારે બહારના ગાયકો, સંગીતકારો તેમની કલા અને કંઠ પાવન કરવા આવે, ત્યારે હું તેઓને સ્વામીશ્રી પાસે આશીર્વાદ, પ્રસાદ કે સ્મૃતિભેટ આપવા લઈ જઉં. સ્વામીશ્રી પણ તેમને હેતપૂર્વક આશીર્વાદ આપે. પણ ઘણીવાર દિલીપભાઈ ધોળકિયા કે જયદીપ સ્વાદિયા જેવા સત્સંગી કલાકારો જ પૂજામાં હોય ત્યારે હું આશીર્વાદ, પ્રસાદ અપાવવાનું વિસરી જાઉં. તેવે વખતે પાંચથી છ વાર સ્વામીશ્રીએ મને યાદ દેવડાવ્યું છે કે 'બહારનાનું સન્માન કરીએ ને ઘરના ઘંટી ચાટે તે કેમ ચાલે ? માટે આપણા જ હોય તેમને પ્રસાદ અપાવવા લાવવા.' સૌની કદર ! સૌનો મહિમા !!!

૧૯૯૫, અમૃત મહોત્સવ પછી સ્વામીશ્રી મૂર્તિપ્રતિષ્ઠા માટે અમલનેર પધારેલા. એક વાર સાંજે સ્વામીશ્રી ભોજન લઈ રહ્યા હતા. સ્વામીશ્રીની ડાબી બાજુ બેસી હું પણ દર્શન કરી રહ્યો હતો. ત્યાં એક જાદુગરે એક ખેલ કર્યો. તેમાં રમત એવી હતી કે બે હાથે રૂમાલના બે છેડા પકડવાના, પછી હાથમાંથી છેડા છોડ્યા સિવાય ગાંઠ મારવાની અને ખોલવાની. જાદુગરે તેમ કરી બતાવ્યું. ને પછી હું બાજુમાં બેઠો હતો એટલે મને તેમ કરવા કહ્યું. મેં ગાંઠો તો મારી. પછી જાદુગરે રૂમાલ લઈ લીધો અને પોતાની જાદુ વિદ્યાથી રૂમાલને હાથ અડાડ્યા સિવાય ગાંઠો છોડી બતાવી. હું તો આશ્ચર્યથી તે જોઈ જ રહ્યો. ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા : 'શું જુએ છે ? અંતરની ગાંઠો પણ આમ છૂટી જશે.' જાણે સ્વામીશ્રીએ પોતાનું સામર્થ્ય અનાયાસ છતું કર્યું.

ખરેખર, કલાને ભક્તિરૂપ કરી, સ્વામીશ્રી અંતરની ગાંઠો છોડી, અંતરના

તાર ક્યારે હરિના ભજનમાં રણઝણતા કરી મૂકે છે તેનો ખ્યાલ આવતો નથી. જ્યારે હૃદય વીણા મધુર ઝંકારથી નાચી ઊઠે છે ત્યારે જ તેનો ખ્યાલ આવે છે. અનેકને આવી હૃદયવીણા તૈયાર કરી આપનાર સ્વામીશ્રીના ગુણાનુવાદ એ જ વીણાથી ગાતા રહીએ અને જીવન કૃતાર્થ કરી શકીએ તેવી એમનાં ચરણ કમલમાં પ્રાર્થના.

* * *

સર્વમંગલ સ્વામી

બોચાસણ

સ્વામીશ્રીની ૫૩મી જયંતી ૧૯૭૩માં અમદાવાદમાં ઊજવાઈ, ત્યારે એક મિત્ર સંબંધી સાથે માત્ર કુતૂહલ ખાતર દર્શને ગયેલો. મનમાં અમદાવાદ જઈને ફરવા મળશે એવી ભાવના પણ ખરી.

અમદાવાદમાં સ્વામીશ્રીનાં દર્શન કર્યાં, નગરયાત્રા જોઈ ૫૬ યુવાનોને દીક્ષા લેતા જોયા, ને અંતરમાં એવી ઝણઝણાટી થઈ કે આપણે પણ સાધુ જ થઈ જવું છે.

તે જ દિવસે મેં કંઠી-માળા વેચતા રઢુવાળા શંકરભગત પાસેથી જાતે જ પૂજા લીધી. નાટક - સિનેમા અને બહારની ખાણીપીણીનો ત્યાગ કરવાનો નિયમ જાતે જ લઈ લીધો !

આજે સમજાય છે કે સ્વામીશ્રીનાં દર્શનનો એ કેવો પ્રભાવ હશે, જેનાથી મારા વિચારો જ બધા બદલાઈ ગયા !

ગામડાના રિવાજ મુજબ નાનપણમાં લગ્ન થયેલાં, તેથી તે બંધન છૂટવાં કઠિન હતાં. ઘણા સંઘર્ષ પછી, સ્વામીશ્રીએ ઘણું જ બળ, પ્રોત્સાહન, ધીરજ અને પત્રો દ્વારા હૂંફ આપીને મારા સાધુ થવાના સંકલ્પને જીવંત રાખ્યો, અને આખરે સ્વામીશ્રીની કૃપા ઊતરી. સંસારના રંગ ઉતારી સ્વામીશ્રીએ એમના રંગે રંગી દીધો.

* * *

૧૯૭૭માં હું સારંગપુર સાધક આશ્રમમાં ગયો ત્યારે સ્વામીશ્રી પરદેશ વિચરણમાં હતા. ત્યાંથી પત્રથી આશીર્વાદ મોકલ્યા. ૧૯૭૮માં સ્વામીશ્રી સારંગપુરમાં બીમારી પછી આરામ કરવા રોકાયેલા. એક રાત્રે હું યોગીજી મહારાજની રૂમમાં ૨:૩૦ વાગે પૂજા કરતો હતો. સ્વામીશ્રી પોતાના રૂમમાં લઘુ કરવા ઊઠેલા. યોગીજી મહારાજની રૂમમાં લાઇટ ચાલુ જોઈ. પોતાની રૂમમાંથી એકલા બહાર નીકળીને યોગીબાપાના રૂમમાં આવ્યા, અને મને

પૂજા કરતો જોઈને ચાલ્યા ગયા. આ વાતની મને ખબર જ નહીં. પણ સવારે સામેથી કહ્યું ત્યારે ખ્યાલ આવ્યો. પછી મને હેતથી કહે : 'આટલા વહેલા ઊઠો તો દિવસે ઊંઘ આવે, એટલે ચાર વાગ્યે ઊઠવું.'

એ ફૂલદોલના ઉત્સવે મને દીક્ષા આપી, ત્યારે સ્વામીશ્રીએ ગુરુમંત્ર આપીને 'સંતો આપણા ભાઈઓ, સત્સંગી આપણાં સગાં-વહાલાં અને અક્ષર પુરુષોત્તમ આપણાં મા-બાપ. હવે તમે નાના કુટુંબમાંથી મોટા કુટુંબમાં આવી ગયા !'

મને કલ્પના પણ નહોતી કે આપણે સાધુ થઈએ. વહેવારની (ધન કમાવાની) ખૂબ જ તીવ્ર આસક્તિ હતી. સ્વામીશ્રીએ એક ક્ષણમાં દૃષ્ટિ માત્રથી લોભવૃત્તિ બાળી દીધી અને ખરેખર માયાના મુખમાંથી બહાર કાઢી પોતાના ખોળે લઈ લીધા. અને અખંડ સુખિયા કરી દીધા.

* * *

૧૯૮૦, અમો સારંગપુરથી સંતો-પાર્ષદો ગઢડા મંદિરમાં હનુમાન-ગણપતિની પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે ગયેલા.

પ્રતિષ્ઠાવિધિ પછી સ્વામીશ્રી જમ્યા અને લગભગ દોઢ વાગ્યે આરામ માટે રૂમમાં પધાર્યા. પલંગ પર સૂતા ત્યારે આજુબાજુ અમે સૌ સંતો ઊભા હતા. હું પાર્ષદમાં હતો. મેં બાજુમાં ઊભેલા શ્વેતવૈકુંઠ સ્વામીને કહ્યું કે 'મારે સ્વામીશ્રીને એક પ્રશ્ન પૂછવો છે પણ અત્યારે નહિ.' આ સાંભળી સ્વામીશ્રી કહે : 'અત્યારે જ પૂછો.'

મેં કહ્યું, 'અત્યારે આરામનું મોડું થાય એટલે શાંતિથી પૂછીશું.'

પણ સ્વામીશ્રીએ આગ્રહ કર્યો. તેથી મેં પૂછ્યું : 'આપણે ભગવાન ભજવા માટે સાધુ થયા છીએ, અને લોકો સાથે શું કરવા માથાકૂટ કરવાની કે તમે સભામાં આવો, એકાદશી કરો, સત્સંગશિક્ષણ પરીક્ષા આપો. પૂજા-તિલક ચાંદલો કરો... વગેરે માથાકૂટ કરવાની શી જરૂર ?'

આ વાત સાંભળીને સ્વામીશ્રી પલંગ પર સૂતેલા તે કરંટ લાગે તેમ બેઠા થઈ ગયા અને કહ્યું કે 'તમે યોગીજી મહારાજ જેટલા તો વૈરાગ્યવાળા નથી ને ? એમણે પણ સેવા કરી છે. મહારાજ જેટલા તો વૈરાગ્યવાળા નથી ને ? એમણે પણ સેવા કરી છે. આ માથાકૂટ છે ? આ તો ભક્તિ છે, સેવા છે.' એમ ખૂબ જ ભાવમાં આવીને ભગવાન સંબંધી પ્રવૃત્તિ કરવાની ધારદાર

વાતો કરી. એ સાંભળીને સૌ સ્તબ્ધ થઈ ગયા.

* * *

સારંગપુરમાં સાંજે સાડા પાંચ વાગ્યે સ્વામીશ્રી ઠાકોરજીનો પ્રસાદ જમતા હતા. મેં પૂછ્યું : 'બાપા ! તમને લખવામાં કંટાળો આવે કે વાંચવામાં ?' સ્વામીશ્રી કેફથી - ઉત્સાહથી બોલ્યા : 'એકેયમાં નહિ. આ તો ઠાકોરજીની ભક્તિ છે, એમાં કંટાળો શેનો ? લખવાનું મળે ત્યારે લખીએ અને વાંચવાનું મળે ત્યારે વાંચીએ ય ખરા !'

આટલી ઉંમરેય એમના જીવનમાં કંટાળાનું નામનિશાન નથી. સ્વામીશ્રીના જીવનમાંથી સાચે જ એવી પ્રેરણા મળી કે આપણે પણ અખંડ ઉત્સાહ રાખવો...

* * *

૧૯૮૧માં ભાગવતી દીક્ષા બાદ સ્વામીશ્રીએ મને બોચાસણ વિસ્તારમાં ગામડાં ફરવા માટે આજ્ઞા કરેલી. સાથે ઘનશ્યામ વલ્લભ સ્વામી હતા. અમે બોચાસણ ગયા પછી ટૂંક સમયમાં જ સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. અને અમને બંને સંતોને પોતાના રૂમમાં બોલાવીને ચાતુર્માસનો કાર્યક્રમ પોતાના હસ્તાક્ષરે લખી આપ્યો ! કેટલા ગામમાં કેટલા દિવસ રહેવું, કોણકોણ હરિભક્તો છે ? ગામની પરિસ્થિતિ કેવી છે ? વગેરે ઊંડાણપૂર્વક માહિતી આપી અને વિચરણ માટે ખૂબ જ પ્રોત્સાહિત કર્યા. અમે સારંગપુરમાં સંતોના સમૂહમાં હતા ત્યાંથી પ્રથમ વખત અલગ - સ્વતંત્ર રીતે ફરવાનું થયેલું. વળી, બોચાસણમાં થોડા સંતો અને વળી, બધા વૃદ્ધ સંતો હતા. પણ સ્વામીશ્રીએ એવી હૂંફ આપી કે વિચરણ કરવાનું અખૂટ બળ મળી ગયું.

* * *

તા. ૧૫-૭-૮૭, બોચાસણમાંથી રાત્રે ૧૧ વાગ્યે બેઠકખંડમાં સ્વામીશ્રી સંતો સાથે વિરાજમાન હતા. મેં કહ્યું : 'ઘણીવાર આપણે સેવા કરતા હોઈએ, ત્યારે બીજો કે જે કાંઈ કરતો ન હોય, એ અમથો અમથો બૉંબ નાખી જાય - ટોકી જાય ત્યારે બહુ વસમું લાગે.'

સ્વામીશ્રી કહે : 'તે વખતે સહન કરી લઈએ તો જ સેવા થાય. યોગીબાપા કહેતા ને, 'ખમવું.' આમ તો બધી વાત કરતા હોઈએ પણ કોઈ બૉંબ નાંખે ત્યારે સામો ધડાકો ન થાય એ જોવાનું. પેલાને તો સ્વભાવ પડ્યો હોય એટલે

નાંખે જ, પણ આપણે સહન કરવું. આમને આમ સેવા કરતાં કરતાં બ્રહ્મરૂપ થઈ જવાય.' પછી આગળ કહે : 'જે સંત-હરિભક્ત વધારે સેવા કરતો હોય, વધારે ઘસારો જેને હોય એને ઘસારો પડ્યા જ કરવાનો. જેને ખપ છે એને કામ વધારે કરવું જ પડે. પેલાને તો પડી જ નથી. કારણ કે ખપ જ નથી. એને તો ગમે તેટલું કહો, કરવાનો જ નથી. એટલે જે કરતો હોય એને જ સહન કરવાનું હોય. મોભ વધારે વજન ઝીલે, એટલે ખીલા પણ વધારે વાગે.'

* * *

તા. ૨૩-૮-૮૮, બુધવાર. બોચાસણમાં મેં સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'આપ આટલા બધા સારા અને ઊંચા આદેશો અમને આપો છો, છતાં અમે એ રીતે વર્તી નથી શકતા એ બાબતનો આપને ખરખરો થતો નથી ?' ત્યારે સ્વામીશ્રી કહે : 'ખરખરે મેળ પડે એમ ક્યાં છે ? જીવ એ જીવ છે. મૂળ ભગવાનના માર્ગે આવ્યો છે. શ્રીજીમહારાજે પણ મોટી દૃષ્ટિ રાખી છે એમ કરતાં બ્રહ્મરૂપ થઈ જશે. જોગમાં આવ્યા એ જ મોટી વાત છે. ધીરે ધીરે સમજાતું જાય છે અને કામ થતું જાય છે. જીવ તો એવા જ હોય.'

* * *

સ્વામીશ્રી નડિયાદ મંદિરે દર્શનાર્થે પધાર્યા. તે વખતે દંડવત્ કરવા નમ્યા. શિયાળાને કારણે ફરસ ઠરી ગઈ હતી. મેં તરત જ મારી શાલ જમીન પર પાથરી દીધી, જેથી સ્વામીશ્રીને ઠંડી ન લાગે. સ્વામીશ્રી ઊભા રહી ગયા, અને બોલ્યા : 'શાલ પાથરી પણ તમે ખુલ્લા થયા. સાધુને ખુલ્લા કેમ રખાય ! લ્યો, અમારું ગાતરિયું ઓઢો.' એમ કહી પોતાનું અડધું ગાતરિયું ખોલીને મને ઓઢાડ્યું.

સ્વામીશ્રીના વાત્સલ્યપૂર્ણ હૈયાની એ હૂંફ એ કેવળ માણવાનો વિષય છે, શબ્દોનો નહીં.

* * *

તા. ૨૭-૫-૮૯, શનિવાર, બોચાસણ. સ્વામીશ્રી સાંજે ઉતારે વિરાજમાન હતા. તે વખતે મેં કહ્યું : 'આપની મરજી પ્રમાણે વર્તાય એવું કરવું છે. આપે તો કેટલું સહન કર્યું છે ? તે વખતે ઘણાય એવા હતા. એ બધાનું કેટલું સમાવ્યું છે ?' સ્વામીશ્રી હસીને કહે : 'એ બધાએ સેવાઓ કેટલી કરી હતી !?'

'પણ એ લોકોએ શબ્દોની ઝડી વરસાવી હોય ત્યારેય આપે કાંઈ નથી કર્યું.'

સ્વામીશ્રી કહે : 'એ બધું બરોબર છે. પણ જૂના હતા ને !'

ત્યારે મેં કહ્યું : 'શબ્દો પડે ત્યારે તો ખાવાનુંય ના ભાવે. ઊભરો ન આવી જાય ?'

સ્વામીશ્રી કહે : 'ઊભરો તો મને પહેલેથી જ આવ્યો નથી.'

જનમંગલ સ્વામી કહે : 'કોઈ કદાચ બોલે નહીં. પણ પોતે જે પ્રવૃત્તિ કરતો હોય એમાંથી જરૂર પાછો પડી જાય.'

સ્વામીશ્રી કહે : 'એવું કાંઈ થયું નથી. આપણી ઈચ્છા હોય ને ના થાય તો મહારાજની ઈચ્છા. તકરારનું ઘર શું ? આપણો મમત રાખીએ એ જ ને ! આમ કેમ ન કર્યું ? ને તેમ ન કર્યું ? એવું શું કામ રાખીએ ? આપણે આપણું મૂકી દીધું એટલે પત્યું. ખેંચતાણ કરીએ તો ઝઘડાનો સંભવ. પેલો માર-માર કરતો આવ્યો હોય તો આપણે મૂકી દઈએ. નહીં તો પાછી ચકમક ઝરે. આપણે આપણું હેઠું મૂકી દઈએ એમાં શું જવાનું છે ? નીચું મૂકવામાં ક્યાં નીચા થઈ જવાના છીએ ?' આમ, સ્વામીશ્રીએ ખૂબ મુદ્દાની પોતાના સરળ જીવનશૈલીની રીત સમજાવી. જે માનવ સંબંધોની સફળતાની ચાવીરૂપ જણાઈ આવે છે...

* * *

તા. ૨૨-૭-૮૯, બોચાસણ. સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. પછી મેં પૂછ્યું : 'તમે આટલાં વર્ષો સુધી નિર્જળા ઉપવાસ કરેલા ને આટલો શ્રમ વેઠેલો.. ને અત્યારે અમે ઉપવાસને દિવસે લીંબુનાં પાણી પીએ. એમાં આપને કાંઈ થતું નથી ?'

સ્વામીશ્રી કહે : 'ના. એ તો શરીર પ્રમાણે હોય ને !' પછી કહે : 'જેને કરવું હોય એને ઢીલું પડતું જ નથી. જેને નથી કરવું એને તો ઢીલું પડેલું જ છે.'

'આમ જુઓ તો આપનું પાણી પીવાનું અંગ છે. છતાં અમે જોયું છે કે નિર્જળામાં પારણાંના દિવસે પાણીની સહેજે તડપન નહીં... સાવ થોડું પાણી પીઓ છો. આનો ઉત્તર શું હશે ?'

સ્વામીશ્રી કહે : 'પહેલેથી જ એવું. આમેય સ્વામીના વખતમાંય લીંબુ પીધેલાં નહીં એટલે ટેવ નહીં. અને અપવાસ(ઉપવાસ) પહેલેથી લાગે નહીં.

પાછું પહેલેથી ઊઠવાનું શાંતિથી. ઊઠ્યા પછી દર્શન કર્યાં વગર પારણાં ન કરવાનું નિ'મ. મંગળામાં તો ગયા ન હોઈએ, એટલે શણગાર આરતી થાય પછી જ પીવું પડે ને ! આ બધું અંગ ઉપર છે. કેટલાકને અપવાસ બહુ લાગે.'

મેં કહ્યું : 'એ બધું માનસિક વધારે હશે ને !'

સ્વામીશ્રી કહે : 'હા, માનસિક જ. પાંચ ઉપવાસ ભેગા કરી નાંખે એવો હોય પણ મનથી ઢીલો હોય એ મારી પાડે. જો તૈયારી રાખે કે રસોડે જવું જ નથી તો વાંધો ન આવે.' એમ તપની રુચિ જણાવી.

* * *

તા. ૨૨-૭-૮૯, બોચાસણ.

મેં સ્વામીશ્રીને કહ્યું : 'તમારી જેમ અમને મહિમા કેમ સમજાય ?' તમે ટ્રેન કે બસમાં ફરતા... તકલીફો વેઠતાં છતાં અત્યારે અમારી સુવિધા સાચવો છો. ત્યારે દિલમાં શું વિચાર રાખો છો ?'

સ્વામીશ્રી કહે : 'જે વખતે જેવો રિવાજ. અત્યારે શરીરેય એવાં થઈ ગયાં ને સગવડોય વધતી ગઈ. પહેલાં તો બીજો વિચાર જ ન આવે ને ! રોટલો-દહીં ખાઈને જ ગઉ (ગાઉ) હડફાટી (ચાલી) નાંખે ! અત્યારે તો સાધન થઈ ગયાં એટલે મન ઢીલું થઈ ગયું.'

મેં સ્વામીશ્રીને કહ્યું : 'અમારા તરફથી નાની મોટી ખોટ હોય, કોઈ અમારો વીક પોઈન્ટ આપને લાગતો હોય, તમારા અંતરમાં ઇચ્છા રહેતી હોય એ કહો.'

સ્વામીશ્રી કહે : 'આપણે જે કરવા આવ્યા છીએ એ કરવું જ જોઈએ ને ! કથા-વાર્તા, ભજન એ સાધુનો Base છે. સંપ જરૂરી છે. ભૂલો દરેકની થાય પણ એ ભૂલવી. ધારણાં-પારણાં... એવું ઓછું વત્તું થાય એ સમજાય પણ સાધુનો મારગ પાકો જોઈએ. નિયમ-ધર્મ, ધન-સ્ત્રીનો ત્યાગ એમાં શિથિલતા ન આવવી જોઈએ. એકબીજાનો સંપ હોય તો મહિમા રહે. Let go થાય. ને કથાવાર્તાનું અંગ ન હોય તો શબ્દો લાગી જાય. અભાવ આવે. સાધુના જીવનમાં આટલું ના હોય તો શોભે નહીં.' ગુણાતીત સંત વિના સાધુતાનાં રહસ્યો કયા ગુરુ પાસે પ્રાપ્ત થઈ શકે ?'

* * *

તા. ૨૦-૧૧-૮૯, બોચાસણ.

સ્વામીશ્રી બપોરે જમવા બિરાજ્યા હતા. જીવનચરિત્રનાં વાંચન દરમ્યાન મેં કહ્યું : 'યુવકમાં આ દેહે કરીને કેટલો દાખડો કરતા હોઈએ છીએ ? પણ અત્યારે કોણ જાણે કેમ ? ધર્માદાનું ખાતા હઈશું, એટલે કે ગમે તેમ હોય પણ એવું થતું નથી.'

સ્વામીશ્રી થોડીવાર મૌન જ રહ્યા. પછી કહે : 'ઘર કરતાં અહીં કરોડગણું થાય છે. એક જીવને ભગવાનને માર્ગે ચઢાવવો એ કરોડગણું કામ થયું કહેવાય. જો એટલું ના કરીએ, કથાવાર્તા-ભજન ના કરીએ તો ખોટ લાગે. તમે બધા જોગીબાપાના સંકલ્પમાં ભળ્યા એટલે કરોડગણું છે.' સામાન્ય છતાં આ વિધાન નરી બુદ્ધિમાં ન મનાય, પરંતુ પુરુષાર્થ કરતાં કળ વાપરવામાં જેમ કામ વધારે થાય છે, તેમ અહીં એવું જ છે, તે સ્વામીશ્રીને સમજાવવું હતું.

* * *

તા. ૧-૩-૮૮ મંગળવાર, વડાગામ.

સ્વામીશ્રી સાથે વડાગામમાં બે દિવસ નાના પાયે સંતસંમેલન થયેલું. તેમાં લાભ મળેલો.

આજે સાંજે ૫ વાગે કૅમ્પસમાં આવેલા સ્વીમીંગપુલમાં સ્વામીશ્રી એક નાની બોટમાં બેઠેલા. જેમાં એક જ જણ સારી રીતે બેસી શકે તેટલી જગ્યા હતી. તો પણ સ્વામીશ્રીએ બીજા સંતોને વારાફરતી બાજુમાં બેસાડીને લાભ આપેલો.

બોટ કિનારા પર લાવ્યા. હું ત્યાં બેઠો હતો. મને કહે : 'અંદર સાથે આવો.' મારી પહેલાં જે સંત નીચે ઊતર્યા તે ડાબી બાજુ ઊતરેલા. એટલે ખાલી જગ્યા ડાબી બાજુ હતી, અને હું જમણી બાજુ બેઠો, એટલે સ્વામીશ્રીએ ખૂબ જ સંકળાશવાળી જગ્યા હતી, છતાં પોતે દૂર ખસ્યા, ઘણી તકલીફ પડે તેવું હતું. ખોળામાં સ્ટીયરીંગ હતું. તો પણ મને પ્રેમથી વહાલ કરીને, એકદમ નજીક બેસાડીને બોટ ફેરવી અને અનેક માતાઓ કરતા અનેકગણા વાત્સલ્યનો અનુભવ કરાવ્યો.

* * *

તા. ૯-૧૧-૮૭ બોચાસણ.

નિત્યક્રમથી પરવારીને સ્નાન કર્યા બાદ સ્વામીશ્રી ધોતિયું પહેરી રહ્યા

હતા. ત્યારે મેં સ્વામીશ્રીને પૂછ્યું : 'ઘણીવાર એવા માણસો ભટકાય છે કે જ્યારે આપણી ગરજ હોય, ત્યારે એટલા બધા આપણી પાસે આવે કે આપણને એમ લાગે કે ભક્તરાજ છે પણ કામ પત્યા પછી આપણે એની પાસે કાંઈક કામ માટે જઈએ ત્યારે જાણે ઓળખતા જ ન હોય એ રીતે વર્તે. એકભાઈ કે જેને યોગીબાપાએ પૈસા અપાવી અપાવીને ભણાવ્યો. અત્યારે સારી નોકરી કરે છે. પણ અમે કેટલીયવાર કહ્યું છતાં હરામ છે, સત્સંગમાં આવતો હોય તો ! આવા માણસો ઉપર બહુ દાઝ ચઢે છે. આપને તો આવા ઘણા ભટકાતા હશે. આપને શું થાય છે ?

સ્વામીશ્રી કહે : 'આપણે મદદ કરી હોય એમાંથી ૧૦% એવા નીકળેય ખરા. પણ ભગવાનને સંતની દયાનો પાર નથી ને જીવની અવળાઈનો પાર નથી. સ્વાર્થ હોય, લાલચ હોય અને માનનો સત્સંગ હોય તો·એને આવું થાય જ. જે જીવનો સત્સંગ કરે છે એ ઠેઠ સુધી, ગમે તેવા દેશકાળ આવે તોય મૂકે નહિ.' કેવી શુભ જીવનભાવના !

* * *

ઈ. સ. ૧૯૮૭-૮૮માં જ્યારે સંસ્થા દ્વારા દુષ્કાળરાહત માટે કેટલકેમ્પ કરવામાં આવેલા, ત્યારે બોચાસણ કૅમ્પની સેવામાં મને મૂકેલો. સ્વામીશ્રી છેલ્લે કૅમ્પની મુલાકાત લઈને પરદેશ જવાના હતા ત્યારે સ્વામીશ્રી મુંબઈમાં વિરાજમાન હતા. મારે વેદજ્ઞ સ્વામી સાથે અટલાદરા જવાનું થયેલ. ત્યાંથી વેદજ્ઞ સ્વામીએ સ્વામીશ્રીને સાંજે ૫:૩૦ વાગ્યે ફોન કર્યો. હું બાજુમાં બેઠેલો. મેં વેદજ્ઞ સ્વામીને કહ્યું કે 'મેં સ્વામીશ્રી સાથે કોઈ દિવસ ફોનમાં વાત કરી નથી.' તેથી વેદજ્ઞ સ્વામીએ મને ફોન આપ્યો. મેં સ્વામીશ્રીને ફોનમાં 'જય સ્વામિનારાયણ' કહ્યા અને કહ્યું કે 'તમે આવતીકાલે સવારે પરદેશ જશો, હવે એકાદ વર્ષ સુધી રૂબરૂ મળી શકાશે નહીં. તો આપનો છેલ્લો સંદેશો શું છે, તથા આપની રુચિ તથા મરજી હોય તે કહેતા જાવ.'

સ્વામીશ્રી બોલ્યા કે 'છેલ્લો સંદેશો એ જ છે કે કથાવાર્તા-ભજન, કીર્તન કરજો અને રુચિ તથા મરજી પણ એ જ છે.'

મારે કેટલકૅમ્પની પ્રવૃત્તિનો ફેર ચડી ગયેલો, પણ આ શબ્દો મને ઘણી જ પ્રેરણા આપી ગયા.

* * *

સ્વામીશ્રી ઈ.સ. ૧૯૮૮માં લંડનમાં વિરાજમાન હતા. બોચાસણમાં કેટલકૅમ્પનું કાર્ય સમેટાયું અને ખેડૂતો પોતપાતાના ઢોર લઈ ગયા. તે રિપોર્ટ પત્ર દ્વારા મેં સ્વામીશ્રીને જણાવેલો. સ્વામીશ્રીએ ઉત્તરરૂપે મારા પર એક પત્ર લખ્યો. તેમાં લખેલું કે 'તમોએ જે કેટલકૅમ્પમાં આજ્ઞાથી સેવા કરેલ છે અને ભીડો વેઠેલ છે, તેનું ઋણ હું તમારું સો (૧૦૦) જન્મે પણ અદા કરી શકીશ નહીં !' આ પત્ર વાંચીને ગદ્‌ગદ થઈ ગયો. મનમાં થયું કે આપણી નાની સેવાને પણ સ્વામીશ્રી કેટલી કદર કરીને બિરદાવે છે !

* * *

તા. ૨૦-૨-૮૯ બોચાસણ.

આજે સવારે મેં સ્વામીશ્રીને કહ્યું હતું કે 'તમારી પાસે એવી માસ્ટરકી છે કે દરેક પ્રસંગે સુખ-દુઃખ, માન-અપમાન, સગવડ-અગવડ વગેરે પ્રસંગે અખંડ સુખ અને આનંદ રહે છે ? એવી માસ્ટરકી અમને આપો.' તે વખતે તો સ્વામીશ્રી મૌન રહ્યા.

તે રાત્રે ગ્રહણની સભા હતી. રાત્રે ૨ વાગે સ્વામીશ્રીએ આશીર્વાદ શરૂ કર્યા. અને ૧ કલાક સુધી મારા પ્રશ્નનો અદ્‌ભુત ઉત્તર આપેલો.

'સખી મેલી દે મનના મરોડને..' એ કીર્તન યજ્ઞેશ્વર સ્વામીએ ગાયું અને સ્વામીશ્રીએ નિરૂપણ શરૂ કર્યું કે 'અમારે સર્વમંગલ સ્વામી કહે છે કે માસ્ટરકી લેવી છે. હવે માસ્ટરકી લેવી છે તો અમારે કાંઈ વાંધો નથી. પણ એ પ્રમાણે વર્તીએ તો માસ્ટરકી હાથમાં આવી જાય.' એમ કહીને મારી સામે જોઈને કહ્યું : 'આપણે ભગવાનની આજ્ઞા પાળવી. ખમવું, સહન કરવું. નાનામાં નાના થઈને, સેવકના સેવક થઈને બધી રીતે રહીએ તો માસ્ટરકી હાથમાં આવે. માસ્ટરકી લેવી એ આપણા હાથની વાત છે. અમે તો દેવા જ બેઠા છીએ. માસ્ટરકી લેવામાં ભીડો તો પડે.' આ રીતે સ્વામીશ્રીએ એક કલાક સુધી અદ્‌ભુત **न भूतो न भविष्यति** એવી જ્ઞાનની-સુખિયા રહેવાની વાતો કરીને કાળ અને સ્થળ પણ સ્થંભી જાય તેવો અનુભવ કરાવ્યો હતો. જે જીવનનું સંભારણું બની રહ્યું.

* * *

૧૯૯૧, ખેડા જિલ્લાના ઓડ ગામમાં મંગળદાસભાઈ તરફથી સાત દિવસની ભાગવત પારાયણ થઈ. વિવેકસાગર સ્વામી મુખ્ય વક્તા હતા.

સ્વામીશ્રી પણ ત્યાં હાજર હતા. હું તે વખતે વિચરણમાં પતરાની બેગ સાથે રાખતો. તેમાં બુકસ્ટોલનો સામાન રહેતો. મેં બેગ ખોલીને એક પૂજા કાઢી. એક બાળકને પૂજા શિખવાડવા લાગ્યો. એવામાં સ્વામીશ્રી બાજુમાંથી જ પસાર થયા. અને કહે : 'લાવો, હું શીખવાડું.' એમ કહેતાં તો સ્વામીશ્રી નીચે બેસી ગયા. બાળકને વ્યવસ્થિત પૂજા શીખવાડી અને આશીર્વાદ આપ્યા. એમનાં જીવનમાં કોઈ પ્રકારના કાર્યની કે નાનપ કે પોતાની મહત્તાની મોટપ ક્યારેય જોઈ નથી.

* * *

તા. ૨૮-૧૧-૯૧, વણાકબોરી થર્મલ.

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા હતા. અહીં નોકરી કરતા એક ભાઈ દારૂની લતે ચડી ગયા હતા. મૂળ સત્સંગી કુટુંબના હતા. મેં સ્વામીશ્રીને આ વાત કરી. એટલે સ્વામીશ્રી મને કહે : 'એને તો ઓળખું. એના બાપાના દાદાના વખતનો સત્સંગ !' એમ કહીને સ્વામીશ્રીએ કહ્યું : 'ગીરીધરભાઈના દીકરા ગોવિંદ અને ગોવિંદનો દીકરો અમૃત અને અમૃતનો દીકરો આ !' એમ સ્વામીશ્રીએ તેની વંશાવળી મોઢે વર્ણવી. પછી કહે : 'અમારે જૂનો સંબંધ છે. એને સાંજે લાવજો.'

મને મનમાં થયું કે સ્વામીશ્રીને હરિભક્તો સાથે કેવી આત્મીયતા કે તે ચાર-ચાર, પાંચ-પાંચ પેઢીનાં સગાં-વહાલાં પણ યાદ રાખે છે ! અને હેતથી બોલાવે છે.

* * *

તા. ૩-૫-૯૩, બોચાસણ.

સ્વામીશ્રી ઉકાળાપાણી કરતા હતા. મેં અમારા ક્ષેત્રનો અહેવાલ આપવાનું શરૂ કર્યું. સ્વામીશ્રી ઉકાળાપાણી કરી રહ્યા પછી પણ અહેવાલ અધૂરો રહ્યો. ને સ્વામીશ્રીએ પત્ર લખવાની શરૂઆત કરી. અને મને કહે 'હું પત્ર લખું છું અને તમે બોલો. હું સાંભળીશ.' એ રીતે સ્વામીશ્રીએ અહેવાલ સાંભળ્યો.

એમણે સત્સંગ પ્રવૃત્તિમાં અનેક રીતે આપણને પોષણ આપ્યું છે. વળી સ્વામીશ્રી અનેકાવધાની સહજ સિદ્ધિનાં પણ દર્શન કરાવે છે.

* * *

તા. ૨૭-૧૧-૯૩, બોચાસણ.

સ્વામીશ્રીએ રાત્રિભોજન કરી લીધું હતું. આજુબાજુ સંતો વીંટળાઈને બેઠા હતા. સ્વામીશ્રીએ સાધુતાની પ્રેરણાદાયી વાતો કરી. ત્યારે મેં પૂછ્યું : 'બાપા ! અમારી આત્મબુદ્ધિમાં બહુજ ઉણપ દેખાય છે. કારણ કે આપે આટલી વાતો કરી છે પણ કોણ જાણે કેમ સંસ્કાર ઓછા હશે કે શું, જીવમાં ઊતરતું નથી.'

સ્વામીશ્રી કહે : 'સાધુ છીએ પણ જોઈએ એવો ખટકો નથી. વાતો સાંભળીએ, બોલીએ, બધું કરીએ પણ જીવમાં ખટકો જોઈએ એ નથી. પ્ર. ૫૪ના બીજા ફકરામાં કહ્યું છે ને ? વાતેય કરે સમજે ય ખરો પણ સમયે ભૂલી જવાય. ઓસાન ચૂકી જવાય.'

આમ, સ્વામીશ્રીએ અદ્‌ભુત જાણપણાની વાતો કરી.

* * *

તા. ૯-૪-૯૪, બોચાસણ

સ્વામીશ્રી સાંજે અલ્પાહાર કરવા બિરાજ્યા હતા. સંતો સામે બેઠા હતા. અને મુંબઈના ડૉ. કિરણભાઈ દોશી પણ બેઠા હતા. મેં તેમને કહ્યું, 'ડૉક્ટર, સંતો માંદા બહુ પડે છે. તમે મૅડિકલ રીતે અમારે કઈ રીતે વર્તવું એની વાત કરો. સંતોની ભૂલ શું છે એ કહો.'

સ્વામીશ્રી કહે : 'સંતોની ભૂલ ડૉક્ટરથી કઢાય નહિ. સંતોએ તો પોતાની ભૂલ પોતે જ શોધવી. પોતે પોતાના ગુરુ થવાનું છે તો જ સમજાય એવું છે. બાકી ગમે તેટલા બીજા કહે ને, સમજાય જ નહિ. કથા-ભક્તિ-સેવા અખંડ કરવું, ખાવા-પીવામાં સંયમ - આ બધું કરવું એ સમજાય જ નહિ. થતું હોય એમ જ થાય. બાકી વાતો તો શ્રીજીમહારાજના વખતથી ચાલે છે. સાધુતા અને સંયમની વાતો નથી કરી ? જોગીબાપાએ તો કાન ફૂંકી ફૂંકીને કહ્યું છે. સૌ લખી રાખેય ખરા. કોઈ નથી જાણતું એવુંય નથી, પણ સ્વભાવ મૂકવો અઘરો. શાસ્ત્રીજી મહારાજના વખતમાં એક જણને ડાયાબિટીસ હતો તોય પેંડા વગર ચાલે જ નહિ. જાણી જોઈને દુઃખી થવાની વાત. પોતાના અંતરમાં ઉમળકો આવે તો જ આ વસ્તુ થાય. આ બધો વિચાર જાતે જ કરવાનો છે.'

મેં ડૉક્ટરને દેહનું પૂછ્યું અને સ્વામીશ્રીએ દેહ-જીવ અને મન-ત્રણેયનું

નિદાન કરી બતાવ્યું. આધ્યાત્મિક માર્ગમાં દીવાદાંડી સમાન આ માર્ગદર્શન હૃદયસ્પર્શી હતું.

* * *

તા. ૧૬-૭-૯૦, સ્વામીશ્રી સવારે ૯ વાગે બોસ્ટનથી ન્યુયોર્ક પધાર્યા. સીધા ઠાકોરજી પાસે દર્શન કરવા ગયા ને નિરાંતે દર્શન કરીને કહે : 'દંડવત્ કરવા છે.' પૂજારી પ્રતાપભાઈએ તરત રજાઈ પાથરી.

મેં કહ્યું કે : 'બાપા ! દંડવત્ રહેવા દો. અમો કરીશું.'

સ્વામીશ્રી કહે : 'એ તો ખાય તેની ભૂખ ભાંગે ! તમો કરો એમાં અમારે શું વળે ?'

પછી મેં કહ્યું : 'અહીંથી ગયા હતા ને અહીંયા પાછા આવ્યા તેમાં શું દંડવત્ કરવાના ?'

સ્વામીશ્રી કહે : 'બોસ્ટનમાં ભગવાન બેસી ગયા અને આપણને સુખરૂપે પહોંચાડી દીધા એટલે !' વળી કહે : 'માણસ હોય તેને પણ થેંક્યુ કહે છે તો આપણે ભગવાનને થેંક્યુ કરવું પડે ને !' એમ વાત કરતાં કરતાં છ દંડવત્ કરી લીધા ને પછી ઉતારે પધાર્યા. આવા પ્રસંગે તેમની મૂર્તિમાન ભક્તિનાં દર્શન થયાં. વળી એવું પણ બોલ્યા કે 'આપણને દર્શન દેવા ઠાકોરજી જાગતા રહ્યા.' કેવી ભક્તિ ! કેવી એકતા !

* * *

તા. ૧૪-૭-૯૦, સ્વામીશ્રી સવારે ન્યુયોર્કથી નીકળી એક વાગ્યે બોસ્ટન આવી ગયા. વિનુભાઈના ઘરે બેઠકરૂમમાં સોફા પર મેં તથા નારાયણચરણ સ્વામીએ હાથનો ટેકો આપીને સ્વામીશ્રીને બેસાડ્યા. સોફો સાંકડો હતો, તેથી મેં કહ્યું, 'બાપા, ફાવશે ?' સ્વામીશ્રી કહે : 'ઢેફામાં બેસતા હતા તેના કરતાં તો સારું જ છે !' પછી કહે : 'સાધુને એવું હોય જ નહીં કે આવું ફાવશે ને તેવું ફાવશે. બધું જ ફાવે. ભજન કરવું છે તેને બધું જ ફાવે, માટે ભજન કરી લેવું.' એમ સાધુતાની ખુમારીની વાત ખૂબ જ કેફમાં કરી. પછી અમારા વિચરણનો રીપોર્ટ લીધો ને જમવા માટે બિરાજ્યા.

* * *

દિવ્યસ્વરૂપ સ્વામી

અટલાદરા

૧૯૮૪ના વર્ષમાં સ્વામીશ્રીનું વિચરણ વડોદરા-પંચમહાલ-ભરૂચ જિલ્લામાં હતું. સ્વામીશ્રી આદિવાસી વિસ્તારના હરિભક્તોને, સત્સંગ દર્શનનો અલભ્ય લાભ આપવા, મોટીબેજ, તા. પાવી જેતપુર ગામે પધાર્યા હતા. સત્સંગ લાભ લેવા ચાલતાં, ટ્રેક્ટરોથી અને સાઇકલો દ્વારા પાંચેક હજારની સંખ્યામાં ભક્તો ઊમટ્યા હતા. સામાન્ય પ્રવાહથી આ વિસ્તારનો સત્સંગ જુદો તરી આવે છે. આગવી રીતરસમ ધરાવતા આ વિસ્તારમાં સત્સંગ-ભજનો રાત્રે ૧૦ વાગે શરૂ થાય ને સવારોસવાર ચાલે. અહીં શ્રદ્ધા, ભક્તિ અને કથાશ્રવણનો સૌને ઇશક પણ અનેરો હોય છે.

આ પ્રસંગને વધાવવા પોતાના પ્રાણપ્યારા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આગમનની પૂર્વતૈયારી પણ અનોખી હતી. માધવસિંહ મંગળસિંહના આંગણાના વિશાળ ચૉકમાં સ્વામીશ્રી અને સંતમંડળ માટે સ્ટેજ રચાયું. જે નીલગિરિના ટેકાને કાથી અને તારથી બાંધીને ઉપર પાટિયાં તથા ગાડીના બેઠકના ભાગોને પૈડાંથી જુદા કરી, તે વ્યવસ્થિત ગોઠવીને બનાવવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં પાગરણની અછત જેથી નીચે ઘાસ પાથરીને, ઉપર હાથે સીવેલા ગાભાઓની ગોદડીઓ અને થોડાં ભાડે આણેલાં ગાદલાં પાથર્યાં હતાં. વાંસની કમાનો, આસોપાલવ અને સામાન્ય સાડીઓનું સુશોભન કર્યું હતું.

જાંબુઘોડા ગામે મહાપ્રસાદ લઈ, આરામ કરી, સ્વામીશ્રી રાત્રે ૧૦-૩૦ વાગે મોટીબેજ પધાર્યા. વિવેકસાગર સ્વામી તથા સંતોનાં પ્રવચનો બાદ પાવી-જેતપુરના મામલતદાર શ્રી નરેન્દ્રભાઈ દર્શોદિ તથા શ્રી મોહનસિંહભાઈ રાઠવા(ધારાસભ્યશ્રી)ના ઉદ્‌બોધન થયા ત્યારે રાત્રે ૧૨-૩૦ વાગી ગયા હતા ! પરંતુ સ્વામીશ્રી સ્વસ્થ હતા. આશીર્વાદમાં પ્રફુલ્લ હતા ! ભક્તોની શ્રદ્ધા-ભક્તિને બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું, ‘ભગવાનને

ગરીબનિવાજ કહ્યા છે. ભગવાનને ઘેર ગરીબ-તવંગર કે ભણેલા-અભણના ભેદ નથી. 'ભજે તેના ભગવાન'. આપ સૌનો ભક્તિભાવ અને શ્રદ્ધા જોઈ નતમસ્તક થવાય છે. આપણે પોતાની જાતને પછાત ન માનવી. 'આપણે આદિવાસી, પછાત, આપણાથી કંઈ ન બને, તેમ ન માનવું. ભગવાન રામ કોઈ શહેરો કે મહાનગરોમાં ન જતાં શબરીની ઝૂંપડીએ પધાર્યા. તેમ તમે પણ - સૌથી આદિ ભગવાન છે તેના સંબંધે ત્યાંના વાસી એવા તમે (સૌથી જૂના) આદિવાસી છો. તમારા સૌમાં મને ભગવાનનાં દર્શન થાય છે. તમારી શ્રદ્ધા-ભક્તિ ને શિસ્ત જોઈ આનંદ થયો. મોટાં શહેરો કે નગરોમાં જે શિસ્ત ને શાંતિનો અનુભવ ન થાય, એવું આપ સૌમાં જોવા મળે છે. માટે શ્રદ્ધા-ભક્તિ દૃઢ કરીને ભગવાન સંત રાજી થાય તેમ કરવું.'

સ્વામીશ્રીને તો 'જ્યાં જુએ ત્યાં રામજી, દૂસરો ન ભાસે રે' તે સહેજે જ સિદ્ધ છે. પરંતુ મુમુક્ષુઓની અલ્પતાને ઉત્કૃષ્ટ શિખરે પહોંચાડવાની તેઓની કૃપાદૃષ્ટિ અનન્ય છે.

* * *

૧૯૭૭ના વર્ષમાં, આ વિસ્તારમાં સ્વામીશ્રીના આશીર્વાદથી શ્રી રાયસિંહભાઈ રાઠવા(કુંડલ)એ સંતમંડળને - મોટીબેજ તથા કુંડલ - બે ગામમાં સત્સંગ માટે નિમંત્રણ આપીને સત્સંગનાં બીજ વાવેલાં, જે વિરાટ વટવૃક્ષની જેમ આજે ફેલાયેલાં છે. પાવીજેતપુર તાલુકાનાં બે ગામોમાં પ્રારંભ થયેલી સત્સંગ પ્રવૃત્તિએ આજે ૬૨ ગામોમાં ઊંડાં મૂળ પકડ્યાં છે. તેની ફલશ્રુતિરૂપે આ વિસ્તારમાં ૨૦,૦૦૦ સત્સંગીઓ તૈયાર થયા છે. નાનાં મોટાં બાળકોથી માંડીને પ્રૌઢો, સ્ત્રીઓ, પુરુષો નિત્યપૂજા કરે છે. યુવાનો તિલક-ચાંદલો કરવામાં ગૌરવ અને અસ્મિતા અનુભવે છે.

૧. ૫૦ ગામોમાં બાલ સંસ્કાર કેન્દ્રો

૨. ૪૮ ગામોમાં સંયુક્ત મંડળો

૩. ૨૦ ગામોમાં યુવક મંડળો

૪. ૨૨ ગામોમાં મહિલા મંડળો નિયમિત ચાલે છે.

જ્યાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ છે અને પેઢીગત ચાલી આવતી અંધશ્રદ્ધા, વહેમ ને કુરિવાજોએ ઊંડી જડ નાંખી છે તે વિસ્તારને સ્વામીશ્રીએ કેવળ પોતાની દૃષ્ટિમાત્રથી આજે ભક્તિની ટોચ પર મૂકી દીધો છે. સત્સંગી

પરિવારોમાંથી દારૂ, માંસાહાર, તાડી જેવાં ભયંકર વ્યસનો તો યોજનો દૂર હડસેલાઈ ગયાં છે, પરંતુ બીડી અને તમાકુ સુદ્ધાં નીકળી ગયાં છે.

જ્યાં સામાજિક કાર્યકરો, રાજકીય નેતાઓની કામગીરી નિષ્ફળ નીવડી અને કેટલાય પ્રયત્નો પાંગળા બન્યા છે ત્યાં આ ગુણાતીત સંતનો નિર્વ્યાજપ્રેમ અને ભક્તવત્સલતા તેમજ સર્વશ્રેયની ઉત્કૃષ્ટ ભાવનાને કારણે જીવનપરિવર્તનની યશગાથાઓ રચાઈ છે.

* * *

માનવીમાં પડેલી સુષુપ્ત શક્તિને ઢંઢોળીને ઈશ્વરસમર્પિત કરી આપવાની સ્વામીશ્રીમાં અજોડ શક્તિ છે. તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે મોટીબેજ ગામે રચાયેલું શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્કારધામ.

યોગી શતાબ્દીનું વર્ષ હતું. મોટીબેજના ૩૦ યુવકો 'સાઈકલયાત્રા' દ્વારા મોટીબેજથી ધારી જવા નીકળ્યા. સૌ પ્રથમ તેઓ બોચાસણ મંદિરે સ્વામીશ્રીના પ્રત્યક્ષ આશીર્વાદ મેળવવા આવ્યા. સ્વામીશ્રી શણગાર આરતીમાં જઈ રહ્યા હતા. મેં તમામ યુવકોની મંદિરના ચોકમાં ઓળખ આપી. સાઈકલ ઉપર સુવાક્યોનાં બૉર્ડ તથા સુશોભન જોઈ, સ્વામીશ્રીએ દરેક યુવકની સાઇકલોનો સ્પર્શ કરી, યાત્રાની શુભેચ્છા પાઠવી. કહે : 'વાહ, યોગીબાપાને રાજી કરવા યુવકોએ સાઇકલયાત્રા ગોઠવી છે તો આશીર્વાદ છે. યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય, અમારા વતી દર્શન કરશો.' પછી મને કહે : 'યુવકોને રસ્તે જમવા માટે નાસ્તો-મીઠાઈ બાંધી આપશો.' આવો અપાર સ્નેહ જોઈ યુવકો ખુશ થઈ ગયા. વળી, સ્વામીશ્રીએ વચ્ચે આવતાં મંદિરોના મુખ્ય સંતો પર સારી વ્યવસ્થા થાય તેમ કરવા ભલામણપત્ર લખી આપવા ધર્મચરણ સ્વામીને આજ્ઞા આપી. આ પ્રસંગનું આશ્ચર્ય મને આજે પણ મટતું નથી. દુનિયાના ૪૨ દેશોમાં ભારતીય સંસ્કૃતિનો દિગ્વિજય કરનાર, વિશ્વવંદનીય સંતવર્યનું બિરુદ મેળવનાર મહાન ગુરુદેવ સ્વામીશ્રીને પોતાના સંબંધમાં આવનાર સર્વજીવપ્રાણી તરફનો નિઃસ્વાર્થ પ્રેમ આદિવાસી સત્સંગી યુવકો પ્રત્યેના આદરભાવમાં પણ મહોરી ઊઠ્યો.

આ સાઈકલયાત્રીઓ ધારીયાત્રા પૂર્ણ કરી, પાછા ફરતાં સ્વામીશ્રીનાં દર્શને વિદ્યાનગર આવ્યા. ત્યારે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, વિનમ્રભાવે યુવકોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'બાપા ! મોટીબેજ પધારો, હવે તો

સત્સંગ ખૂબ વધ્યો છે, યુવકમંડળ પણ જોરદાર ચાલે છે.'

સ્વામીશ્રી કહે : 'અમો બે વખત મોટીબેજ આવી ગયા છીએ. હવે વિચરણ બંધ જેવું છે, પરંતુ તમારો બધાનો ભાવ-પ્રેમ છે તો ભવિષ્યમાં આવીશું. તમે થાણું નાંખો સત્સંગ સારી રીતે ચલાવો તો આવીએ.'

યુવકોએ સ્વામીશ્રીની રુચિ-મરજી સમજીને બેસતા વર્ષના દિવસે ૬ એકરની સરકારી પડતર ખરાની જમીનમાં ધજાદંડ રોપ્યો. જે જગ્યા ગામના બે-ત્રણ વડીલો ખેડતા હતા, તે જગા મંદિર માટે પસંદ થઈ. તે જ સ્થળની માટીથી ૧ લાખ ઇંટો પાડીને, યુવકોએ જાતે ભઠ્ઠો તૈયાર કર્યો ને ઇંટો પકવી. સંતોનું માર્ગદર્શન મળ્યું. ડભોઈથી એન્જીનિયર એચ.જે. સોલંકીને તેડાવીને જગ્યા ઉપર ૩૫' × ૭૦'નો સંસ્કારધામનો પાયો છાપ્યો. સ્વામીશ્રી ઘણીવાર કહે છે કે શાસ્ત્રીજી મહારાજે રેતીમાં વહાણ ચલાવ્યું હતું, તેવું કાર્ય કેવળ સ્વામીશ્રીની ઇચ્છા શક્તિથી અહીં બન્યું છે. એક પણ રૂપિયાની વ્યવસ્થા નહિ, પરંતુ સત્પુરુષનું વચન ઝીલવાની ઉત્કૃષ્ટ શ્રદ્ધા કેવી શક્યતાઓ ઊભી કરી શકે છે તે અનુભવાયું. નાનાં ભૂલકાંઓ માથે બે બે ઇંટો મૂકે ને દોડીને પાયાના કામમાં જોડાય. આ બધાં દૃશ્યો ઋષિપરંપરાનું સ્મરણ કરાવે તેવાં હતાં.

'સિંહનાં ટોળાં ન હોય...' એ ન્યાયે ફક્ત ૬ થી ૭ સક્રિય યુવકોના અકલ્પ્ય પુરુષાર્થ અને પ્રાર્થના બળે કામમાં નવી જ ચેતના પૂરી. સિમેન્ટ, લાકડું, લોખંડ ક્યાંથી ઉપલબ્ધ થઈ શકે તેની મથામણ ચાલી. પ્રારંભમાં જ સિમેન્ટ તથા રેતીની જરૂરિયાત ઊભી થઈ. આસપાસના ગરીબ હરિભક્તોએ પોતાના ડીઝલ ખર્ચથી ટ્રેક્ટરોની વ્યવસ્થા ઊભી કરી, પાયાના પથ્થરો, રેતી વગેરે એકત્ર કર્યું. બોડેલી-જાંબુઘોડાના વેપારી મિત્રોનો સંપર્ક કરી, આ સંસ્કારધામ નિર્માણયજ્ઞમાં જોડાવવા સ્થળની મુલાકાતે તેઓને તેડાવ્યા અને આ બધું શ્રમકાર્ય જોઈને તેઓને સ્વતઃ પ્રેરણા થઈ કે સંસ્કારધામના બાંધકામ માટે જે સિમેન્ટ, લોખંડ, સિમેન્ટ-પતરાં વગેરે જેની જરૂર છે તે અમારા તરફથી સેવાના રૂપમાં આપીશું.

૮ થી ૧૦ યુવકોએ કડિયા-મિસ્ત્રી સાથે રહી ચણતર તથા પ્લાસ્ટર કામમાં નિપુણતા પ્રાપ્ત કરી, સંપૂર્ણ બાંધકામ યુવકો-બાળકો-મહિલા-વડીલો દ્વારા વિનામૂલ્યે પૂરું થયું.

સતત બે વર્ષની એકધારી સેવાપ્રવૃત્તિથી કળશ ચઢી ગયો અને સંસ્કારધામની ઈંટોમાં મહારાજ સ્વામીનું સાક્ષાત્ આહ્‌વાન થયું હોય તેવું અનુભવાયું.

આદિવાસી-પછાત ગણાતા યુવકોની આંગળીના ટેરવે સ્વામીબાપાએ અદ્‌ભુત દૈવત મૂક્યું. સમગ્ર સંસ્કારધામમાં ટેરેઝોનું કામ (રાજસ્થાની કારીગરી) યુવકોએ આપસૂઝથી સુંદર કર્યું છે. ૩૫' × ૭૦'નું સંસ્કારધામ, બે સંત કુટિર તથા સંડાસ-બાથરૂમ સહિતનું ૨૫૦૦ સ્ક્વેરફીટનું બાંધકામ સ્વામીશ્રીનું સતત સ્મરણ કરતા યુવકોએ પૂરું કર્યું.

બીજો તબક્કો ગોઠવાયો વિશ્વશાંતિયજ્ઞ તથા પ્રતિષ્ઠા મહોત્સવનો. તે અંગે સ્વામીશ્રીના આશીર્વાદ-માર્ગદર્શન મેળવી ઉત્સાહથી સૌ જોડાયા. સ્વામીશ્રી તા. ૧૨-૪-૯૪ના પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારશે તે નક્કી થયું. સ્વામીશ્રી પધારવાના છે તે જાણી સમગ્ર તાલુકાની જનતામાં ભક્તિભાવનાં પૂર ઊમટ્યાં. સૌ તૈયારીમાં લાગી ગયા. પરંતુ મોટાપુરુષનાં પ્રત્યેક ચરિત્રો અને કાર્યોમાં પ્રત્યેકને ભગવાનમાં જોડી દેવાનું અપાર સામર્થ્ય છુપાયેલું છે. સ્વામીશ્રી વિદ્યાનગર બિરાજતા હતા ને પ્રતિષ્ઠાના છ-સાત દિવસ અગાઉ સ્વાસ્થ્યની તકલીફ શરૂ થઈ ને દિનપ્રતિદિન તબિયત વધુ પડતી કથળતી ચાલી. આવા સંજોગોમાં તેઓના બદલે મહંત સ્વામી પધારશે ને પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થશે તે સમાચાર સ્વામીશ્રીએ જાતે આશીર્વાદ પત્ર દ્વારા લખી મોકલ્યા. આ પત્રમાં હરિભક્તો-યુવકોના બે વર્ષથી ચાલતા પુરુષાર્થ અને સેવાયજ્ઞને બિરદાવવા ઉપસ્થિત ન રહેવાયું તેનું દુ:ખ હતું. આ રહ્યો આત્મીયતાથી ભર્યો ભર્યો એક પત્ર :

'પૂ. દિવ્યસ્વરૂપ સ્વામી, તથા પાવી-જેતપુર વિસ્તારના તમામ હરિભક્તો-યુવકો, ભાવિકો પ્રતિ-

આપ સૌએ અથાગ પરિશ્રમ-ભીડો વેઠીને મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને રાજી કરવા સંસ્કારધામ-મંદિરની સેવા કરી છે તે બદલ ધન્યવાદ ઘટે છે. મારી ત્યાં આવવાની ખૂબ જ ઇચ્છા હતી, જેથી આવવાનું પણ ગોઠવેલું, પરંતુ અચાનક શરીરે તાવ આવવાથી શારીરિક અશક્તિને લઈને મારું ત્યાં આવવાનું બંધ રહ્યું છે તે બદલ દિલગીર છું. ભવિષ્યમાં જરૂરથી ત્યાં આવવાનું ગોઠવીશું અને સર્વને ખૂબ સારો લાભ

મળશે. રાજી રહેશો. આપ સૌની તૈયારી હતી ને ના અવાયું જેથી સર્વને દુઃખ થાય તે સ્વાભાવિક છે, પણ ભવિષ્યમાં સારી રીતે લાભ આપવો છે.' પત્રના શબ્દે શબ્દે સ્વામીશ્રીનો હરિભક્તો-યુવકો પ્રત્યેનો આત્મીયસંબંધ જણાઈ આવતો હતો. આ પત્રનું વાંચન પ્રતિષ્ઠા-મહોત્સવની ૧૦,૦૦૦ની સત્સંગસભામાં કરવામાં આવ્યું ત્યારે પ્રત્યેક હરિભક્ત, આબાલવૃદ્ધની આંખોમાંથી ગુરુ પ્રત્યેનો અહોભાવ અશ્રુરૂપે ટપકી રહ્યો. દરેકની વાણીએ મૌન ધારણ કરી ગુરુના સ્વાસ્થ્ય અંગે પ્રાર્થના કરી; ગુરુભક્તિ અર્ઘ્ય અર્પ્યું.

યુવકોએ તો મહંત સ્વામી પધાર્યા ત્યારે તેઓને મળીને પહેલું જ એ પૂછ્યું કે બાપાની તબિયત કેવી છે ? તેઓનું સ્વાસ્થ્ય બગડ્યું છે તે જાણીને અમોને અંતરે સુખ નથી. મન ત્યાં પહોંચી ગયું છે. બાપા અહીં ન આવી શક્યા તેનું એટલું દુઃખ નથી જેટલું તેઓનું સ્વાસ્થ્ય બગડ્યું છે તે સમાચારનું છે. બાપાને અમારી પ્રાર્થના છે : આપ સાજા-નરવા રહીને હજારો હરિભક્તોને ભગવાનનું સુખ આપો. આમ બોલતાં સૌ ચોધાર આંસુએ રડી પડ્યા. મહંત સ્વામી તથા સંતોની આંખમાંથી પણ અશ્રુ સરી પડ્યાં. આ ભક્ત-ભગવાન સંબંધનું વર્ણન વાણી દ્વારા કરવું અશક્ય છે. ધન્ય છે આ ગુણાતીત સંતને કે જેણે આદિવાસી, પછાત, અશિક્ષિત, ગણાતા હજારો મુમુક્ષુને બ્રહ્મનાદ કરીને આહ્‌વાન કર્યું છે અને ધન્ય છે એ શિષ્યોને કે જેણે કેવળ ગુરુના વચનમાં જ મોક્ષ માન્યો છે, અને તેઓની પ્રસન્નતાને જ સાચી સંપત્તિ માની છે, અને સત્પુરુષના અક્ષરયાનના યાત્રી બની તેઓના હૃદયમાં સ્થાન મેળવ્યું છે.

આ ભક્તોને કંઈક કરી બતાવવાના અભરખા નથી. પરંતુ કેવળ ગુરુના થઈને ગુરુની શોભા વધારવાની જ મહેચ્છા છે, અને આવી તીવ્રતમ ઉત્કૃષ્ટતા જોઈને સ્વામીશ્રીએ અટલાદરા મંદિરે, વસંતપંચમી ઉત્સવ પર પધારેલા ૩૦૦ સાઈકલયાત્રીઓને આશીર્વાદ આપતાં કહેલું : 'પ્રથમ તો આપણે જે ૬૦ ગામોને સત્સંગ થયો છે તેને સક્રિય કરવા છે. ત્યાં દરેક કુટુંબમાં નિત્યપૂજા, આરતી, થાળ, સભા, અઠવાડિક સભા બધું જ સારી રીતે ચાલે તે કરવું છે. બીજું, જે કોઈ આપણા સગાં-સંબંધી મિત્રો છે તેઓને પણ સત્સંગ કરાવવો છે. યુવકો પણ ગામોગામ ફરીને સત્સંગ કરાવે તેવા નિયમધર્મવાળા તૈયાર કરવાના છે. આપણું વર્તન સારું રાખીને સત્સંગ

કરીશું તો આખા તાલુકામાં સત્સંગ થશે. આપણે પણ યોગીબાપાને સંભારીને બળિયો સંકલ્પ કરવો કે પાવી-જેતપુર તાલુકાનાં દરેક ગામમાં સત્સંગ થાય તેવો દૃઢાવ રાખી પ્રયત્ન કરવાનો છે. સર્વને તે માટે આશીર્વાદ છે. આવા રૂડા આશીર્વાદ પ્રાપ્ત કરીને આજે ગિરિપ્રદેશમાં વાંસમાટીની ઝૂંપડીમાં રહીને સહજાનંદી અમલ ઘૂંટીને આનંદમાં, કેફમાં રહી સત્સંગ કરે છે.

* * *

૧૯૮૪માં વડોદરા-ભરૂચ-પંચમહાલમાં સ્વામીશ્રીનું વિચરણ ગોઠવાયું. જેમાં ૨૨ દિવસમાં ૯૫ ગામોમાં સ્વામીશ્રીએ ધર્મલાભ આપ્યો. જો કે સ્વામીશ્રીના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ ન ઘડી શક્યા તેનો રંજ હજુ પણ અમને રહે છે. સ્વામીશ્રીએ જ્યાં સુધી શરીરે સહકાર આપ્યો ત્યાં સુધી વિચરણ-પધરામણી અવિરતપણે ચાલુ જ રાખી છે. આજ દિવસ પર્યંત તેઓની અદમ્ય ઝંખના તો હરિભક્તોને રાજી કરવાની જ રહી છે. એક દિવસ તો તેઓ સ્વાભાવિકપણે બોલી ઊઠેલા કે 'શું થાય, હવે પહેલાંની જેમ ગામોગામ વિચરણ કે હરિભક્તોના ઘરે પધરામણી કે તેઓના પ્રસંગોમાં હાજર રહી શકાતું નથી તેનું દુઃખ રહે છે, પરંતુ શરીરથી નથી જવાતું ત્યાં મનથી-ભાવનાથી પહોંચી જઈએ છીએ.' આવી આત્મીયતા બીજે ક્યાં સંભવે ?

સ્વામીશ્રીનું ૧૯૮૪ના વર્ષમાં જે વિચરણ ગોઠવાયું તેમાં સામૈયા, પધરામણી, સભાકાર્યક્રમોનો અવિરત ભીંડો રહેતો. જુવાન વ્યક્તિ પણ થાકી જાય તેવું સ્વામીશ્રીનું વિચરણ. અમારી અણસમજણ ને અતિઉત્સાહમાં ગોઠવાયું. ભાટપુરમાં શોભાયાત્રા નીકળી ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'ભવિષ્યમાં આવું વિચરણ મોટેરા સદ્‌ગુરુનું પણ ન ગોઠવવું.' આ એક વાક્યમાં સ્વામીશ્રીને પડેલો પરિશ્રમ-ભીડો જણાઈ આવે છે. અમને આજદિન પર્યંત આનો રંજ મનમાં રહ્યા કરે છે કે ગુરુભક્તિમાં કંઈક અંશે ખામી રહી ગઈ. આવા મિશ્રભાવો સાથે મારું મન ઝોલા ખાતું રહ્યું ને વિચરણ પતાવીને સ્વામીશ્રી કપૂરાઈ ચોકડીથી વિદ્યાનગર જવા સીધા જ નીકળ્યા. અમોને આજ્ઞા કરી કે તમો પણ વિદ્યાનગર સુધી સાથે ચાલો. ત્યાંથી અટલાદરા જજો. બાબુભાઈ ગોરવાવાળા તથા અમો બે સંતો સ્વામીશ્રીની ગાડીમાં સાથે જોડાયા.

બાબુભાઈ ગોરવાવાળાએ મારી માનસિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્વામીશ્રીની સાથે વાતનો દોર ચલાવતાં કહ્યું : 'બાપા ! દિવ્યસ્વરૂપ સ્વામી છેલ્લાં ૧૨ વર્ષથી વડોદરા-પંચમહાલ-ભરૂચ જિલ્લામાં સતત વિચરણ કરે છે. તેઓનો ઉત્સાહ, દાખડો, ધગશ એટલાં બધાં છે કે પગ વાળીને બેસતા જ નથી. મંદિરે મહિનામાં બે-ત્રણ દિવસ રહે છે. સત્સંગ કરાવવાની ધગશ ઘણી છે. તેઓને આશીર્વાદ આપો કે તેઓનું સ્વાસ્થ્ય સારું રહે ને ખૂબ સત્સંગ કરાવે.' આ વાર્તાલાપ ચાલી રહ્યો હતો ત્યારે મારા મનમાં વિષાદયોગ ચાલતો હતો. સ્વામીશ્રીને ભીડો આપવાનું નિમિત્ત બન્યાનું દુઃખ કોરી ખાતું હતું. મેં વિનમ્રભાવે સ્વામીશ્રીને હાથ જોડી પ્રાર્થના કરી : 'બાપા ! આપને ખૂબ કષ્ટ પહોંચાડ્યું, અસહ્ય ભીડો વેઠીને આપે અમો સૌને રાજી કર્યા, પરંતુ અમારી તો ગુરુભક્તિ ગઈ. તેમાં ખામી આવી ગઈ.' હું બોલતો રહ્યો ને આંખમાંથી આંસુ ખરી પડ્યાં. હૈયું ભરાઈ ગયું. ત્યાંજ મને અટકાવતાં, વાત્સલ્યભાવથી મારા ખભે હાથ મૂકીને કહે : 'તમારે બધાને શું સ્વાર્થ છે ? સત્સંગ વધે તે માટે બધા પ્રયત્ન કરો છો, તેમાં તમારો કોઈ વાંક નથી. ઘણા લાંબા સમય પછી અમારું વિચરણ ગોઠવાય, જેથી હરિભક્તોને ભાવખેંચ રહે, જેથી પધરામણીઓ વધી જાય, ગામો વધે તેમાં તમારા કોઈની ખામી કે વાંક નથી. માટે મનમાં દુઃખ રાખવું નહિ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને રાજી કરવા તમો સંતો સેવા કરો છો, જેથી નારાજ થવાની વાત નથી, સર્વપ્રકારે રાજી છીએ.' હૃદયના ખૂણે જે ગ્લાનિ અને ક્ષોભ ધરબાઈને પડ્યા હતા, તેને સ્વામીશ્રીની સ્નેહસુધાએ દૂર કરી દીધાં, જેને હું એમની અકારણકૃપા જ સમજુ છું.

તેઓની મરજી, રુચિ, અભિપ્રાય સમજીને, સંપૂર્ણ તેઓના જ થઈને રહેવાય, તેવું જીવન ઘડતર કરવા માટે તો કેવળ તેઓની જ કૃપા ઊતરે અને સ્વરૂપ ઓળખાવી સ્નેહપાશમાં સમાવી લે તો જ શક્ય બને. બાકી આપણું ગજું કેટલું ? આપણે વિષયના સુખમાં મસ્ત. સ્વામીશ્રી સહજાનંદમાં અલમસ્ત. તેથી મેળ બેસવો એ માત્ર મુશ્કેલ જ નહિ, અસંભવ પણ છે. પરંતુ તેઓએ યોગ્યતા કે લાયકાતનો વિચાર કર્યા વગર કેવળ અનુગૃહીત થઈને આપણું શ્રેય કરવાના એકમાત્ર આશયથી આપણને સ્વીકાર્યા છે, એટલે ઘણી હિંમત રહે છે.

સ્વામીશ્રીએ મારી ગ્લાનિ દૂર કરી, તેઓનાં એક એક વાત્સલ્યસભર વચનોથી મારી સ્વામીશ્રી સાથેની આત્મીયતા, જોડાણમાં વધુ પાકટતા આવી. સ્વામીશ્રી સાથે ગાડીમાં જ એ વાર્તાલાપ આગળ ચાલ્યો. મેં કહ્યું : 'બાપા ! આપે જે ભીડો વેઠીને, સત્સંગીઓને રાજી કર્યા છે, તે જ રીતે અમે પણ અમારા ગમા-અણગમા મૂકીને, ભીડો વેઠીએ, ગમે તેવા સંજોગો કે વાતાવરણમાં સત્સંગ કરીએ, સેવા કરીએ; કંટાળીને પડતું મૂકી ન દઈએ તેવા આશીર્વાદ આપો.' સ્વામીશ્રી સંમતિસૂચક મૌનથી સ્મિત કરતા જોઈ રહ્યા. આ પછી વિદ્યાનગર આવ્યું ત્યાં સુધી કોઈ કંઈ જ બોલ્યું નહિ.

તેઓની મારા પણ અકારણ કૃપા વરસતી રહી છે. મારા જીવનને જે દિશા અર્પી છે તે જોતાં એટલું જ કહી શકાય કે તેઓએ 'રેતીમાં વહાણ ચલાવ્યું છે.' આજ દિવસપર્યંત કેવળ તેઓએ જ બળ-પ્રેરણા અર્પી છે. સેવા કે સમર્પણની સૂઝ હજુ નથી, પરંતુ તેઓને હાંહાંગડથલ કરી રીઝવવાની નેમ છે, જેથી બુદ્ધિનું, ડહાપણનું, આવડતનું બળ આ પુરુષનાં ચરણોમાં સમર્પિત કરી, તેઓની સામે જોતા રહીને, તેઓને રીઝવવા, તેઓ પાસેથી જ માર્ગદર્શન મળતું રહે તે જ વધુ યોગ્ય છે. તેઓને કોઈપણ સંજોગોમાં ઓશિયાળા થવું ન પડે ને વિશ્વાસ બેસે તેવું વર્ત્યા કરીએ તે જ અભ્યર્થના.

* * *

૧૯૮૪નો એક પ્રસંગ ચિરસ્મરણીય બની ગયો. સ્વામીશ્રી મોટીબેજ (તા. પાવી-જેતપુર) ખાતે માધવસિંહ મંગળસિંહ રાઠવાના ઘરે પધારેલા. તેઓના ઘરઆંગણે ખુલ્લી જગ્યામાં જાહેર સત્સંગસભા હતી. સ્વામીશ્રી રાત્રે ૧૦.૩૦ કલાકે જાંબુઘોડાથી મોટીબેજ પધાર્યા. આ તરફ શ્રમજીવી આદિવાસી હરિભક્તો ખેતરેથી મોડા ઘરે આવે, પછી જમવાનું બને, પછી સત્સંગ-ભજનમાં આવે, જેથી રાત્રે ૧૦ વાગે કાર્યક્રમ શરૂ થાય ને ૧૨-૩૦ કે ૧ વાગે પૂરો થાય. વળી પાગરણ ઓછું હોય ને ગામોગામથી મોટી સંખ્યામાં મુમુક્ષુઓ પધારે, જેથી ઘાસ પાથરવામાં આવે. તેની હૂંફમાં બે-ત્રણ કલાક ઠંડીમાં બેસવાનું. આ એક પ્રકારનું તપ જ છે. સ્વામીશ્રી માટે અહીંના હરિભક્તોએ સુંદર સ્ટેજ શણગારેલું. પુષ્પહારવિધિ પ્રસંગે માધવસિંહના પિતાશ્રી મંગળસિંહકાકાનું નામ જાહેર થયું. ભાદરણના શ્રી પુરુષોત્તમ મહારાજના સમયના સૌથી પ્રથમ જૂના શિષ્ય. સ્વામિનારાયણ સંપ્રદાયની

આ વિસ્તારમાં કોઈને ઓળખ પણ નહિ ત્યારના તેઓ ભક્ત. પોતે ભજનિક. કેટલાંય ભજનો કંઠસ્થ. મન, વાણી, વર્તનમાં શુદ્ધ ને પવિત્ર. ભક્તિપરાયણ એવા આ વડીલ તરફ સર્વનું ધ્યાન ખેંચાય તે પહેલાં સ્વામીશ્રીનું ધ્યાન ખેંચાયું.

સ્વામીશ્રી કહે : 'મંગળભાઈને આવવા દો ! ખરેખરા ભગત છે.' તેઓએ પુષ્પમાળા અને ધોતિયું સ્વામીશ્રીને અર્પણ કર્યું. પછી કીર્તનની કડી બોલતાં કહે : 'સ્વામી બાપુ ! અમ ગરીબ માણસ પર નજર રાખજો. અંત સમે દર્શન દેવા પધારજો.' સ્વામીશ્રીએ તેઓની આંખો સાથે પોતાની દૃષ્ટિ જોડી રાખી, ખભા ઉપર અભય હસ્ત મૂકી, આશ્રિતજનની સંભાળ લેવાની ખાતરી આપી.

આ પછી બે વર્ષ વીતી ગયાં. સ્વામીશ્રી ૧૯૮૬માં ૨૦ દિવસ અટલાદરા રોકાયેલા. તે દિવસોમાં શનિ-રવિની રજામાં માધવસિંહ અહીં સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. સાંજે સભા પછી, દર્શન કરી, તેઓએ સ્વામીશ્રીને કહ્યું કે મારા પિતાશ્રીની તબિયત કથળતી જાય છે. તેમના દેહનો હવે ભરોસો નથી. તેઓએ મને ખાસ આપનાં દર્શને મોકલ્યો છે ને કહેવડાવ્યું છે કે સ્વામીબાપુને કહેજો કે પ્રસાદીનું જળ મોકલે. જેથી સુખેથી તે જળ પીધા પછી શરીર છૂટે તેવી ઇચ્છા છે.' સ્વામીશ્રીએ મારું ધ્યાન દોર્યું ને કહ્યું, 'આવતીકાલે સવારે પૂજાનું જળ ભરી આપજો.' બીજે દિવસે સવારે પૂજા દર્શન કરીને માધવસિંહ વડોદરા શહેરમાં કામ પ્રસંગે નીકળી ગયા ને જળ લેવાનું ભૂલી ગયા. બીજી બાજુ ગામમાં તેઓના પિતાશ્રીનો અક્ષરવાસ થયો. આ સમાચાર માધવસિંહને પહોંચે તે હેતુથી ગામમાંથી ફોનસંદેશો આવ્યો કે તેઓને શોધીને આ સમાચાર આપશો ને કહેશો કે તાત્કાલિક ઘરે પહોંચે.

મેં આ સમાચાર સ્વામીશ્રીને જણાવ્યા. માધવસિંહને આખા વડોદરામાં ક્યાં શોધવા તે અમારે માટે મહાપ્રશ્ન હતો. અંતર્યામી સ્વામીશ્રીને બે વર્ષ પૂર્વે મોટીબેજ મુકામે મંગળસિંહકાકાને જે કૉલ આપેલો તેનું સ્મરણ થઈ આવ્યું. સ્વામીશ્રી કહે : 'તે વિસ્તારના કોઈ પરિચિત હરિભક્ત કે યુવક મળે તો તેને શોધી લાવો.' અમે જોયું તો મંદિરના ચૉકમાં જ કુંડલ ગામના બચુભાઈ રાઠવા મળી ગયા. તેઓને લઈ હું સ્વામીશ્રી પાસે પહોંચ્યો.

સ્વામીશ્રીએ પ્રસાદીજળ તથા કંઠી તેઓના હાથમાં આપતાં કહ્યું કે 'મંગળભાઈ, ખરેખરા ભક્ત હતા. મોટીબેજ અમો બે વર્ષ પૂર્વે ગયેલા ત્યારે તેઓએ પ્રાર્થના કરેલી કે 'અંતકાળે ખબર રાખજો.' તેઓની ઈચ્છા પ્રસાદીજળ પીધા પછી શરીર છૂટે તેવી હતી, પરંતુ જેવી મહારાજ-સ્વામીની મરજી. પણ તેઓની ભક્તિ સાચી છે, જેથી મહારાજની સેવામાં બેસી ગયા. આ જળ તેમના મોંમાં મૂકજો, પછી જ અગ્નિસંસ્કાર કરે તેમ તેઓના સંબંધીને કહેજો.' બચુભાઈ તાત્કાલિક ત્યાં જવા નીકળી ગયા. પોતાની સૂચના મુજબ જ ત્યાં વિધિ થઈ હતી, તે જાણ્યું ત્યારે જ સંતોષ થયો.

સ્વામીશ્રીને ગરીબ-તવંગર ~~કે~~ ઊંચ-નીચના સીમાડાઓમાં બાંધી શકાય તેમ નથી. તેઓ તો ભક્તોના ભાવપ્રદેશમાં વિહરનારા છે. તેથી જ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીની કાવ્યપંક્તિ સ્ફુરિત થાય છે : 'ભક્તવત્સલ હરિ બિરૂદ તિહારો...'

ક્યારેક સંજોગો અને સમયની અનુકૂળતાનો તાલ મેળવી, કેટકેટલાય પ્રેમી ભક્તોને અંતસમયે પ્રત્યક્ષ દર્શનદાન દઈ, સ્વામીશ્રીએ મોક્ષનું દાન કર્યું છે. પરંતુ દિવ્યદેહે ભાવાર્દ્ર હૃદયના આર્તનાદને સાંભળીને આવા સેંકડો ભક્તોનું મનોમન સ્મરણ કરીને પણ તેમને દિવ્યગતિ પમાડી છે.

* * *

સ્વામીશ્રી તા. ૧૮-૧-૯૬ થી તા. ૨૫-૧-૯૬, વસંતપંચમી મહોત્સવની ઉજવણી પ્રસંગે અટલાદરા રોકાયેલા, ત્યારે રવિવારના દિવસે ગ્રામ્ય વિસ્તાર તથા શહેરના હરિભક્તોને વ્યક્તિગત દર્શનનો લાભ આપવાની જાહેરાત કરવામાં આવી. તે સમયે જ્ઞાનપુરુષ સ્વામી, અભયસ્વરૂપ સ્વામી તથા હું તેઓના આસનની નજીક બેઠા હતા. હરિભક્તો દર્શન માટે લાઇનમાં આવી રહ્યા હતા. ત્યાં સ્વામીશ્રીએ જ્ઞાનપુરુષ સ્વામી(રૂડા સ્વામી)ને કહ્યું : 'રૂડા ! આમને ઓળખ્યા ?' તેઓ કહે : 'હા, બિપિનના બાપુજી ધૂળાભાઈ પટેલ.'

સ્વામીશ્રી કહે : 'એવી ઓળખ ના અપાય. બેટાથી બાપની ઓળખ ન અપાય. બાપથી બેટાની ઓળખ અપાય. ડુ યુ અન્ડરસ્ટેન્ડ ? 'ધૂળાભાઈનો દીકરો બિપિન' એમ ઓળખ અપાય, સમજ્યો ?! હરિભક્તોનો પરિચય કેળવવો. તેઓને મળવું. આપણી સાધુની વિશેષતા-શોભા એ જ છે

હરિભક્તોને સાચવવા. મહિમા સમજી સેવા-સરભરા કરવી.' જ્ઞાનપુરુષ સ્વામીને સ્વામીશ્રી સખાભાવે કહેવા લાગ્યા કે 'રૂડાને એમ કે આપણે મોટા મોટા માણસોની ઓળખાણ છે, તેઓ સાથે પરિચય છે. પછી નાનાની શી જરૂર ? પણ એવું ન માનવું. એ બધા બહારના માણસો તો કોઈકવાર પ્રસંગોપાત્ આવે. જ્યારે હરિભક્તો બારે મહિના ભીડો વેઠીને, મહિમા સમજી સેવા કરે છે તે અધિક સમજવા.' પછી ફરી કહે : 'ઓલ્ડ ઈઝ ગોલ્ડ' સમજ્યા ? ભગવાન ને સંત ઓલ્ડ (જૂના) છે. (અનાદિના છે) તેના સંબંધવાળા સંતો-હરિભક્તો પણ ઓલ્ડ છે, તેમનો મહિમા સમજી સેવા કરી લેવી. આપણી મોટ્યપ સંતો-હરિભક્તો સાથેની આત્મબુદ્ધિ, સેવા વગેરેથી છે, માટે તે વસ્તુ સાચવવી.'

રૂડા સ્વામી કહે : 'સોરી.'

સ્વામીશ્રી કહે : 'ઇંગ્લીશ ભાષા આવડી ગઈ તેનો આ લાભ. કોઈ પૂછે : 'સમજ્યા ?' તો કહે : 'યસ' ને ભૂલ થઈ, તો કહે : 'સોરી !' આભાર માનવાનો આવે તો કહે : 'થેંક્સ.' બધું શોર્ટકટમાં પતાવવાનું !'

ગમ્મત કરતાં સ્વામીશ્રીએ હેત અને કરુણાથી હરિભક્તોમાં આત્મબુદ્ધિ વધારી આપી, સંતોને એક વિશિષ્ટ બોધ આપ્યો. જેમાં કહેવાતા મોટા માણસો પ્રત્યે આદર હતો પરંતુ હરિભક્તોનો તો અપાર મહિમા છલકાઈ રહ્યો હતો.

* * *

યોગીપ્રકાશ સ્વામી
સારંગપુર

સ્વામીશ્રી સારંગપુરમાં ત્રણ ઉત્સવોનો લાભ આપે. ફૂલદોલ, જળઝીલણી એકાદશી અને શાસ્ત્રીજી મહારાજનું શ્રાદ્ધ. આ ઉત્સવોમાં ગામડાં ને શહેરના કેટલાય ભક્તો સ્વામીશ્રીનો લાભ લેવા પધારે. તેમાં અડવાળના એક સંનિષ્ઠ હરિભક્ત જામભા પણ આ ઉત્સવોમાં સ્વામીશ્રીનો લાભ લેવા, રંગે રમવા પધારે. સ્વામીશ્રીએ મને દરેક પ્રસંગે ભલામણ કરી છે : 'બાપુએ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની ખૂબ સેવા કરી છે, એમને સાચવજે. જમવામાં એમને તીખું કે તળેલું ફાવતું નથી, માટે રોટલી દૂધપાકમાં પલાળીને જમાડજે. જેટલા દી રોકાય તેટલા દિવસ સંભાળ રાખવી...'

હજારો ભક્તોની વચ્ચે પણ સ્વામીશ્રીએ એકે એક હરિભક્તને, તેમની રુચિ જાણીને સાચવ્યા છે ! યોગીજી મહારાજનો સ્નેહરસ પાયો છે !

* * *

૧૯૭૫માં હરિપ્રકાશ સ્વામી સાથે હું ખાનદેશમાં વિચરણમાં ગયો હતો. સ્વામીશ્રી આ દિવસોમાં સારંગપુર બિરાજતા હતા. ત્યાંથી મને પત્ર લખ્યો :

'ખાનદેશમાં સત્સંગ-કથાનો લાભ આપતા હશો... અમારે ખાનદેશ જવાનું થશે ત્યારે સાથે લઈ જઈશું. મેવા મીઠાઈ જમાડીશું.' આ વાતને ત્રણ વર્ષ વીતી ગયાં. અને એકવાર મારા પર પત્ર આવ્યો. એમાં સ્વામીશ્રીએ મુંબઈથી લખ્યું હતું, 'ખાનદેશમાં વિચરણનો અમારો કાર્યક્રમ ગોઠવાયો છે. અમે તમને કહ્યું હતું કે સાથે લેશું તો તમે મુંબઈ આવી જશો.' હું તો આ વાત સાવ ભૂલી જ ગયો હતો, પરંતુ સ્વામીશ્રીએ આટલા લાંબા સમય સુધી યાદ રાખીને, પોતાના દિવ્ય સામીપ્યનો લાભ આપ્યો. ખાનદેશના વિચરણમાં પણ અવારનવાર મારી રસોઈની પ્રશંસા કરી પ્રોત્સાહિત કરતા અને સ્નેહ વરસાવી ભીંજવી દેતા.

* * *

લાલજીભાઈ વઢવાણા(રાણપુર)ના આગ્રહથી સ્વામીશ્રી ૧૯૮૧ નવેમ્બરમાં લોયા ગામે પધાર્યા હતા. અહીં શ્રીજીમહારાજે ૧૨ મણ ઘીના વઘારમાં ૬૦ મણ રીંગણાંનું શાક બનાવેલું. તે શાકોત્સવની દિવ્યસ્મૃતિ સ્વામીશ્રીએ પણ અમને કરાવી. સ્વામીશ્રીએ જાતે જ શાક બનાવ્યું. અમે સંતો બાજરાના રોટલા બનાવતા હતા. સ્વામીશ્રી અમારી પાસે આવી બેસી ગયા. અમને સ્મૃતિની સાથે માર્ગદર્શન પણ આપ્યું, 'આપણને રોટલા હાથથી ઘડતાં ન ફાવે, તો આમ પાટલી ઉપર ટીપીને કરાય. અને ટીપતાં-ટીપતાં પાટલી પર ગોળ ફરવો જોઈએ.' એમ કહેતાં જાતે જ રોટલા બનાવવા લાગ્યા.

એ રોટલા ને શાક બનાવતી એમની મૂર્તિની સ્મૃતિ કરતાં આજે પણ મન આનંદવિભોર બની જાય છે.

* * *

૧૯૯૨, યોગી શતાબ્દી મહોત્સવ ચાલતો હતો. સ્વામીશ્રી મુખ્યમંચ પર મહેમાનોની સાથે બિરાજ્યા હતા. અચાનક જ મને બોલાવ્યો, અને કહે : 'તાજપરના જીવરાજભાઈ આવ્યા છે. ઉતારેથી નીકળતા મેં જોયા હતા. એ ક્યાં છે એ શોધી કાઢો અને એને મળી ઉતારા, જમવાની સગવડ કરી આપો...' હું વ્યવસ્થા માટે ગયો, પરંતુ વિચારમાં પડી ગયો. આવા માનસન્માનના ભવ્ય પ્રસંગે પણ સ્વામીશ્રીનું મન ગામડાના એક સામાન્ય હરિભક્તની વ્યવસ્થામાં છે ?!

જે જે હરિએ કર્યું હેત એવું કરે કોણ આપણે રે ?
વળી સમે સમે સંભાળ જાણો કરે હરિજનને રે
બીજું એવું કોણ દયાળ કાં રે મનાય નહિ મનને રે ?...

આ પંક્તિઓ સાર્થક થતી અનુભવી.

* * *

ગુણનિધિ સ્વામી

બોચાસણ

'એ... ભગત...'

જે બાજુથી અવાજ આવ્યો તે બાજુ મેં જોયું. સ્વામીશ્રી હાથના ઈશારે મને બોલાવી રહ્યા હતા. પરંતુ મારું મન માનવા તૈયાર ન હતું. કારણ...

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ બાદ સ્વામીશ્રી પહેલીવાર અમદાવાદ પધાર્યા હતા. લગભગ ૩૫ જેટલા નવદીક્ષિત પાર્ષદોને અહીં અમદાવાદ સેવામાં રાખ્યા હતા. આ નવા પાર્ષદો સાથે ઘણીવાર સ્વામીશ્રી હસે, મજાક કરે, વાતો કરે, હાથના લટકે કે આંખના મટકે સુખ આપે. પરંતુ મને સ્વામીશ્રીએ એકવાર પણ બોલાવ્યો નહોતો. સ્વામીશ્રી પધાર્યાને આજે પાંચ દિવસ થઈ ગયા. છતાં મને કેમ નથી બોલાવતા ? તેવું અંતરમાં થયા કરતું હતું. મનમાં થતું, બીજા ભણેલા છે –તો હું પણ ભણેલો છું. પરંતુ એ સ્વામીને ક્યાંથી ખબર હોય ? વળી મનને મનાવતો કે આ બધા સ્વામીશ્રી સાથે યુવકમાં હતા ત્યારથી પરિચયમાં છે. હું તો સાવ નવો જ સત્સંગમાં આવીને સાધુ થયો છું. તેથી આપણને ક્યાંથી ઓળખે ?

આજે કોઈ હરિભક્તની રસોઈ હતી. સભામંડપમાં બધા જમવા બેઠેલા. સ્વામીશ્રી સ્ટેજ ઉપર બિરાજ્યા હતા. અમે પાર્ષદો પીરસી રહ્યા હતા. મનમાં સ્વામીશ્રી બોલાવે તેવી ઇચ્છા હતી – ત્યાં જ સ્વામીશ્રીનો અવાજ સાંભળ્યો. ખાત્રી કરવા આગળપાછળ જોયું કે બીજાને તો નથી બોલાવતા ને ? પરંતુ સ્વામીશ્રીએ બે-ત્રણ વાર મારી સામે જ જોઈને નજીક આવવા હાથથી ઈશારો કર્યો.

અંતરમાં મલકાતો મલકાતો સ્વામીશ્રી પાસે ગયો. જેતલપુરમાં કોળી ભગતને શ્રીજીમહારાજે બોલાવેલ ત્યારે તેને જેવો આનંદ થયો હશે – તેવો જ આનંદ મને થયો.

ખૂબ જ પ્રેમાળ સ્વરે પૂછ્યું : 'તમારું નામ શું ?'

'પ્રેમલ ભગત.'

'તમે શું B.Sc. B.Ed. ભણેલા છો ?'

મેં શરમાતાં શરમાતાં હા પાડી.

ફરી કહે : 'શું ભણેલા છો ? અમને તો બોલતા ન આવડે.'

પછી કહે : 'B.Sc. B.Ed. એટલે શું ?'

મેં આ ડિગ્રી વિષે જણાવ્યું.

પછી તરત જ કહે : 'સાંજે નવા પાર્ષદો મુલાકાતે આવવાના છે. ત્યારે બધી વાત કરજો.'

પ્રથમ મુલાકાતે આટલી જ વાત થઈ, અને અંતરનાં કમાડ ખૂલી ગયાં. આનંદ આનંદ થઈ ગયો. સ્વામીશ્રી અંતર્યામી છે જ તેની પ્રતીતિ થઈ ગઈ. (આ સમયે સ્વામીશ્રી પાસે બીજા કોઈ ન હતા. જેમણે સ્વામીશ્રીને મારો પરિચય આપ્યો હોય.)

સાંજે સ્વામીશ્રીને મળવામાં મારો વારો આવ્યો. ત્યારે દ્વાર ઉપર ઊભેલા હરિશ્ચન્દ્ર ભગતે (નિખિલેશ સ્વામી) મને કહ્યું, 'બે થી ત્રણ મિનિટમાં પતાવજો. બીજા ઘણા બાકી છે.' મેં પણ જલદીથી વાત પતાવવા વિચારી લીધું. પરંતુ સ્વામીશ્રી ખૂબ જ વિગતથી વાતો પૂછી રહ્યા હતા.

'શું કરતા હતા ?'

'કેવી રીતે સાધુ થયા ?'

'આ અગાઉ ક્યાંય સાધુ થવાનો વિચાર થયો હતો ?'

'ઘરમાં બધાને સત્સંગ છે કે કેમ ?'

વગેરે ખૂબ જ શાંતિથી સ્વામીશ્રીએ બધું પૂછ્યું. પણ મારું ધ્યાન બારણે ડોકિયાં કરતા વ્યવસ્થાપકોમાં હતું.

પરંતુ સ્વામીશ્રીએ હૈયા ધારણ આપીને કહ્યું, 'ગભરાશો નહીં. નિરાંતે વાત કરો.'

મેં વિગતે વાત માંડી : 'નાનપણથી કથા સાંભળવાની રુચિ. એકવાર ડોંગરેજી મહારાજની કથા સાંભળીને, મોટા સાધુ પાસે રહી, તપ કરવાનો વિચાર થયો. પારાયણ પછી બીજે દિવસે જ કૉલેજ જવાના બહાને જૂનાગઢ ગયો. ગિરનાર ઘૂમ્યો. જંગલમાં થાકી ગયો. એક ભરવાડે પાણી બતાવ્યું. જમવાનું આપ્યું તથા રસ્તો દેખાડીને જતો રહ્યો.'

સ્વામીશ્રી વચ્ચે જ કહે : 'તે યોગીજી મહારાજ ભરવાડ રૂપે આવીને તમોને મદદ કરી ગયેલા !'

વળી મેં વાત માંડી : 'બાપા ! હું ત્યાં સંન્યાસીની જેમ રખડતો રહ્યો હોત તો મારી શી દશા થાત ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'સિંહનો માલ શિયાળિયાં ખાઈ જ ન શકે ! સાચા સ્થળે આવી ગયા છો. માટે દૃઢતા રાખજો.'

ખરેખર, કેવળ સ્વામીશ્રીએ અતિ કૃપા કરીને મને પોતાનો કરી લીધો છે.

* * *

૧૯૮૨માં સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા. મને ખૂબ જ તાવ આવતો હતો. સ્વામીશ્રી વિદાય થવાના હતા. તે દિવસે બપોરે બધા સંતો-પાર્ષદોને સ્વામીશ્રી જલેબીનો પ્રસાદ સ્વહસ્તે પીરસવાના હતા. હું પ્રસાદીની લાલચે નીચે જમવા આવ્યો. જૂની ભોજનશાળામાં બધા સંતો-પાર્ષદો સાથે જ સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા હતા. સંતો વારાફરતી સ્વામીશ્રી પાસે જઈ પ્રસાદ સ્વીકારતા હતા. મેં નક્કી કર્યું હતું કે બીમાર તો છું જ, પણ સ્વામીશ્રી જેટલી પ્રસાદી આપે તેટલી લઈ લેવી. મેં પત્તર ધર્યું, ત્યાં તો ૫ થી ૬ જલેબી આપી. બધાની સાથે હું પણ જમવા બેઠો. ત્યાગસ્વરૂપ સ્વામી જલેબી પીરસવા નીકળ્યા. તેઓ જાણતા હતા કે હું બીમાર છું. તેથી તેમણે આગ્રહ ન કર્યો. તે દૂરથી જ જોયું, ને સ્વામીશ્રી કહે : 'એ ભગતને કેમ ન આપી ?'

'એ બીમાર છે.'

'ભલે રહ્યા, આપો. સારું થઈ જશે.' સ્વામીશ્રીએ કહ્યું.

એવામાં વિશ્વવિહારી સ્વામી પણ જલેબી લઈને નીકળ્યા. સ્વામીશ્રીએ તેમને પણ કહ્યું કે 'ભગતને આપો !' આ બીજી વખત તો આખું પત્તર ભરાઈ ગયું. મનમાં વધુ બીમારીની દહેશત રમવા લાગી. ત્યાં સેવક સંત સંતસ્વરૂપ સ્વામીએ સ્વામીશ્રીના પત્તરમાં એક સરસ જલેબી મૂકી. સ્વામીશ્રીએ સહેજ ટુકડો જ જમીને મને અપાવી દીધી ! એક બાજુ આનંદ કે આવી પ્રસાદી ક્યાંથી ! બીજી બાજુ શંકા કે 'વધુ બીમાર પડીશ તો !' પણ દવાખાનામાં આવીને સૂતો. અને ૪ વાગ્યે ઊઠ્યો, ત્યારે મારી બીમારી

ગાયબ ! શરીરમાં ખૂબ જ સ્ફૂર્તિ અનુભવાતી હતી. જાણે કે હું બીમાર હતો જ નહીં.

વિદાય વખતે સ્વામીશ્રીએ મારી સામે મરમાળું હાસ્ય કર્યું. મારી આંખમાં આંસુ આવી ગયાં. આ પામર જીવનું કેટલું ધ્યાન રાખે છે. જલેબી ખવરાવીને દેહનો રોગ તો મટાડ્યો. પરંતુ અંતરમાં આ પ્રસંગ એટલો બધો કોતરાઈ ગયો છે કે અનેકવાર યાદ કરીને વારંવાર તે સુખ અનુભવું છું.

* * *

૧૯૮૨માં સંસ્થાના અમૃત મહોત્સવે બોચાસણમાં અમને ૧૮ પાર્ષદોને ભાગવતી દીક્ષા આપી. જનમંગલ સ્વામીની જોડમાં મને ખેડા જિલ્લામાં વિચરણ કરવાની આજ્ઞા થઈ. થોડા દિવસના વિચરણ બાદ હું સારંગપુરમાં સ્વામીશ્રીને મળ્યો.

સ્વામીશ્રી મને કહે : 'તમારે કથા કરવી. ગભરાવું નહીં.'

મેં કહ્યું : 'બાપા ! હું સત્સંગમાં સાવ નવો જ આવ્યો છું. હજુ સંપ્રદાયનું પણ મને બરાબર જ્ઞાન નથી. અને આપે ગામડે ફરવા મૂક્યો છે, તો સંભાળ રાખજો - કાં પછી થોડું ભણવા દો. ને પછી ફરવા મોકલો. તો કથાવાર્તા કરતા ફાવે.'

સ્વામીશ્રી કહે : 'આ બધું તમે ભણેલા જ છો. જોગી મહારાજની આજ્ઞા પ્રમાણે રહો એટલે બધું ભણવાનું આવી ગયું. માટે હિંમત રાખવી. આપણે ક્યાં આપણા ગુણગાન ગાવા છે ? આપણે તો મહારાજ-સ્વામી-જોગી મહારાજના ગુણ ગાવા છે ને !'

બસ, આટલાં વચનોથી ખૂબ જ બળ મળી ગયું. અંતરમાં સંકોચ હતો તે સ્વામીશ્રીએ ખંખેરી નાખ્યો. પછી કોઈ દિવસ ગામડે ફરવા બાબતનો મોળો વિચાર આવ્યો નથી.

* * *

તા. ૨૭-૨-૮૫, વસંત પંચમીનો દિવસ હતો. બપોર પછી આરામ બાદ સ્વામીશ્રી ૫-૧૫ વાગ્યે પ્રસાદ જમીને બેઠા. મુલાકાતીઓની વણઝાર શરૂ થઈ. રાત્રિના આઠ વાગી ગયા. મુલાકાતો બંધ થઈ ને એકદમ જ ઊતાવળા ઊભા થઈ સ્વામીશ્રી બાથરૂમમાં ગયા. લઘુશંકા બાદ બહાર આવતા જ પ્રિયદર્શન સ્વામીને પૂછ્યું : 'આરતી થઈ ગઈ ?'

'હા, ક્યારનીયે થઈ ગઈ.'

'અષ્ટક પણ પૂરા થઈ ગયા ?'

'હા.'

'દર્શન થશે ?'

'હા, પૂજારીના દરવાજેથી જઈશું તો થશે.'

'થાળ ચાલતો હશે.' સ્વામીશ્રીએ અનુમાન કર્યું. અને તરત જ ઉતાવળે પગલે મંદિર બાજુ જવા તૈયાર થયા. ચાલતાં ચાલતાં નિસાસો નાખતાં કહે : 'આ એક ને એક વાત લઈને હરિભક્તો વારંવાર આવે. વિચાર્યા વિના પગલાં ભરે. આમાં ને આમાં આપણી આરતી ગઈ. લોકો અમથા આવતા હોય છે. ફરી ફરીને કંઈ કામ ન હોય તો પણ ખોટો ટાઈમ બગાડવા આવે.'

પછી ગર્ભગૃહમાં જવાનાં પગથિયાં ચડતાં કહે : 'આ પગથિયાં લગાડવાની સેવા મળી હતી. એક વનરાવન નામનો કડિયો હતો. એ ચોટાડે અને અમે પથ્થર તથા ચૂનો લાવી આપતા.'

નારાયણચરણ સ્વામીએ કહ્યું : 'મજૂરીના પૈસા બચે એ માટે સંતો સેવા કરતા ને?'

સ્વામીશ્રી કહે : 'મજૂરો મળતા જ નહીં ને ! અને મળે તે પણ બધા ડાંડ. ભીલાંરાણા અને ભીલાંરાણીઓ આવે. ખૂબ જ આળસુ. બરાબર કામ ન કરે. શાસ્ત્રીજી મહારાજને આવા સહેજે ન ગમે. તેથી અમે જાતે કરતા.' પછી શાંતિથી દર્શન કરીને નીચે ઊતરતાં સામે મુંબઈનો યુવક અતુલ ઊભો હતો. તેણે સ્વામીશ્રીનાં ચરણ પાસે ચંપલ મૂક્યા, ત્યાં સ્વામીશ્રી કહે : 'આરતીમાં ગયો હતો ?'

'ના, બાપા. રસોડામાં હતો.'

સ્વામીશ્રી કહે : 'તે વખતે રસોડું - બસોડું બધું મૂકી દેવું. આરતીનો બેલ વાગે એટલે દોડવું. તો મહિમા કહેવાય.' પછી કહે : 'તારે ક્યાં મુલાકાતો હોય છે ! અમે તો એવા જકડાઈ ગયા છીએ કે આરતી પણ જતી રહે છે. માટે આરતી, કથા, ચેષ્ટા સમયે પહોંચી જ જવું.'

આવા પ્રસંગે સ્વામીશ્રીની ભક્તિભાવના જોઈ આપણને પણ અંતર્દષ્ટિ થાય છે કે એમને અંતરમાં આરતી-કથા-ચેષ્ટાનું કેટલું બધું મહત્ત્વ છે ! પોતાની નાદુરસ્ત તબિયત, વળી અનેક ભક્તોનાં સુખદુઃખમાં જ જેમનું

જીવન વીતે છે. છતાં આરતીમાં ન જવાયું તેનો કેટલો બધો વસવસો છે. વળી, આપણને સૌને સમયે સમયે ટકોર કરીને શીખવે છે કે આ અતિ અગત્યનું છે. ગમે તેટલો વહેવાર કરીએ પરંતુ ભક્તિનું અનુસંધાન અખંડ રહેવું જોઈએ. અને ન રહે તેનું દુઃખ થવું જોઈએ.

* * *

સ્વામીશ્રીએ કાનમમાં ૨૧ દિવસમાં ૯૪ ગામમાં વિચરેલા, ત્યારે સાથે રહીને સેવાનો લાભ મળ્યો હતો.

તા. ૭-૨-૮૫ના રોજ અમે નોંધણા ગામે પહોંચ્યા. સ્વામીશ્રી ગામના ટાવરનું ઉદ્‌ઘાટન કરીને ઉતારે પધાર્યા. નવું મકાન હતું. બેઠકના આખા ભાગમાં મોટું મોદિયું પાથર્યું હતું. સ્વામીશ્રીની ચકોર નજર જતા, તુરત જ બારણામાં જ બન્ને હાથે બારસાખ પકડીને સહજ રીતે ઊભા રહી ગયા. હરિભક્તોને કડક રીતે કહે, 'આ મોદ પ્રથમ લઈ લ્યો.'

હરિભક્ત કહે : 'બાપા ! અહીં કોઈ(સ્ત્રી) નહીં આવે.'

સ્વામીશ્રી વધુ કડક થઈને કહે : 'તમે અમારી ત્યાગીની રીત બરાબર ધ્યાનમાં રાખો. અત્યારે પહેલાં આ લઈ લ્યો.'

સ્વામીશ્રી તે મોદ લેવરાવ્યા પછી જ અંદર પ્રવેશ્યા.

બેઠા પછી બધાને સંબોધીને કહે : 'જુઓ, આપણા સંપ્રદાયની રીત સમજી રાખવી. અમે આમ બેઠા હોઈએ. તમારું ધ્યાન અમારી બાજુ હોય. અને કોઈક છોકરી અચાનક આવી જાય, એ નિર્દોષ છે. એને કંઈ આવી ખબર ન હોય. તમોને ખ્યાલ ન રહે. પછી અમારે ઉપવાસ પડે. અને અમે જમીએ નહીં. એટલે તમને કાયમનું અંતરમાં દુઃખ રહે. માટે જ્યારે જ્યારે સંતો આવવાના હોય, ત્યારે આ સમજી જ રાખવું. એક વખત આ કર્યું તેથી હવે કાયમ યાદ રહી જશે.' સ્વામીશ્રી વર્ત્યા છે, ને નાનકડા વર્તનનું મહત્ત્વ પણ તેમણે લોકહૈયે દઢ કરાવ્યું છે. તેથી જ તેઓએ પ્રત્યેક પ્રણાલી અને શિસ્તનું જતન કર્યું છે.

* * *

તા. ૨-૨-૮૫, વાસણા-કોતરિયા, સ્વામીશ્રી આ ગામમાં લગભગ ૨૦ વર્ષ બાદ પુનઃ પધાર્યા હતા. તેથી ગામ લોકોને ખૂબ જ ઉમંગ હતો. સ્વામીશ્રીને હાથી ઉપર બીરાજમાન કરીને, સામૈયું કરી, ગામમાં પધરાવવા

માટે હાથી શણગાર્યો હતો. હજારેક ભાવિકો-ભક્તો નગરયાત્રાના પ્રારંભની રાહ જોઈ રહ્યા હતા. સ્વામીશ્રી પધાર્યા. હાથી શણગારેલો જોઈને સખત નામરજી દર્શાવી. પરંતુ હરિભક્તોના આગ્રહ પાસે નમતું મૂકી, હાથી ઉપર બિરાજ્યા. જોકે ઉપર બેસવામાં ઘણી તકલીફ પડી. ને ફાવે તેમ પણ નહોતું. સાંજે ૯ વાગ્યે નગરયાત્રા પૂરી કરી સ્વામીશ્રી ઉતારે આવ્યા. ને મારી સામે જરા કડકાઈથી કહે : 'આ હાથીનું આયોજન કોણે કર્યું ?'

મેં કહ્યું : 'બાપા ! મને કંઈ ખબર નથી. બધું દિવ્યસ્વરૂપ સ્વામી જાણે છે.'

સ્વામીશ્રી આકળા થઈને કહેવા લાગ્યા : 'ક્યાં ગયા એ દિવ્યસ્વરૂપ ? આમ કહે છે કે બાપાને ભીડો પડે છે, અને વળી પાછા આ હાથીએ ચડાવે છે ! આ ખોટો ખર્ચો કરવાની શું જરૂર હતી ? આપણે દેખાદેખી કરવી નહીં. હાથીએ ચડીને કંઈ મોટપ વધી જતી નથી. મેં હજારવાર ના પાડી હશે કે મને આ પસંદ નથી. આ તો નવા સત્સંગીઓ, તેથી તે સમયે કંઈ બોલ્યો નહીં. બાકી બોરસદમાં હાથી પડ્યો રહ્યો હતો. આ નવા એટલે ખોટું લાગી જાય. તેથી ના છૂટકે બેસવું પડ્યું છે. માટે આજથી બધા સમજી રાખો, આવો ખોટો ખર્ચ કરવો જ નહીં. દિવ્યસ્વરૂપને બહુ શોખ હોય તો એને બેસાડો. ખબર પડે કેવું સુખ આવે છે ?'

હું તો હાથ જોડીને સ્તબ્ધ થઈને ઊભો જ રહ્યો. આવા સ્વરૂપનાં દર્શન પહેલી જ વાર થયા હતાં. એ મૂર્તિ, એ સન્માનના અભાવની ભાવના, એ સાચી મોટપની સ્પષ્ટતા બધું જ હૃદયમાં કોતરાઈ ગયું છે. ખોટો આડંબર કે ઠઠારો સ્વામીશ્રીને જરા પણ પસંદ નથી.

* * *

અમે સ્વામીશ્રી સાથે ઓચ્છણથી દાંદા જતા હતા. રસ્તામાં એક યુવકે ખેતરમાંથી જવાનો રસ્તો દેખાડ્યો. ત્યાંથી ગાડી લીધી તો ખરી પણ ફસાઈ ગઈ. ઘણા પ્રયત્ન કરવા છતાં ગાડી બહાર નીકળી નહીં. તેથી અમે સૌ ધક્કા મારવા લાગ્યા. એવામાં સ્વામીશ્રી સ્વયં ગાડીમાંથી ઊતર્યા, ના પાડવા છતાં પોતે પણ ધક્કા મારવા લાગ્યા ! માંડ ગાડી નીકળી. સ્વામીશ્રી કહે : 'લ્યો, આ બ્રહ્મસ્વરૂપ ! આવું કામ છે, અમારું તો !'

મેં કહ્યું : 'બાપા ! આપ તો અંતર્યામી છો. આવી ખબર જ હતી તો

પહેલેથી કેમ કહેતા નથી.'

સ્વામીશ્રી કહે : 'યોગી મહારાજ કહેતા કે આ બધી સ્મૃતિ યાદ રાખવી !'

સાચે જ આપણને સ્મૃતિનું, ભીડો વેઠવાની પ્રેરણાનું સુખ આપવા જ સ્વામીશ્રી જાતે ભીડો વેઠે છે.

* * *

૧૯૮૫માં યોજાયેલા કાનમના વિચરણ વખતે સ્વામીશ્રી કુવાદર પધાર્યા હતા. ગામમાં ઘરેઘરે પધરામણીઓ ચાલતી હતી. ભગવાં કપડાં જોઈને એક ભેંસ અચાનક ભડકી અને ખીલેથી સાંકળ તોડીને ભાગી. તેનો વેગ ભયંકર હતો. કૂદકા મારતી તે સીધી જ અમારી તરફ આવી રહી હતી. બધા જડવત્ બની ગયા હતા. હજુ સૌ આજુબાજુ ખસે તે પહેલાં ભેંસ સ્વામીશ્રી તરફ વળી. સ્વામીશ્રી નિધડક ચાલ્યે જતા હતા. મેં જોરથી રાડ નાખી : 'બાપા, આ બાજુ...' સ્વામીશ્રી કાંઈ સમજે તે પહેલાં તો સારીંગવાળા સુભાષભાઈએ સ્વામીશ્રીને ઝડપથી બાથમાં પકડી લીધા ને રસ્તાને કિનારે ખેંચી લીધા. સ્વામીશ્રી પડતાં પડતાં બચ્યા. પરંતુ સાથે ફરતાં સીમલિયાના કાશીભાઈને ધક્કો લાગવાથી પડી ગયા. અને તેમની ઉપરથી કૂદકો મારીને ભેંસ ભાગી. તેમની છાતીની બાજુમાં જ ભેંસનો થાંભલા જેવો પગ પડ્યો, ને જમીનમાં ગોબો પડી ગયો. પણ આશ્ચર્ય એ હતું કે કાશીભાઈને કોઈ ઈજા ન થઈ !! થોડી જ ક્ષણોમાં શું બની ગયું તે કોઈને સમજાયું નહીં. પણ કાશીભાઈ બચે તેવી કોઈ શક્યતા જ ન હતી. તેને બદલે શરીર પર એક ઘા સરખો ય ન થયો તે માત્ર કૃપાનું જ પરિણામ હતું. સ્વામીશ્રી તો જાણે કશું જ બન્યું ન હોય તે રીતે મરક મરક હસી રહ્યા હતા. થોડે આગળ ચાલ્યા ને સ્વામીશ્રી કહે : 'આ ગામના લોકોને ખરેખર આ મોટી સ્મૃતિ મળી ગઈ.'

મેં કહ્યું, 'પણ આવી સ્મૃતિ તે હોતી હશે ? બધાના જીવ અદ્ધર થઈ ગયા હતા.'

સ્વામીશ્રી કહે : 'જીવ અદ્ધર થઈ જાય તો વધુ સ્મૃતિ રહે ને !'

* * *

તા. ૪-૨-૮૫ (કાનમ). આજે નહારપુર પધાર્યા હતા. માત્ર મનુભાઈ એક જ સત્સંગી. તેમનો ભાવ પૂરો કરવા જ અહીં પધાર્યા હતા. રાત્રિરોકાણ

અહીં જ હતું. વળી નવું જ ગામ, તેથી રીતરિવાજ કાંઈ જ ખબર નહીં. પૂજા બાદ સ્વામીશ્રીએ આખા ગામના દરેક ઘરે અંદર જઈને ફૂલ છાંટ્યાં. જો કોઈ ઘર રહી જાય તો સામેથી કહે : 'પેલું ઘર રહી ગયું... ત્યાં નાનું ઝૂંપડું રહી ગયું..' એમ સાવ ઝૂંપડામાં જઈ જઈને સ્વામીશ્રીએ સૌને રાજી કર્યા. વચ્ચે વચ્ચે ફળિયામાં, શેરીમાં ચાલતાં ચાલતાં પોતે જ ધૂન બોલાવતા જાય. ક્યારેક અમે ધૂન બંધ કરી દઈએ, તો તરત જ કહે : 'ધૂન બોલો.' સ્વામીશ્રીના કાર ડ્રાયવર ઈન્દ્રવદન એમ જ ચાલતા હતા. તેથી તેમને કહે : 'મુંગો મુંગો શું ચાલે છે ? ધૂન બોલને ?'

બારૈયા વાસમાં પણ ઘેર ઘેર જઈને ફૂલ છાંટ્યાં. મનુભાઈ એક માણસને સ્વામીશ્રી પાસે લાવ્યા, અને કહે : 'બાપા ! આ દારૂ બહુ પીવે છે.'

તુરત જ સ્વામીશ્રી તેના ખભા ઉપર એક હાથ મૂકીને બીજા હાથે કાંડું પકડીને હાંફતાં હાંફતાં સમજાવવા લાગ્યા. હાથમાં પાણી આપ્યું, 'હવે આજથી બંધ કરી દે. એ ઝેર છે. પ્રતિજ્ઞા લઈ લે... પીવું જ નહીં...' મને કહે : 'તેને કંઠી આપો. મૂર્તિ આપો.' પછી ફરી તેને કહેવા લાગ્યા કે 'ધૂન-ભજન-માળા બધું કરતા રહેજો. બીજીવાર આ પેસવું ન જોઈએ.'

સાવ મામૂલી જણાતા માણસો પ્રત્યે પણ સ્વામીશ્રીની કેટલી દયા ! અન્યને સુખી કરવા પોતાના દેહને પણ ગણકાર્યા વિના સ્વામીશ્રીએ સતત વિચરણ કર્યે રાખ્યું છે.

આ ૨૧ દિવસના વિચરણમાં વચ્ચે રાજપીપળા ગામે તો સ્વામીશ્રીને તાવ ચડી ગયો. જેમ સંધ્યા ઢળતી ગઈ તેમ તાવની ગરમી વધતી ગઈ. રાત્રિ સભામાં આવવા ભારપૂર્વક ના કહી. તો પણ પ્રથમ આશીર્વાદ આપીને ૯ વાગ્યે ઉતારે આવ્યા ! સૌનું મન સચવાય એ એમને મન અગત્યનું છે. નહીં કે પોતાનો દેહ સચવાય !!

બીજે દિવસે તાવ ઊતરી ગયો હતો. પણ હજુ અશક્તિ એટલી જ હતી. સ્વામીશ્રીએ ફરી બીજે દિવસે વિચરણ શરૂ કરી દીધું હતું. ઍટેક આવ્યા પછીના દિવસોમાં પણ આવું સખત ભીડાવાળું વિચરણ સ્વામીશ્રીએ કર્યું છે. ૨૧ દિવસમાં ૯૪ ગામ ફર્યા હતા. એકવાર તો એક જ દિવસમાં ૧૧ ગામ ફર્યા હતા.

તા. ૨-૨-૮૫ થી તા. ૨૩-૨-૮૫ સુધીનું આ વિચરણ અત્યંત ભીડા

વાળું બની રહ્યું. ઘણાં તો સાવ નવાં ગામ. અને તે પણ તદન ગરીબ પ્રજાનાં ! પરંતુ સ્વામીશ્રીનો ઉત્સાહ અદ્‌ભુત હતો. દેહને ગણકાર્યા વિના, સતત ગુણાતીત મસ્તીમાં એમણે આ વિચરણ કર્યું હતું. જેના સાક્ષી તરીકે મને ઘણો જ લાભ મળ્યો. અને સાથે સાથે ઘણી ઘણી પ્રેરણાઓ પણ મળી છે.

તા. ૭-૨-૮૫, ભીમપુરા (ભરૂચ). આમોદની બાજુનું આ ખૂબ જ પછાત ગામ. ગામના સરપંચ ચુનીભાઈને ઘેર સ્વામીશ્રીનો ઉતારો હતો. રાત્રે લગભગ ૧૧-૩૦ વાગ્યે સૂવા જતા પહેલા પાછળના ફળિયામાં લઘુ કરવા ગયા. ત્યાં ખુલ્લામાં એક આધેડ વયનો માણસ બીડી પીતો હતો. સ્વામીશ્રીને આવતા જોઈને તેણે બીડી ફેંકી દીધી. સ્વામીશ્રીએ તેની પાસે જઈ, તેના ખભા ઉપર હાથ મૂકીને પ્રેમથી પૂછ્યું, 'તારું નામ શું ?'

'મંગળ.'

'અહીં શું કરે છે ?'

'ચાકર તરીકે આ સરપંચને ત્યાં રહું છું.'

'દારૂ વગેરે કંઈ લેતા નથી ને ?'

'કદી નહીં, મા'રાજ.'

'બીડી પીવો છો ?'

'હા, તે તો પીવી પડે.' તેણે કહ્યું.

'છોડી દેજો.' સ્વામીશ્રી તેને સમજાવવા લાગ્યા : 'આ વસ્તુ નકામી છે. શરીર બગાડશે. તે આપણા માટે છે જ નહીં. માટે છોડી દેજે. તો સુખી થઈશ. તે શરીર અને પૈસો બન્ને બરબાદ કરે છે.'

'હા, મા'રાજ.' મંગળે કહ્યું.

લઘુ કર્યા બાદ સ્વામીશ્રી ફરી તેની પાસે આવ્યા. વહાલથી કહે : 'તમારે કેટલા દીકરા છે ?'

'બે.'

'તેને વ્યસન છે ?'

'હા, તે દારૂ પણ પીવે છે.'

સ્વામીશ્રી કહે : 'તેને સવારે લાવજો. કંઠી પહેરાવીશું. દારૂ પણ છોડાવીશું. અને તમોને પણ કંઠી પહેરાવીશું. રોજ માળા ફેરવજો. આ વ્યસન છોડી દેજો. સુખિયા થઈ જશો.'

ખરેખર, સ્વામીશ્રીએ તેને જે હેતથી વાત કરી, તેવી તેને આજ સુધી કોઈએ કરી નહીં હોય. અને સ્વામીશ્રીના પ્રેમથી તેણે કાયમ માટે વ્યસન મૂકી દીધું, ને રોજ પૂજા કરતો થઈ ગયો.

આવા સામાન્ય માણસો પ્રત્યે પણ સ્વામીશ્રીનો આત્મીયતા ભર્યો લગાવ એવો ગાઢ બની જાય છે કે તેના હૃદયમાંથી અનેક વર્ષો જ નહીં, પરંતુ અનેક જન્મોનો કચરો પણ એક ક્ષણમાં ભસ્મીભૂત કરી હૃદયમાં ભગવાન પધરાવી દે છે.

* * *

બોચાસણ, ગુરુપૂર્ણિમાના દિવસે હજારો હરિભક્તો દર્શનાર્થે આવ્યા હતા. વ્યક્તિગત દર્શનમાં ઘણી અવ્યવસ્થા થઈ. માણસોનું દબાણ વધી જતાં સિંહાસન પાસેનો લાકડાનો કઠેરો તૂટી ગયો. બીજે દિવસે સવારે વિદાય લેતાં સ્વામીશ્રી ઘણી ઉતાવળમાં હતા. છતાં ઠાકોરજીનાં દર્શન કરીને સભામંડપમાં દર્શન માટે પધાર્યા. અમને આશ્ચર્ય થયું. અત્યાર સુધી સામાન્ય રીતે ઠાકોરજીનાં દર્શન કરીને, સ્વામીશ્રી સીધા જ ગાડીમાં બેસી જતા. પરંતુ, આજે સભામંડપમાં કેમ ? સૌ સ્વામીશ્રીની પાછળ ચાલ્યા. એક થાંભલાની બાજુમાં ઠાસરાના એક વૃદ્ધ, અતિ ગરીબ, અંધ હરિભક્ત મણિભાઈ બેઠા બેઠા માળા ફેરવતા હતા. સ્વામીશ્રી તેની પાસે જઈને કહે 'જય સ્વામિનારાયણ, મણિભાઈ.'

પેલા કહે : '...કોણ ?'

સ્વામીશ્રી કહે : 'હું.. પ્રમુખસ્વામી !'

મણિકાકા તો એકદમ પોતાના હાથ લાંબા કરી સ્વામીશ્રીના ચરણ શોધવા મંડી પડ્યા. સાદ રુંધાઈ ગયો. બંધ આંખે પાણી નીતરવા લાગ્યાં... સ્વામીશ્રીએ એકદમ જ વાંકા વળીને તેમના માથે હાથ મૂક્યા ને પ્રેમથી પૂછ્યું : 'કેમ છે ?' કાકા તો બોલી જ ન શક્યા... આંખેથી હર્ષાશ્રુ વહ્યા કરતાં હતાં. તેમને તો આનંદ આનંદ થઈ ગયો. સ્વામીશ્રીની વિદાય પછી તે અમને કહે : 'ગઈકાલે ગુરુપૂનમે મારે ગીરદીને કારણે વ્યક્તિગત દર્શન થયા નહીં. અંતરમાં ખૂબ વસવસો હતો. આજે સામેથી બાપાએ આવીને અઢળક સુખ આપ્યું !'

સ્વામીશ્રી કેવળ તેમને સુખ આપવા જ સભામંડપમાં પધાર્યા હતા !!

સ્વામીશ્રી કેવળ કરુણા કરીને જ આ એક મણિકાકા માટે નહીં, પરંતુ આપણા સર્વે માટે સામેથી આવ્યા છે. એમને તો આપણને અઢળક સુખ આપવું જ છે, આપણે બધા વિષય-વાસનામાં અંધ જ છીએ. તેમ છતાં જો હાથ ફંફોળીશું તો તેમના ચરણ હાથમાં આવી જશે. એટલે કે જો આજ્ઞા પાળવા થોડોક જ પ્રયત્ન કરીશું, તો ખૂબ જ સુખિયા થઈ મહારાજ પાસે બેસવાના અધિકારી બની શકીશું.

* * *

ભક્તિસાગર સ્વામી

સારંગપુર

અમારી અભ્યાસયાત્રાના વ્યવસ્થાપક સ્વામીશ્રી, આયોજક સ્વામીશ્રી, માર્ગદર્શક પણ સ્વામીશ્રી ! રસ્તામાં પ્રેમ અને પ્રોત્સાહનનું પાથેય પીરસનાર સ્વામીશ્રી, પ્રેરણાનાં પીયૂષ પાનાર પણ સ્વામીશ્રી, અભ્યાસમાર્ગનાં વિઘ્નો દૂર કરનાર સ્વામીશ્રી, હૃદયમંદિરની સંભાળ રાખનાર-રખાવનાર પણ એ જ મૂર્તિ. અમને ઉચ્ચત્તમ મંઝિલ સુધી પહોંચાડવા સ્વામીશ્રીએ જ મહત્ત્વનો ફાળો આપ્યો છે. કહોને કે સ્વામીશ્રી અમારા માટે બધું જ કરી છૂટ્યા છે અને અમને સ્નેહપાશથી બાંધી દીધા છે !

આ અભ્યાસયાત્રામાં અમે પાંચ સંતો હતા. બ્રહ્મદર્શન સ્વામી, પ્રભુચરણ સ્વામી, રસિકવિહારી સ્વામી, ભદ્રેશ સ્વામી અને હું. અમને દરેકને આ વિદ્યાયાત્રામાં સ્વામીશ્રીના અનેક દિવ્ય ગુણો : વિદ્યાવત્સલતા, ભાવના, ઉદારતા, તાન, હૂંફ અને દિવ્ય વહાલ ભરેલી લાગણીઓ બધું જ અનુભવાયું છે...

સ્વામીશ્રીના હૃદયકુંભમાંથી છલકાયેલી કેટલીય સ્નેહધારાઓએ અમારાં હૃદય પાવન કર્યાં છે. સ્વામીશ્રીનાં અંતઃસૌંદર્યનાં રહસ્યો તેમના પ્રસંગોમાં અને અમણે લખેલા પત્રોમાં પ્રગટી ઊઠ્યાં છે !

સંસ્કૃત અભ્યાસના આરંભે અમને બળની વાતો કરી : 'અભ્યાસમાં ઉમંગ, ઈશક રાખવો. તલતુંબડિયા શાસ્ત્રીની જેમ મંડવું.' સંતતાલીમકેન્દ્ર - સારંગપુરમાં અમે પાંચ સંતો ન્યાય, વ્યાકરણનો સંસ્કૃત અભ્યાસ કરતા હતા. કાશીના અધ્યાપક-પંડિતોને અહીં દૂર દેશમાં ફાવતું નહીં. તેથી અભ્યાસમાં વારંવાર અવરોધ આવતો. સ્વામીશ્રી ૧૯૯૦માં સારંગપુર આવ્યા ત્યારે આ વાત જાણી. સ્વામીશ્રીએ અમને વધુ અભ્યાસ માટે મુંબઈ મોકલ્યા. તે પહેલાં અમને ભાદરણમાં સ્વામીશ્રીનો દિવ્યલાભ મળ્યો. અભ્યાસ દરમ્યાન અધ્યાત્મમાર્ગમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે સ્વામીશ્રીએ અમને શિક્ષાવચનો

કહ્યાં : 'ભણવા જવું, પણ સારંગપુરની રીત ન મૂકવી. ટ્રેનિંગ મળી છે એમાં ફેરફાર ન થવો જોઈએ. ચેષ્ટા, ભજન, સેવા એ ન મૂકવાં. ટાઇમસર દર્શન-કથામાં પહોંચી જવું.'

તા. ૨૮-૫-૯૦એ વડોદરામાં નવીનભાઈ સોનીને ત્યાં પણ ઉપદેશવચનો કહ્યાં : 'બરાબર અભ્યાસ કરજો. શહેરમાં વૃત્તિ ન જવા દેવી. એકાગ્રતાથી વાંચન કરવું...'

મુંબઈ જેવી માયાવી-અલબેલી નગરીમાં અભ્યાસને પૂર્ણવિરામ ન લાગી જાય અથવા દિશા બદલાઈ ન જાય, વિદ્વત્તા અને સાધુતાનાં પૈડાં પર અમારો અભ્યાસરથ સમતોલ દોડતો રહે તે માટે પત્રથી બળ સીંચ્યું :

ગોંડલ. તા. ૨૨-૧૨-૯૦. 'આપ સર્વે સારી રીતે અભ્યાસ કરી રહ્યા છો. તેમાં પંડિતો પણ મળેલ છે, ને કોઠારી સ્વામીએ સગવડ કરેલ છે અને આપનો ઉત્સાહ સારો છે, તો હવે ચિત્ત દઈને અભ્યાસ કરશો.

'સંપ રાખીને, એકબીજાને મદદરૂપ થઈને અભ્યાસ, કથાવાર્તા, ભજન, ભક્તિ, દર્શન, આરતી, કથા-ચેષ્ટા કરશો. આ નિયમ પણ બરાબર રાખશો. સર્વેએ સાથે હળીમળીને મહિમા રાખી-સમજીને કાર્ય કરવું. નિયમધર્મની દૃઢતા રાખવી. 'મોટા શહેરનું સેવન..' તે ગુણાતીતાનંદ સ્વામીની વાત યાદ રાખવી. અખંડ જાણપણારૂપે દરવાજે રહેવું. આપણે યોગીબાપાના સંત છીએ, માટે સાધુતા રાખીને દરેક કાર્ય કરવું. બહારવૃત્તિ ને બહારનું ખાવા-પીવાનું ન કરવું. નિયમમાં રહીને ખાવું-પીવું, બોલવું-ચાલવું-પણ નિયમ બહાર કંઈ ન કરવું. કોઠારીની આજ્ઞા મુજબ રહેવું. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજનું શોભે તે વિચાર ને વર્તન રાખવું.'

* * *

રામાનુજવેદાંતના વધુ અભ્યાસ માટે દક્ષિણ ભારત-બેંગ્લોર જવાનું વિચારાયું. સ્વામીશ્રીએ એ માટે સ્થાનિક ભક્તોને સંતોના આવાસ માટે ભલામણ કરી. મકાન મળ્યું, પણ ભાડું ઘણું ઊંચું હતું. છતાંય સ્વામીશ્રીએ કહ્યું, 'બધી વ્યવસ્થા આપણે કરીશું, ચિંતા કરશો નહીં. સારા વિદ્વાન્ , પંડિત બની અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન વધારો એવા કરવા છે...'

સ્વામીશ્રી ૧૯૯૩માં મુંબઈમાં હતા. થોડા દિવસના નિવાસ દરમ્યાન ઘણા ભાવિકો, ભક્તો દર્શન-સમાગમ માટે ઊમટતા. સ્વામીશ્રી ખૂબ વ્યસ્ત

હતા, છતાં સમયે સમયે અમને હિતવચનો કહ્યાં.

તા.૧૫-૨-૯૩ના મુંબઈથી નીકળી સ્વામીશ્રી નાગપુર-કલકત્તા તરફ વિચરણમાં જવાના હતા. વિદાયની ક્ષણોમાં પણ અમને સ્નેહથી મળી, કેટલીય ભલામણ કરીને સંસ્કાર્યા. કલકત્તામાં સ્વામીશ્રીને ચક્કર આવવાના શરૂ થયા. તેથી તા.૨૧-૨-૯૩ના પુનઃ મુંબઈ પધાર્યા. સ્વામીશ્રીને આરામ કરવાની ડૉક્ટરની કડક સૂચના હતી. સ્વામીશ્રી પૂજા પણ પાંચમે માળે જ કરતા. મુલાકાતો સદંતર બંધ હતી. છતાંય સ્વામીશ્રીએ અમને વિદ્યાર્થી સંતોને સામેથી યાદ કરી ક્યારેક સવારે ૯ વાગ્યે, તો ક્યારેક બે વાગ્યે, ક્યારેક સાંજે તો ક્યારેક રાત્રે બોલાવ્યા, બેસાડ્યા ને સમજાવ્યા. નિત્યનિત્ય નવા સ્નેહ કરીને અમારાં અંતર આનંદથી છલકાવી દીધાં. તે વાતોમાં - પ્રસગોમાં બધું જ હતું.

ભક્તિ, સ્વચરિત્રો, અભ્યાસશૈલી, વાંચનવિવેક, સમજણ, સાધુતા, વ્યવસ્થા, સ્નેહથી તેજ પ્રસરાવતી એમની વાણી - બધું જ એમના શબ્દોમાં જ સ્મરણીય બની રહેશે.

અમે સંતો બૅંગલોર જવાના હતા. સાથે હરિકૃષ્ણ મહારાજનું ચલસ્વરૂપ પધારે એવી ઈચ્છા હતી. સ્વામીશ્રીએ આ વિચારને વધાવી લીધો અને ભક્તિની રીત શીખવી :

'ઠાકોરજી લઈ જાઓ છો એ સારું છે. ઠાકોરજીની ભક્તિ કરવાનો વિચાર સારો છે. અમને ગમ્યો. આપણો સંપ્રદાય ભક્તિનો છે. સંતોને ઠાકોરજી સાથે હોય એ સારું. ભગવાનની ભક્તિ થાય. ભક્તિસંપ્રદાયની રીત રહે તો નાસ્તિકભાવ ન આવે.

'તમે ઠાકોરજીને સાચવશો, સેવા કરશો તો ઠાકોરજી તમને સાચવશે. પૂરું ધ્યાન રાખશે. એ માટે જ ઠાકોરજી મોકલીએ છીએ. માટે મહિમાથી સેવા કરજો.'

સ્વામીશ્રીના આ શબ્દોએ અમારાં ચિત્ત અને ચેતના ઈષ્ટદેવમાં પરોવી દીધાં.

* * *

તા. ૨૬-૨-૯૩ના દિવસે મુંબઈમાં અમે સ્વામીશ્રીની વાત સાંભળતા હતા. એમાં અમારાં ચક્ષુ સામેથી પાંચ દાયકાના અતીતના પડળ ખસી ગયા

ને સાવ સામે જ તરવરી રહ્યા : વિદ્યાર્થી સ્વામીશ્રી, તેમની અધ્યયનભૂમિ : ખંભાત, ભાદરણ અને એમના સહાધ્યાયીઓ.

સ્વામીશ્રી કહી રહ્યા હતા : 'ખોડાભાઈ માસ્તર અને ધનેશ્વરભાઈ બે અમારા શિક્ષકો હતા. બેયની સ્થિતિ સાધારણ. પણ નિષ્ઠાવાળા; શાસ્ત્રીજી મહારાજ વિશે બહુ ભાવ.

'ખંભાતમાં અમે ભણતા ત્યારે ભિક્ષા માંગીને પૂરું કરવું પડતું. ગામમાં ઝોળી માગવા જઈએ અને શાસ્ત્રીજી મહારાજે કહેલું તેથી તારાપુર અને નાર સુધી પણ જતા. પંદર દિવસે એકવાર એકાદશીએ જવાનું. દ્વાદશીનું પુણ્ય મળે એવા આશયથી લોકો અનાજ, લોટ, તેલ, ઘી આપે.

'વરતાલથી એક સંત - નિરન્નમુક્ત આવેલા. તે રજોગુણી બહુ. લૂગડાં અપ-ટુ-ડેટ પહેરે ને જમવામાં તાલમેલ જોઈએ. એ ઝોળી માગવા ના આવે. હું અને અક્ષરજીવન ઝોળી માગીએ... એ બ્રહ્મચારીની જોડમાં મંદિરે રહે.

'બ્રહ્મચારી એને કહે : 'હુંય ભણું છું ને તુંય ભણે છે.. માટે આપણે બેય રસોઈ બનાવીએ, હું એકલો નહિ બનાવું. ચોખા-દાળ તૈયાર હોય તો રસોઈ કરીશ.' તોય નિરન્નમુક્ત મદદ ન કરે. હું અને અક્ષરજીવન સંભાળી લઈએ. કહીએ, 'તમે ભણો, ઝઘડો ન કરશો.' દાળ-ચોખા જોઈ લઈએ, લોટ ચાળીને તૈયાર રાખીએ, તપેલાં કાળાં ન થાય તેથી કંટેવાળો કરી દઈએ.'

બ્રહ્મચારી કહે : 'હું રોટલી ને દાળ કરું કાં રોટલી ને શાક કરું પણ બધું નહિ કરું.'

નિરન્નમુક્ત કહે : 'મારે બધું જોઈશે જ.' બોલાચાલી થાય પછી અમે બન્નેએ ક્રિયા સંભાળી લીધી. રાત્રે પાણી ભરી દઈએ. વાસણ ઊટકીએ. રસોડામાં અબોટ કરી લઈએ. અમે કહ્યું : 'તમે બે ભણો, તકરાર ના કરશો.' આપણે કરવામાં શું વાંધો ? વધારે કરવામાં આળસ શું રાખવી ? અક્ષરજીવન તો બહુ સારો સાધુ હતો.

'ભાદરણમાં ભણતા ત્યારે તેલ-ઘી બહુ આવે કોઈક મસાલા પણ આપે. એક કાશીબા હતાં. તે પંદર દા'ડા ચાલે એટલું આપી દેતાં. ભાદરણમાં ચોખ્ખું ઘી ઘરોઘરથી આવે. અમે બોચાસણ મંદિરે મોકલતા. અનાજ-ઘઉં ચોખા, દાળ, વધુ હોય તે પણ બોચાસણ મોકલતા. ભાદરણમાં તો હરિભક્તો રસોઈ પણ આપે. સત્સંગીનું ગામ એટલે કોઈને કોઈની રસોઈ હોય જ.

'ભાદરણમાં અમે ચાર : હું, અક્ષરજીવન, બ્રહ્મચારી ને ચૂડાના હરિકૃષ્ણના મહંત હરિસ્વરૂપ. એ મંહતને જમવા માટે બોલાવવા જવું પડે. એ ભણવામાં કાચો. શબ્દરૂપાવલિના પાઠમાં એને બે દી' લાગ્યા ને મેં એક કલાકમાં પાઠ આપી દીધો. અમે જે કરીએ તે લગનીથી જ કરતા. એ હરિસ્વરૂપ ચાલે ત્યારે હાથમાં રૂમાલ રાખે, એના માથે છત્ર ધરવું પડે. છત્ર ધરનાર છોકરા ન હોય તો આપણે ધરીએ.

'ભાદરણમાં શાસ્ત્રી મેડા ઉપર પાઠ લેતા. તે પાઠ હોય ત્યારે જ હરિસ્વરૂપ અમને ઉપર આવવા દે. પછી નહિ. એમને નહાવા માટે ગરમ પાણી કરી દેવાનું, ધોતિયાં ધોઈ દેવાનાં.'

સ્વામીશ્રી જાણે કે ભૂતકાળને પડદા પર જોઈને વર્ણન કરતાં હતા. અમારી નજર સમક્ષ સ્વામીશ્રીનો એ સેવાસભર ભૂતકાળ તાદૃશ્ય થઈ ગયો.

વળી સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે ભણવામાં બોલવાનું થાય, પણ સંપીને કરો તો વાંધો ન આવે. થોડા હોઈએ એટલે ઘર્ષણ થાય, કહેવાનું થાય પણ જે વધુ સેવા કરશે એને વધુ લાભ થશે, ભગવાન વધુ રાજી થશે. દુઃખ કે વિક્ષેપ નહિ આવે. અત્યારે સમૂહમાં ખબર ન પડે, પણ એકલા હોઈએ ત્યારે ત્રીજું નેત્ર ખૂલી જાય.'

આવા સચોટ અનુભવવચનોએ અમારાં ઘડતરમાં પાયાનું કાર્ય કરી આપ્યું છે.

સ્વામીશ્રીએ એકવાર વેઠનો અર્થ સ્પષ્ટ કરતાં કહ્યું : 'આવી પડ્યું એટલે કરવું પડશે એવા લોચા મારે એ વેઠ. ઈચ્છા ન હોય ને પરાણે કરે એ વેઠ. પણ અહોહો ! મારાં ભાગ્ય કે મને આજ્ઞા કરી. ભણીને અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન પ્રવર્તાવવું છે, એ ભાવથી થાય એનું ફળ સારું મળે. મહિમાથી કરે તો લાભ મળે, ભગવાન રાજી થઈ જાય, એનાથી બળ મળે ને વૃદ્ધિ પમાય ને કામ સર્વોપરી થઈ જાય.'

'ભગવાન, સત્પુરુષ ગૌણ થાય એવું ના કરવું.'

મધ્ય-૧૩મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : 'મારે વિશે સદ્ધર્મ છે તેનો પણ ભાર જણાતો નથી. મારે વિશે જ્ઞાન છે તેનો પણ ભાર જણાતો નથી.'

આ વચનામૃત વંચાતું હતું ત્યારે સ્વામીશ્રી અમને કહે : 'આપણે વિદ્વાન છીએ, પંડિત છીએ એનો પણ ભાર ન રાખવો.'

ભદ્રેશ સ્વામી કહે : 'હું તો બેય ધ્યાન રાખીશ. શરીરનો ભાર પણ ન વધી જાય ને...'

સ્વામીશ્રી કહે : 'અંદરોઅંદર એકબીજાનો ભાર ન આવી જાય એય ધ્યાન રાખવું.'

સ્વામીશ્રીએ ભાર શબ્દને તૃતીય દિશા આપીને અમને સાવધાન કર્યા.

વાંચનવિવેક શીખવતાં સ્વામીશ્રીએ સંપ્રદાયની પુષ્ટિ થાય તેવી વાતો સમજાવી : 'વચનામૃત જેવો એકેય ગ્રંથ નથી. એ સિવાય બીજે માલ મનાય એ મોહ છે. આપણે વચનામૃત ને વાતોને મુખ્ય રાખીને ભણવું. બીજા ગ્રંથ ભણવા, પારાયણ કરવી પણ એમાંય વેદ-વેદાંતનો સાર મહારાજે બતાવ્યો એ છે. ઘણીવાર બીજા ગ્રંથો વાંચીને એમ ના થઈ જવું જોઈએ કે આવી વાત તો મહારાજે કરી નથી ! બીજા કોઈનો વિશેષ ભાર ન પાડવો. તો જ પાયો મજબૂત કહેવાય.. બરાબર ભણજો, પણ વચનામૃત ને વાતો મુખ્ય રાખીને'

'બહારનું બહુ વાંચવું નહીં. આપણું જ વાંચવું. આપણને આપણા સાહિત્ય અને ધર્મગ્રંથોની જરૂર છે. બીજા એવા મહાત્માઓના ગ્રંથ વાંચવામાં ટાઈમ ન બગાડવો. અધ્યયનલક્ષી હોય એ ગ્રંથો અને એને પુષ્ટિ કરતા ગ્રંથોનું જ વાંચન કરવું. પણ બીજા બહારના નાસ્તિકના ગ્રંથમાં પડવું નહિ. એવા ગ્રંથોથી મગજ ફરી જાય. હાલ જાણવા માટે પણ તેમાં દૃષ્ટિ ન કરવી. સંપ્રદાયની વાત નક્કી થઈ જાય પછી બીજો વાંધો નહિ. મહારાજનો સિદ્ધાંત સાચો છે. સંપ્રદાયની પુષ્ટિના ગ્રંથો વાંચવા. જેથી વિચારો બદલાઈ ન જાય.' સ્વામીશ્રી એવા વરસતા હતા કે મુંબઈમાં બેઠા છીએ કે ગઢડામાં દાદાખાચરના દરબારમાં, એની જ અમને ખબર ન પડી.

સ્વામીશ્રીએ આપેલા સમજણના દીપકોએ પણ અમારો અભ્યાસમાર્ગ અજવાળ્યો છે :

'જ્ઞાનની-સમજણની દૃષ્ટિ રાખવી. ગરબડ ગોટા ન કરવા. આપણી સીધી સીધી લાઈન. શાસ્ત્રીજી મહારાજે જે સિદ્ધાંત આપ્યો છે તે આપણી સમજણ. સમજણમાં ભેદ પડે એટલે પ્રશ્ન થાય. આપણું તો સીધી લીટીનું જ્ઞાન છે. એ દૃઢ રાખવું. ભગવાન અને સંતને ગમે એ કરવું. મનધાર્યું નહિ.

અસલ રીત ઉપર જવું. નકલમાં મોહ પામવો નહિ. અસલ ભગવાન છે. ને એ રાજી થાય એમ કરવું. એમની સાથે યોગ સાધવો. સાધુ થયા એનો સાર શું ? સ્વામીનો સંકલ્પ છે એ પાર પાડવો એ.'

સ્વામીશ્રી એકવાર બોલ્યા : તમે ન્યાય, વેદાંત, વ્યાકરણ ગમે તેટલું ભણશો, પણ સત્પુરુષ વિના સમજાશે નહિ.' 'જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતાં નથી. શ્રીજીમહારાજનાં આ વચનો અમને સૌને યાદ આવી ગયાં.

મુંબઈમાં સ્વામીશ્રી સમક્ષ સદ્‌ગુરુ તદ્રૂપાનંદ સ્વામીની વાતો વંચાતી હતી. તેમાં આવ્યું, 'સર્વ શાસ્ત્રો ભણીને એક ભગવાનને જાણવા.' સામે બેઠેલા વિદ્યાર્થી સંતને સ્વામીશ્રી કહે : 'શું ભદ્રેશ ! ભણવું સારી રીતે, પણ જાણવા કોને ?'

'ભગવાનને.'

'ભગવાન કોણ ?'

'શ્રીજીમહારાજ.'

સ્વામીશ્રી કહે : 'બસ, એને જ જાણવાના છે.' શાસ્ત્રજ્ઞાનનું કેન્દ્રબિંદુ એક જ રહે તે માટેની આ ટકોર હતી.

અમારા મનની વિચારધારાને સ્વામીશ્રીએ ક્યાંય ફંટાવા દીધી નથી અને સાધુતાની દિશા એજ દઢતા કરાવતા રહ્યા છે...

અમારી યાત્રામાં સ્વામીશ્રીનાં સાધુતા સંબંધી શિક્ષાવચનો ધ્રુવતારક બની રહ્યાં : 'સાધુતા હોય તો વિદ્વત્તા શોભે, માટે તે ઉપર તાન રાખવું.'

'લોભ ના કરશો, પણ કરકસરથી ભણજો. લોભની જરૂર નહિ, જેટલી જરૂર છે એ તો કરવું જ પડે.'

'શાસ્ત્રીને પગાર તો આપવો જ પડે, પણ આપણું જીવન સાદાઈથી જીવીએ, રજોગુણ ના આવી જાય.'

'જૂનાગઢની રીત - સારંગપુરની રીત. બહારનું ખાવાનું નહિ. બજારમાંથી મંગાવવાનું નહિ. જે ખાવું હોય તે જાતે બનાવવું.'

ભદ્રેશ સ્વામીને મિષ્ટાન્ન ન જમવાનો નિયમ હતો, તેથી ધર્મસુત સ્વામી

કહે : 'સંતોની ઇચ્છા છે કે ભદ્રેશ સ્વામીને પંદર દિવસે એકવાર મિષ્ટાન્નની છૂટ મળે. હૉસ્ટેલમાં ફીસ્ટ હોય છે એમ !'

સ્વામીશ્રી કહે : 'જે છે એ બરાબર છે, આમાં વિદ્યા સારી આવશે. હરિભક્તોને ભાવ હોય ત્યારે કો'કવાર લેવું. પણ અઠવાડિયે લે એવું નહિ. આપણે હૉસ્ટેલની રીતે નથી ભણવું. એમાં તો રજોગુણ હોય. ભગવાનનો પ્રસાદ જમે એ મોટામાં મોટી ફીસ્ટ. બાકી ખાવાપીવાના ઠઠારા કરીએ તો ભણે ક્યારે ? અમે ભણ્યા જ છીએ ને ! ભણવામાં ખાવાના વિચાર ના હોય. ઠઠારો કરવા જઈએ તો એના જ વિચારો આવે. ખાવા-પીવામાં સમય જાય તો ભજન ક્યારે કરવું ? આપણે નવા તુક્કા પેસવા દેવા જ નહિ. જેટલું છે એ સાચવવું. એમાં ભગવાન રાજી થાય. પ્રતિષ્ઠા વધે. આપણો સાધુતાનો ધ્યેય સચવાય એમાં જ શોભા છે.

'સગવડો વધે તેમ રજોગુણ વધી જાય. આપણને બધી સગવડ છે એટલે એનો ઉપયોગ કરવો એની ના નહિ, પણ વધારે ઇચ્છા ન રાખવી. છે એનાથી ચલાવવું, તો સારું રહે.'

'આ દેહે કેમ કરીને સ્વામી, મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ રાજી થાય તેમ જ કરવાનું છે. માટે તે રાજી થાય તે જ દૃષ્ટિ રાખવી, જેથી બીજી વાતો ન પેસે. તે માટે વૃત્તિ ન જાય તે જાણપણું ગઢડા અંત્ય ૯મું વચનામૃત મુખ્ય રાખવું.'

'ત્યાં સત્સંગલાભ, રવિસભા, ઉત્સવોમાં કથા-કીર્તનથી હરિભક્તોને રાજી કરવા. ત્યાં ભણવાના નિમિત્તે જાઓ છો પણ બધું ભેગું છે સત્સંગ કરાવજો.'

સ્વામીશ્રી સંતોને સાધુતાની અકલ્પ્ય અધ્યાત્મ ઊંચાઈએ લઈ જવા માંગે છે, 'સાધુ'ની મોટી પદવી આપવા માગે છે - એનો આ પદાર્થપાઠ હતો.

સ્વામીશ્રીએ કરેલી વ્યવસ્થા અને સૂચનોમાં અનુભવની વિશાળતા સાથે સૂક્ષ્મતા પણ અમે અનુભવી.

બૅંગ્લોરના હરિભક્તો રમેશભાઈ વગેરેને ફોન દ્વારા કહ્યું : 'સંતો તમારે ત્યાં આવે છે તો ખાસ લાભ લેજો. સત્સંગ કથાકીર્તનનો લાભ મળશે. સેવાનો પણ લાભ મળશે.'

સ્વામીશ્રીની પ્રીતિનો પુંજ જ અમારો અભ્યાસપંથ ઉજાળતો હતો.

અમે મુંબઈથી બૅંગ્લોર જવાના હતા. સ્વામીશ્રીએ અમને પૂછ્યું : 'કાલે જવાના ?'

'હા.'

'લાવો ફૂલહાર પહેરાવીએ.'

અમે કહ્યું : 'ના, જરૂર નહિ.'

કોઈક બોલ્યું, 'અહીં બે જ હાર છે.'

સ્વામીશ્રી કહે : '...ત્યારે આશીર્વાદ આપીએ. ફૂલ નહિ તો પાંખડી. લ્યો આશીર્વાદ. સારું ભણજો ને સત્સંગ કરાવજો.' પછી કહે : 'રૂમમાં હાર પડ્યા છે ને !' ધર્મસુત સ્વામી ત્યાંથી લઈ આવ્યા એટલે સૌને હાર પહેરાવ્યા. ફરી કહ્યું : 'સારી રીતે ભણીને આવજો. આવો ત્યારે પાછા ફૂલહાર પહેરાવીશું.' એમ કહી સૌને સ્નેહથી ભેટ્યા.

બીજે દિવસે સવારે વિદાયપ્રસંગે આરતીમાં દરેકને મળ્યા.

ગુરુશિષ્યોનું આ મિલન જોઈ ચશ્માં પાછળની આંખોના ખૂણા ભીના થઈ ગયા.

સ્વામીશ્રી કહે : 'દર મહિને તમારો રિપોર્ટ અમને પહોંચાડજો.'

સ્વામીશ્રીના સ્નેહની હેલીએ અમને તરબોળ કરી દીધા. અમને સૌને અનુભવાયું કે સ્વામીશ્રી કલકત્તાથી અમારા માટે જ મુંબઈમાં પુનઃ પધાર્યા છે. છેલ્લા સપ્તાહમાં દરરોજ સ્વામીશ્રી અવનવું શીખવતા. સ્નેહથી ભીંજવતા. એક સાથે અનેકરૂપે દિવ્યસ્નેહના હાર, ઉપહાર અમને મળ્યા હતા.

અમારી વિદાય પછી પણ અમને એમની સ્નેહધારા ભીંજવતી જ રહી. બૅંગ્લોર પહોંચ્યા પછી અમને એમ કે નવા આવાસમાં સૅટ થઈએ, અભ્યાસ અંગે પંડિતો સાથે વાત થઈ જાય પછી વિગત સ્વામીશ્રીને જણાવીએ આવા આશયથી બૅંગ્લોર આવીને તરત સ્વામીશ્રીને ફોન ન કર્યો. આ બાજુ સ્વામીશ્રી દરરોજ સંતોને ચિંતિત સ્વરથી પૂછે : 'વિદ્યાર્થી સંતો પહોંચી ગયા ? સમાચાર આવ્યા ? મકાનનું શું થયું ?' ચોથે દિવસે સ્વામીશ્રીને જ્યારે ફોનથી સમાચાર મળ્યા ત્યારે જ એમને શાંતિ થઈ.

સ્વામીશ્રીનું હૃદય સ્નેહનું અક્ષયપાત્ર છે. અમારા પર એ સતત ઠલવાતું રહ્યું છે, ઊભરાતું રહ્યું છે.

એમની આજ્ઞા મુજબ અમે માસિક વૃત્તાન્ત લખી મોકલતા. જેમાં

અભ્યાસ તથા સત્સંગના સમાચાર હોય... સ્વામીશ્રીએ એ દરેક અહેવાલનો પ્રત્યુત્તર આશીર્વાદરૂપે આપ્યો છે : અભ્યાસની સાથે ભક્તિ, સાધુતા, સમજણ પીરસતાં પચીસથીય વધુ પત્રોમાં સ્વામીશ્રીની કારુણિક અને સ્નેહલ છબીઓ ઊપસી આવે છે !

'આપનો પત્ર મળ્યો. પ્રથમ ભદ્રંભદ્રમ્ જેવું લાગ્યું, પણ પછી બ્રહ્મ લખાણ. બ્રહ્મ ભળે એટલે ભદ્ર સાચું. અને તે લખાણમાં રસિકતા, ભક્તિભાવ અને પ્રભુ ચરણની ભાવના એટલે સર્વે સંતોને આનંદ આનંદ થયો. ભોજન વેળાએ મહાપંડિત શ્રી શ્રુતિએ પત્ર વાંચ્યો એટલે વિશેષ આનંદ થયો છે. તો હવે અભ્યાસ સારો થાય તે આશીર્વાદ.' પત્રમાં નામ ગૂંથીને તેઓ અમારા હૃદયમાં પ્રવેશી ગયા છે.

ગોંડલથી એક પત્રમાં લખ્યું : 'અક્ષરદેરીમાં આપ સર્વે વતી દર્શન કરું છું. આપનાં શરીર, મન સારાં રહે, ભજનભક્તિ ને કથાવાર્તા અભ્યાસની સાથે થતા રહે, તે માટે પ્રાર્થના કરું છું, તો સર્વે રાજી રહેશો.'

સારંગપુરથી પત્ર દ્વારા સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપનો પત્ર મળ્યો. રિપોર્ટ સભામાં વાંચ્યો. સર્વે સંતો રાજી થયા. ભોજન વખતે વાંચન થતું એટલે શરીર અને આત્મા બંનેને ખોરાક મળતો. કાન દ્વારા આત્માને ખોરાક મળતો ને મુખ દ્વારા શરીરને, પણ વધારે ધ્યાન આત્માને ખોરાક મળે તેમાં રહેતું.'

સ્વામીશ્રીએ સુરેન્દ્રનગરથી સંસ્કૃત પત્રનો પ્રત્યુત્તર લખ્યો : '...શાસ્ત્રીના લડકા શાસ્ત્રી હુઆ હૈ એટલે સંસ્કૃતમાં પત્ર ન લિખ્યતે તો રાજી રહેશો. તમ સ્નાનં હમ સ્નાનમ્ । તમો પંડિત, શાસ્ત્રી એટલે હમ પંડિત ને શાસ્ત્રી એમ માન લેના.'

એક પત્રમાં સ્વામીશ્રીએ લખ્યું : 'વ્હાલા સંતો ! આપ રાજી રહેશો. મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને નજર સમક્ષ રાખીને અભ્યાસ, દરેક કાર્ય સંપ, સુહૃદભાવ ને એકતાથી કરશો. દરેક ક્રિયા સંપથી કરો છો તો યોગીબાપા રાજી થશે.'

સંવત્ ૨૦૫૦ના નૂતન વર્ષનું પરોઢ ઊગે એ પહેલાં જ સ્વામીશ્રીએ જૂનાગઢથી આશીર્વાદ પાઠવ્યા : 'આપ બધા એક રુચિ રાખી અભ્યાસ, સત્સંગ, કથાવાર્તા, સેવા, ભક્તિ કરો છો એટલે દક્ષિણેશ્વર (સંતોએ દક્ષિણ

દેશવાસી હરિકૃષ્ણ મહારાજનું નામ દક્ષિણેશ્વર મહારાજ રાખ્યું હતું.) મહારાજ પણ રાજી થયા છે, તો સર્વેને નવા વરસના આશીર્વાદ છે. આપ સર્વે વતી ગોંડલ અન્નકૂટનાં દર્શન કરીશું, તો રાજી રહેશો.'

એક પત્રમાં સ્વામીશ્રીએ ઠાકોરજીની ભક્તિ માટે લખ્યું :

'અભ્યાસમાં ઠાકોરજી સાથે પધાર્યા છે તો તમારામાં ભક્તિભાવ સહિત જ્ઞાનની દૃઢતા રહે તેવા આશીર્વાદ છે !

'દક્ષિણેશ્વર મહારાજની સેવા કરો છો તો તે પૂરું ધ્યાન રાખશે. તમો તેઓની સેવા કરો છો તે કરશો. તે મુજબ તે પણ તમારું ધ્યાન રાખે છે. માટે મહિમાથી સેવા કરવી.'

સ્વામીશ્રી પત્રો દ્વારા સમજણની દૃઢતા કરાવતા હતા.

બૅંગલોરના એક પંડિતનું વૃત્તાંત અમે પત્ર દ્વારા સ્વામીશ્રીને જણાવ્યું હતું કે તેઓ રામાનુજવેદાંતી તેમજ કુશળ પ્રાધ્યાપક છે. વાંચન પણ વિશાળ છતાં પાયાના સિદ્ધાંતો સ્પષ્ટ ન હોવાથી તેના મનમાં નાસ્તિકતા પ્રગટી છે. તેના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ સારંગપુરથી લખ્યું : 'એ ગુરુજીની વાત આપને સર્વેને તથા અત્રે અભ્યાસ કરતા તમામ સંતોને ખાસ ધ્યાનમાં લેવા જેવી છે કે પોતે રામાનુજ સંપ્રદાયના છે. પણ બીજાં પુસ્તકો, ગ્રંથોનું વાંચન કરવાથી વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત અને ભક્તિભાવ ઊડી ગયા. બધું ઊંડાણથી સમજાવે છે, ભણાવે છે, પણ પોતાનો સિદ્ધાંત અને ભક્તિભાવ ગયો. માટે મહારાજ અને મોટા સંતોએ કહેલ છે - પોતાનો સિદ્ધાંત દૃઢ કર્યો હોય તો પણ કુસંગ લાગે ને નાસ્તિકભાવ થાય, માટે આપણો મહારાજનો જે સિદ્ધાંત પાંચ ભેદ અનાદિ છે... તે દૃઢ રહે... તો જ અભ્યાસ સાર્થક.'

વળી સાધુતાલક્ષી શિખામણો પણ પત્રમાં આપી છે : 'નિયમધર્મ, ભજનભક્તિ પર ધ્યાન રાખવું. બધાં સંપ રાખીને, નિયમધર્મ પાળીને, નિયમિત અભ્યાસ કરશો. અખંડ જાણપણું રાખવું. જેથી કોઈ વાંધો ન આવે.'

'નિયમિત ચેષ્ટા કરીને જ સૂવું. નિયમધર્મ મર્યાદા બરાબર રાખવા, ફેરફાર ન થવા દેવો. આરતી-પૂજા, કથાવાર્તા, વાંચન, ચેષ્ટાગાન બરાબર રાખવું.'

* * *

બૅંગ્લોરમાં સત્સંગ પ્રવૃત્તિને વેગ મળે, મંદિર થાય તે માટે સ્વામીશ્રીએ

ડલાસ(U.S.A.)થી પ્રોત્સાહન આપ્યું : 'આપ સર્વે અભ્યાસ સાથે સત્સંગ, પધરામણી કરો છો, તો ભવિષ્યમાં મંદિર થશે. ત્યાં સારું કાર્ય થશે. આપની તે મહાન સેવા ત્યાંના સત્સંગ વધારવામાં થશે.'

ભુજથી સ્વામીશ્રીનો પ્રોત્સાહનપત્ર મળ્યો : 'આપ સર્વે ત્યાં અભ્યાસ માટે પધાર્યા. અભ્યાસ સારો થયો, સાથે સત્સંગને પુષ્ટિ મળી, ને દરેકને ઉત્સાહ મળ્યો, અનેક મુમુક્ષુઓ પણ સત્સંગમાં જોડાયા છે. ત્યાં રહી અભ્યાસ સાથે કથાવાર્તા, ઉત્સવ, પધરામણી વગેરે કરેલ તેથી વિશેષ લાભ સર્વેને થયો છે.'

સંપ્રદાયમાં અનેક સત્સંગ કેન્દ્રોમાં સંતોની ખેંચ, છતાં અમને પાંચે સંતોને વિદ્યાક્ષેત્રમાં જ જોડી ઉચ્ચત્તમ સોપાનો સર કરાવ્યાં છે.

કલકત્તામાં ૭૩મી જન્મ જયંતીના ઉત્સવમાં આયોજક સંતો સિવાય કોઈ સંતોને આમંત્રણ નહોતું. સ્વયં સ્વામીશ્રી જ કડક રહ્યા હતા - 'કોઈને ત્યાં આવવું નહિ', પરંતુ અમને અનુમતિ આપી. સતત દોઢમાસ સુધી સામીપ્યમુક્તિનું સુખ આપ્યું. બૅંગલોર, સિકંદરાબાદ, વિજયવાડા, સોલાપુર, બાર્શી, સમુદ્રાલ અને મુંબઈ સુધી સાથે રાખ્યા.

બૅંગ્લોરમાં સંતનિવાસની બાજુમાં જ રહેતા પૂર્ણાનંદ ગુપ્તાજીને સત્સંગરંગ લાગ્યો. તેમના પ્રેમાગ્રહથી સ્વામીશ્રી તેમના આવાસમાં પધાર્યા. તેમનું ભક્તિઅર્ઘ્ય સ્વીકાર્યું. સંતોનું નિવાસસ્થાન સામે જ હતું. સ્વામીશ્રીએ ત્યાં પધારવા સામેથી ઈચ્છા વ્યક્ત કરી. પહેલો માળ અને સાંકડો દાદરો... વળી ખુરશીની વ્યવસ્થા ન હતી. અમે પણ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય લક્ષ્યમાં રાખી ના કહી, પરંતુ સ્વામીશ્રી ન જ માન્યા. એમના અંતરમાં જાણે ભાવનાનાં પૂર ઊમટ્યાં હતાં : 'સંતો રહે છે ત્યાં મારે જવું છે.' સ્વામીશ્રીની પ્રેમ અને મહિમાની દૃષ્ટિ આગળ નમતું મૂકવું પડ્યું. સ્વામીશ્રીએ ઉપર જવાનો આગ્રહ રાખ્યો, ખુરશી તો હતી જ નહિ, હોય તો પણ જઈ શકે એમ નહોતું, છતાં સેવકસંતોના હાથ પર બેસી ઉપર પધાર્યા. અમારી દરેક રૂમમાં પગલાં કર્યાં. રૂમ તો ચાર જ હતી, પણ તેમનો આનંદ અધિક હતો. અમને સૌને સામેથી બોલાવીને ભેટ્યા, સ્નેહવચનો કહ્યાં. યોગીચરણ સ્વામીને બોલાવીને ફોટો પડાવ્યો. હજી બાકી હોય તેમ પુસ્તકો સ્પર્શ કરી પ્રસાદીભૂત કર્યાં. ज्ञानमूलं गुरोः कृपा । એ ઉક્તિ સાકાર થઈ રહી.

આત્મીયતા કેળવવાની સ્વામીશ્રીની અગણિત રીત છે. તેને કેવી રીતે શબ્દસ્થ કરી શકાય ? સ્વામીશ્રીના વ્યક્તિત્વનાં, વિભૂતિત્ત્વનાં અનેક તેજસ્વી પાસાં છે. તેમાંથી તેમનો વિદ્યાપ્રેમ જ કેટકેટલાં રૂપ ધરીને અમને સ્પર્શી ગયો છે. એમના બહુપરિમાણીય વિભૂતિત્ત્વને નિરૂપવું અશક્ય છે.

૧૯૯૪માં સ્વામીશ્રી બૅંગ્લોર પધાર્યા હતા. રમેશભાઈ પટેલના ભવ્ય આવાસમાં, પૂજા બાદ દરેક ભાવિકને મળતા હતા. રમેશભાઈના ધનાઢ્ય મિત્રો, સત્સંગી શેઠિયાઓ(વણિકભક્તો)ને આશીર્વાદ આપતા હતા. એવામાં સ્વામીશ્રી એક ગરીબ, સામાન્ય ભક્તને જોઈ બોલ્યા : 'બુધાભાઈ ! તમે અહીં ક્યાંથી ? કોણ કોણ આવ્યા છો ? શું કરો છો ?...' આત્મીયતાના સૂરમાં કેટલાય પ્રશ્નો પૂછી લીધા. બાજુમાં ઊભેલા અમને સંતોને સ્વામીશ્રી કહે : 'આમને ઓળખો છો ? ખેડાના મિસ્ત્રી હરિભક્ત છે. બહુ સેવા કરી છે. એમને સંભાળજો, સત્સંગમાં બોલાવજો...' પછી બુધાભાઈને કહે : 'તમારે સત્સંગમાં જવું, સંતોને મળતા રહેવું. કાંઈ જરૂર હોય તો અમને જણાવજો.' પછી સ્વામીશ્રીએ એમના અલ્પાહાર માટે વ્યવસ્થા કરાવી.

કોણ ગરીબ ને કોણ તવંગર ? એમને તો બધું સમ વર્તે છે !

બેયને સમભાવે મળતા સ્વામીશ્રીને જોયા છે. સ્વામીશ્રીની સમતા અને મમતા બંને સ્પર્શી ગઈ.

* * *

૧૯૮૩માં સ્વામીશ્રી સારંગપુર પધાર્યા હતા. સંત-આશ્રમનું નવું મકાન તૈયાર થઈ ગયું હતું. અમે વિદ્યાર્થી સંતોએ વાસ્તુવિધિ કરાવી. અમારા અધ્યાપક પંડિત - નર્મદાશંકર શાસ્ત્રીજી પણ દર્શન કરવા બેઠા હતા. વિધિ સમ્પન્ન થયો. દેશપરદેશના ભક્તોએ વિધિમાં, આરતીમાં રોકડ રકમ ઠાકોરજીને ચરણે ધરી હતી. આ જોઈ પંડિતનું બ્રાહ્મણમન લલચાયું. અમે વિચારી લીધું કે આ સેવા મંદિરમાં જમા કરાવી દેવી. દરમ્યાન સ્વામીશ્રી દરેક રૂમમાં પ્રાસાદિક પુષ્પો છાંટવા ગયા. પંડિતજી બીજી મોટી આશાએ સાથે ઊપડ્યા. એ દરમ્યાન અમે એક સાધક દ્વારા રૂપિયા લેવરાવી ઠાકોરજીની દાનપેટીમાં નખાવી દીધા. થોડા સમયમાં પંડિતજી આવ્યા. જોયું તો વિધિસ્થાને રૂપિયા તો શું પરચુરણ પણ નહોતું ! સક્કરજન, ચીકુ વગેરે ફળો હતાં ! તેઓ મૌન ભાવે વિદાય થઈ ગયા.

બપોરે સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહ્યા હતા. અમે પંડિતજીની વાત કરી. સ્વામીશ્રીની આંખોમાંથી કરુણાનો પ્રવાહ સૌમ્ય તેજ રૂપે વહેવા લાગ્યો. અને કહે : 'એવું શું કામ કર્યું ? એમને શા માટે ન લેવા દીધા ! બ્રાહ્મણ છે ને ! વળી ગુરુજી છે ! મહારાજ પણ બ્રાહ્મણોને જમાડતા, દક્ષિણા અપાવતા.' એમ કહી એક હરિભક્તને આજ્ઞા કરી 'એ શાસ્ત્રીજીને દક્ષિણા આપજો. વિધિમાં એ હાજર રહ્યા'તા !'

અપાર કરુણાનાં આ તેજથી અમે અંજાઈ ગયા. જેણે લૂંટાવ્યું સઘળું નિજનું અને સૌ કોઈના હૃદય તૃપ્ત કરી ગયા છે એ ગુરુહરિને પ્રણામ.

* * *

વિવેકનિધિ સ્વામી

વિદ્યાનગર

રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંહ સ્વામિનારાયણ નગરની મુલાકાતે આવ્યા. આપણી સંસ્થા તરફથી સ્વામીશ્રી અને અન્ય બાર જ વ્યક્તિને તે હૉલમાં બેસવાનું હતું. રાષ્ટ્રપતિશ્રીનો પ્રોટોકલ ખૂબ કડક હતો. તેઓ પાણી પીવાનાં હોય તો તે બૉટલનું પાણી લૅબોરેટરીમાં ચૅકિંગ માટે જાય અને સ્વાસ્થ્યને બિનહાનિકારક પુરવાર થાય તો જ આપી શકાય. આથી નગરની મુલાકાત દરમ્યાન તેમની આગતા સ્વાગતામાં પીણું કે પાણી કંઈ ન આપવાનું નક્કી થયું હતું.

તે વખતે રાષ્ટ્રપતિશ્રીના સ્ટાફની એક વ્યકિત હાથમાં એક લાકડાનું ચોરસ બૉક્સ લઈને રિસેપ્શન રૂમમાં આવ્યા. તેમણે અંદર આવતા જ રાષ્ટ્રપતિ માટે નારિયેળનાં પાણીની વ્યવસ્થા કરવા કહ્યું. અમે બે ગ્લાસ તૈયાર કરી તેને આપ્યા. એટલે તેણે સાથે લાવેલ લાકડાનાં બૉક્સમાંથી બીજા બે ગ્લાસ અને એક ટ્રે કાઢી, અને પોતે એક ગ્લાસમાંથી થોડું પાણી ટેસ્ટ કરી અને કાચના ગ્લાસમાં નાખ્યું અને વધારાનું બીજા ગ્લાસમાં નાખી, તે ગ્લાસ પાછો બૉક્સમાં મૂક્યો. એક સ્ટીલનો ગ્લાસ સ્વામીશ્રી માટે અને બીજો કાચનો રાષ્ટ્રપતિ માટે-એમ બે ગ્લાસ તૈયાર કરી, તેણે બંનેને એકએક ધરી દીધા. રાષ્ટ્રપતિએ હજી પીવાની શરૂઆત નહોતી કરી.

હૉલમાં સપૂર્ણ મૌન હતું. સૌની નજર સ્વામીશ્રી ઉપર હતી. સ્વામીશ્રીએ પાણી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને (ઠાકોરજીને) ધરાવ્યું. જે ધરાવવાનું હું ભૂલી ગયો હતો. સ્વામીશ્રીએ પ્રસાદીનું પાણી લઈ રાષ્ટ્રપતિ તરફ હાથ લંબાવ્યો. તેઓને આશ્ચર્ય થયું કે સ્વામીશ્રી શું કરે છે ? તેઓ હજુ વિચારે તે પહેલાં સ્વામીશ્રીએ થોડું પ્રસાદીનું જળ તેમના ગ્લાસમાં ઊમેર્યું. બધા જ સીક્યુરીટી ઑફિસરો સ્તબ્ધ થઈ ગયા ! અંગત મદદનીશે ટેસ્ટ કરેલા પાણીમાં પરીક્ષણ કર્યા સિવાયનું પાણી ઉમેરાઈ ગયું, એ તેમને મન મોટી

વિપત્તિ અને વિમાસણ હતી ! આત્મસ્વરૂપ સ્વામીએ આ વિધિનો મર્મ સમજાવ્યો કે ઇષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજને ધરાવ્યા વિના સ્વામીશ્રી કંઈપણ વસ્તુ ગ્રહણ કરતાં નથી. અને ભગવાનને ધરાવીને ભગવાનનો પ્રસાદ થોડો આપ્યો છે.' રાષ્ટ્રપતિ રાજી થયા. પાણી પીધું.

રાષ્ટ્રપતિશ્રી જેવા સર્વોચ્ચ વડા સાથેની મુલાકાતમાં સ્વામીશ્રી એમના ઠાકોરજીથી પળભર પણ અળગા થઈ શકતા નથી. ઠાકોરજી પ્રત્યેની સ્વામીશ્રીની પરમભક્તિનું આ નાનકડું છતાં અસાધારણ દર્શન ખૂબ સ્પર્શી ગયું.

* * *

વિદ્યાનગર, સંસ્થા સંચાલિત છાત્રાલયના વાર્ષિકોત્સવની તૈયારી ચાલી રહી હતી, તે વખતે મુકેશ થાનકી નામે એક છાત્ર આવ્યો અને કહે : 'મારે સ્વામીશ્રી પાસે થોડા સ્વરચિત 'શેર' બોલવા છે.'

સત્સંગની દૃષ્ટિએ હજુ તેની શરૂઆત જ હતી. આથી તેણે લખેલ 'શેર' કેવા છે ? તે જોવું જરૂરી હતું. ક્રમશઃ તેના 'શેર' સાંભળ્યા. તે સ્વરચિત શાયરી ગાતાં વચ્ચે આ પ્રમાણે બોલ્યો :

'હે પ્રભુ કુંભાર, હવે તને પણ ઉંમર દેખાય છે....
માણસો બનાવવાના છોડ, માણસો બગડતા જાય છે...
જો તું ઈલેક્શન લડ, તો તને ખબર પડે કે કેમ ચૂંટણી જિતાય છે.
તને તારા સાચા ભક્તોના બે-ચાર વૉટ મળે તો મળે,
તેના માટે પણ તારે સ્વર્ગની લાલચ દેવી પડે,
બાકી આમ તો તારે ડિપૉઝિટ પણ ગુમાવવી પડે.'

આવી નાસ્તિક પ્રકારની જણાતી રજૂઆત વાર્ષિકોત્સવમાં થાય, તે મને ઉચિત ન લાગ્યું. તત્કાલીન મહેસૂલમંત્રી અમરસિંહ વાઘેલા તથા ચીમનભાઈ દેસાઈ તેમજ ખેડા જિલ્લા કલેક્ટર વગેરે પણ આ ઉત્સવમાં ઉપસ્થિત રહેવાના હતા. અનેક રાજકીય, સામાજિક મોભાવાળા માણસો પણ હોય. તેમની હાજરીમાં અમુક જ 'શેર' બોલવાની છૂટ આપી.

બરાબર સમયસર આણંદ ટાઉનહૉલમાં આ કાર્યક્રમની શરૂઆત થઈ. એક બાજુ ડ્રામાનું સેટીંગ ગોઠવાતું હતું, અને પડદા આગળ રહી તેણે 'શેર' બોલવાનું શરૂ કર્યું. થોડા શેર બોલ્યા પછી તેણે શરૂઆત કરી.... 'હે પ્રભુ કુંભાર...' અને પડદા પાછળ હું ચમક્યો... સીધો જ તેની બરાબર પાછળ

ગયો. વચ્ચે માત્ર પડદો હતો. પાછળ રહી મેં કડક સૂચના આપી... 'આગળ બોલવાનું બંધ કર..' તેનો આછો અવાજ પણ બહાર માઈકમાં આવ્યો. ફરીથી કહ્યું, એટલે તેનું બોલવાનું બંધ થયું. મારો શ્વાસ હેઠો બેઠો. ત્યાં તો ફરીથી તેનું તે ચાલુ થયું. અને હવે તે મેઇન પડદાથી એકદમ આગળ જઈ સ્ટેજની ધાર ઉપર છુટ્ટું માઇક લઈ બોલતો હતો. મારે તો દૂર રહીને તેને જોવા સિવાય કંઈ જ થઈ શકે તેમ ન હતું. તે બોલી રહ્યો પછી રાજકારણીઓ અને શ્રોતાઓ બધા ખૂબ હસ્યા. સ્વામીશ્રી પણ નિખાલસતાથી ખડખડાટ હસી રહ્યા હતા. અને જ્યારે તે તેના બધા જ શેર બોલી અંદર પાછો આવ્યો, એટલે એક સાધુ તરીકે જેટલું કહી શકાય તે બધું જ તેને કહ્યું. તેથી તે પણ મારી નજર ચુકાવી ખૂણેખૂણે ફરતો રહ્યો.

આગળના બધા જ કાર્યક્રમ પછી છેલ્લે સ્વામીશ્રી યુવકો સાથે ગ્રુપ ફોટો પડાવી રહ્યા હતા. તેમાં મુકેશ થાનકી પણ ડ્રામાવાળા સાથે ક્યાંક ગોઠવાઈ ગયો હશે. પણ તેની બહુ દરકાર ન કરી.. છેલ્લે બધા ઊભા થઈ ગયા, પરંતુ સ્વામીશ્રી ઊભા ન થયા, અને ખૂણામાં ઊભેલા થાનકીને કહે : 'થાનકી...! તારે ફોટો નથી પડાવવો.' અને તે તો સીધો જ કુદ્યો..હા.... હા... કરતો સ્વામીશ્રીની બરાબર આગળ પીઠ દઈને બેઠો.' મને મનમાં થયું કે આને બેસતાં પણ આવડતું નથી. ત્યાં તો તેણે પગ ઉપર પગ ચડાવ્યો. મને શિક્ષાપત્રી યાદ આવી કે 'મોટાપુરુષો પાસે પગ ઉપર પગ ચડાવી ન બેસાય.' અને બીજી બાજુ સ્ટેજ સમેટવાનું ચાલતું હતું. તેમાં એક યુવક વધેલા હાર લઈને જતો હતો, તેને સ્વામીશ્રીએ બોલાવ્યો અને એક હાર માગ્યો. તે લઈને થાનકીને પહેરાવ્યો. અને તે તો કૅમેરા સામે તાકીને બેઠો હતો. તેની બરાબર પાછળથી સ્વામીશ્રી ઊંચા થઈ તેને હાર પહેરાવે અને તોરો સરખો કરે, પણ પેલો તો અક્કડ જ ! એટલે મને મનમાં થયું, આ સાવ એવો જ છે... તે જ વખતે થાનકી મારી સામે નજર કરી, મને કહે : '..... કાં ? ..... કેમ છે ?'

મનમાં હું સ્વામીશ્રીની કરુણાનો, યુવાનો પરના તેમના વાત્સલ્યનો વિચાર કરવા લાગ્યો. મને લાગ્યું કે આ તો સ્વામીશ્રી જેવા કરુણાશીલ ગુરુ છે એટલે, બાકી જો બીજો કોઈ હોય તો ?!

* * *

વિદ્યાનગરમાં નવા મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થયા બાદ સ્વામીશ્રી દર્શનાર્થે

પધારતા હતા. રોજિંદા ક્રમ મુજબ દર્શન કરીને ફરી યોગીજી મહારાજની મૂર્તિ તરફ આવ્યા અને નિરખીને જોઈ રહ્યા. બાજુમાં હું ઊભો હતો. સ્વામીશ્રી મારો હાથ ઝાલી મૂર્તિ તરફ લઈ ગયા. અને કહે : 'જોગી મહારાજનો ડાબો ખભો જરા બહાર લાગે છે. એટલે મૂર્તિનું સ્ટેન્ડ ડાબી બાજુથી થોડું પાછળ કરી દેજો !' અમે એ પ્રમાણે બરાબર ગોઠવ્યું. તે જોઈને કહે : 'હવે બરાબર.'

અમને બધાને થયું કે આપણે રોજ દર્શન કરતા હતા, પણ ખભો સહેજ બહાર આવતો હોય તેવો અણસાર કોઈને આવ્યો નહીં. સ્વામીશ્રીને પ્રથમ દૃષ્ટિએ જ એ પકડાઈ ગયું. દર્શનની તલ્લીનતા અને કલાપારખુની દૃષ્ટિ બંનેનો સમન્વય આ દિવસે એમના ચરિત્રમાં નિહાળ્યો.

* * *

ફાઈન આર્ટ્સના છેલ્લા વર્ષમાં અભ્યાસ પૂરો કર્યા બાદ પંકજ વેકરિયાએ મહારાજ, સ્વામી અને ગુરુપરંપરાની એક વિશાળ કદની મૂર્તિ બનાવી હતી. હાલ તે વિદ્યાનગરના સંતનિવાસના હૉલમાં છે. તે બનાવતી વખતે નાના મોટા ફેરફાર માટે વડીલોને પૂછ્યું. તેઓએ ઘણીવાર નિરખી. પણ કાંઈ ખાસ કશું સૂચન ન કરી શક્યા. અંતે પંકજે એ મૂર્તિનો ફોટોગ્રાફ લીધો. અને તે લઈને સ્વામીશ્રી પાસે આવ્યો ઘણી ભીડ હતી. સ્વામીશ્રી પણ ઉતાવળમાં હતા. તેથી માત્ર એકાદ ક્ષણ જ ફોટોગ્રાફ જોયો, તરત પાછો આપ્યો, ને કહે : 'કંઠી..ગળું બધું એક થઈ જતું લાગે છે...' સામાન્યતઃ ડોકનો ભાગ જરા ઘેરો હોય અને મુખારવિંદ તેજસ્વી હોય. પરંતુ બધું જ સરખું લાગતું હતું. હજુ આજે પણ તે મૂર્તિનાં દર્શન કરતાં ત્યાં સહેજે નજર જાય છે. એક કલાકારનું હૃદય પણ સ્વીકારે તેવું સૂચન સ્વામીશ્રીએ માત્ર એક ક્ષણમાં કર્યું. કલાસૂઝનું કેવું ઊંડાણ !

* * *

મુંબઈમાં અમૃત મહોત્સવની તૈયારી ચાલી રહી હતી. સ્વામીશ્રીનો ઉતારો 'સર્વસ્વ' તૈયાર કરવાની સેવા અમારા વિભાગને મળેલી. તે અંગેના ઘણા ડ્રોઈંગ તૈયાર કર્યા. ઘણી ચર્ચાઓ થઈ. તેના ઉપરથી એક સુંદર મૉડેલ તૈયાર કર્યું. તે લઈને અમે મિટિંગ માટે મુંબઈ ગયા. સ્વામીશ્રીનો ઉતારો હતો, આથી ઘણાએ તે ચીવટપૂર્વક જોયું હતું. જાણીતા આર્કિટેક્ટ અને

સત્સંગીબંધુ શ્રી બી.જી. ભટ્ટ સાહેબે ઉતારાનું મૉડેલ લગભગ ૪૦-૫૦ મિનિટ સુધી જોઈ, વિગતો જાણી. અને છેલ્લે એક રૂમમાં પંખો ઉમેરવાનું સૂચન કર્યું. તે સિવાય અન્ય ફેરફાર તેમને જણાયા નહીં. જ્ઞાનેશ્વર સ્વામી, નિખિલેશ સ્વામી તથા અન્ય બાંધકામ વિભાગના અનુભવી સંતોએ પણ તે નિરાંતે જોયું. અને છેલ્લે રાત્રે સ્વામીશ્રીને તે બતાવવા લઈ ગયા. જોતાવેંત જ સ્વામીશ્રી કહે : 'આ બધું કરવાની જરૂર ખરી ? આપણે થોડા દિવસ રહેવું અને વધારે પડતું ન કરવું..' જોતાંવેંત આ પહેલું જ વાક્ય હોય તો પછી કેવા રસથી તે જોવાય ?' બીજી બાજુ મારે શું બોલવું તે વિચાર ન આવ્યો. તેથી સ્વામીશ્રી કહે : 'લાવો લ્યો.' અમે ડ્રોઈંગ સ્વામીશ્રી સામે રાખ્યું. માત્ર બે જ મિનિટ તે જોઈ સ્વામીશ્રી કહે : 'Weaiting room' માંથી મુલાકાત માટે લોકો કયા બારણેથી આવશે ?' અને ખરેખર આ અતિ અગત્યનું એક બારણું જ અમે ભૂલી જ ગયા હતા. જો તે સૂચન ન કર્યું હોત તો પાછળથી ઘણા ફેરફાર કરી, ગમે તેમ કરીને તે કરવું જ પડત ! અમે પાછળથી આર્કિટેક્ટને પૂછ્યું કે આમાં એક ભૂલ છે, ખ્યાલ આવે છે ? તેમણે ઘણો વિચાર કર્યો પછી સ્વામીશ્રીનું વાક્ય મેં રિપીટ કર્યું તો તેમને પણ પ્રતીતિ થઈ કે 'આ રહી જ ગયું...!'

* * *

એક દિવસ એકાએક જ સ્વામીશ્રી છાત્રાલય જોવા નીકળ્યા. B-Blockમાં રૂમ નં. ૧૨૯માં ગયા. સીધા જ રૂમની પાછળની ગૅલેરીમાં પધાર્યા. ત્યાં ઓટા ઉપરથી એક ધૂળવાળું ગંદું કપડું જાતે ઉપાડ્યું અને મચ્છરો ઊડ્યા. તે રૂમમાં રહેતા યુવકને કહે : 'આમાં મચ્છરને આમંત્રણ આપવું પડે ? પછી બીમાર જ પડાય ને ? ચોખ્ખાઈ રાખવી. બીજી બાજુ ચપોચપ બધી રૂમો સાફસૂફ થવા માંડી. તેમાં ફરતાં ફરતાં સ્વામીશ્રી C-Blockમાં આવ્યા. રૂમ નં. ૨૦૨માં ધવલ બારોટ રહેતો હતો. સ્વામીશ્રી રૂમમાં આવ્યા. રૂમ ચોખ્ખી હતી. સ્વામીશ્રી પાછા વળ્યા. ધવલે સંતોષ માણ્યો કેમ કે ટાણું સચવાઈ ગયું હતું. પરંતુ બહાર નીકળતાં જ બલ્બની બાજુમાં જ મોટું કરોળિયાનું જાળું બાઝી ગયું હતું. સ્વામીશ્રીએ તે તરફ આંગળી ચીંધીને ધવલને બતાવ્યું, ને કહ્યું, 'જે રૂમ કાયમ સાફ રહેતી હોય તેમાં આવું હોય ?' તેને થયું, બધું જ સાફ થઈ ગયું, પણ આ તો ખ્યાલ

બહાર જ ગયેલું.

વિરાટ સંસ્થાના લાખો અનુયાયીઓના જીવનપ્રાણ સ્વામીશ્રી સંસ્થાના છાત્રાલયમાં અભ્યાસ કરતાં યુવાનને માટે કેવળ શિક્ષણ ઘડતરની જ નહીં, જીવન ઘડતર અને સંસ્કાર ઘડતરની યે ચિંતા રાખે છે, તે આજની યુવાપેઢી માટે કેટલા ગૌરવની વાત છે !

* * *

૧૯૮૦માં એક વર્ષ અમદાવાદ મુખ્ય કાર્યાલયમાં સેવા કરવાની તક મળી હતી. તે દરમ્યાન સાધુ થવાની વિશેષ દૃઢતા થઈ. બીજી બાજુ ત્યાગી થવાની રજા માટે ખાસ કોઈ તકલીફ જેવું ન હતું. પરંતુ એકદમ સાનુકૂળ કેમ થાય ? તે વિચાર રહેતો. આ દિવસો દરમ્યાન સ્વામીશ્રી વિદેશ ધર્મપ્રવાસ અર્થે નીકળ્યા હતા. બીજી બાજુ અમારે જાન્યુઆરી ૧૯૮૧માં ગોંડલ યુવાનેતૃત્વ તાલીમ શિબિરની તૈયારી માટે જવાનું થયું. સ્વામીશ્રીનો કાર્યક્રમ દેશમાં પધારી શિબિરમાં આવવાનો ન હતો. પરંતુ છેલ્લે નક્કી થયું કે સ્વામીશ્રી મુંબઈથી નીકળી ટૂંક સમયમાં યુવકોને આશીર્વાદ આપવા ગોંડલ પધારશે.

આ કાર્યક્રમ મુજબ તા. ૧૧ અને ૧૨ દરમ્યાન સ્વામીશ્રી ગોંડળ પધાર્યા અને તા. ૧૩મીએ સાંજે રાજકોટ આવ્યા. તા. ૧૪મીએ મકરંસક્રાંતિને દિવસે સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી મને કહે : 'આજે ઘેર રહેજે. સંતો-યુવકો સાથે ઝોળી માંગવા ન જઈશ.' અને સ્વામીશ્રી ઘેર આવ્યા. 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો..' બોલી કહ્યું, 'ઝોળી ભેગી જોડ આપી દો..' આ એક જ વાક્યે મારે રજાની તમામ સાનુકૂળતા થઈ ગઈ. આપણી કેટલી લાયકાત તેમની પાસે ઊભા રહેવાની..?! પરંતુ શબ્દોરૂપી સભારણું ચિરંજીવ થઈ ગયું.

* * *

મને બોચાસણમાં સ્વામીશ્રીનાં દર્શન થયાં. તેઓએ સામેથી જ સાધુ થવાનું કહ્યું. જરાપણ ઇચ્છા હતી નહિ, છતાં 'હા' પડાઈ ગઈ. સ્વામીશ્રીએ રજા મેળવવાની વાત કરી. તેઓની કૃપાથી જ રજા મળી અને દીક્ષા પણ મળી ગઈ.

ત્યારબાદ અનેક પ્રસંગોએ એમણે સામેથી હેત કર્યું છે. સામેથી પ્રસંગો ઊભા કર્યા છે. સ્વરૂપમાં આકર્ષ્યો છે અને ખૂબ સુખ આપ્યું છે. જેમાંથી અહીં તો માત્ર એક આચમની એમના ચરણોમાં અર્પણ કરી છે.

બોચાસણમાં સંસ્થાના અમૃત મહોત્સવનો પ્રસંગ હતો. એ જ દિવસે નાળિયેરનું પાણી લઈને હું સ્વામીશ્રી પાસે ગયો. એમણે તરત જ પૂછ્યું, 'ધરાવ્યું ?' મેં ના પાડી. અને ધરાવવા માટે લઈ ગયો. પરંતુ પાણી સ્વામીશ્રીની વાડકીમાં હતું, ધરાવીને લાવ્યો કે તરત જ કહે : 'આમાં ઠાકોરજીનો અપરાધ થઈ જાય. આવી ભૂલ ક્યારેય ન થાય તેનું ધ્યાન રાખવું. વાડકી એંઠી હોય સેવાને બદલે અસેવા થઈ જાય. ચોખ્ખા અને ઊટકેલા વાસણમાં જ ધરાવવું.' જો કે સ્વામીશ્રીની વાટકી પણ ઊટકેલી તો હોય જ ને ! પણ ચોકસાઈ સાથે ભક્તિની રીત પણ શીખવેલી.

એકવાર બોરીવલીમાં ચંપકભાઈ અજમેરાને ત્યાં રાત્રે જયેશભાઈ શાહ આઈસ્ક્રીમ લાવ્યા. ઠાકોરજી પોઢી ગયા હતા. તેથી આઇસ્ક્રીમ ધરાવાયો ન હતો. જયેશભાઈએ સ્વામીશ્રીને આઇસ્ક્રીમ અંગીકાર કરવા ખૂબ જ આગ્રહ કર્યો. ઘરનો બનાવેલ છે. સારો છે. એમ ઘણું કહ્યું. પણ સ્વામીશ્રી તો સહેજ પણ ન જમ્યા. જે ભગવાનને અર્પણ કર્યા વિનાનું સાદું પાણી પણ ન લે, તે વળી આઇસ્ક્રીમ ક્યાંથી લે ?

સ્વામીશ્રી આફ્રિકા વિચરણ દરમ્યાન લીલોંગ્વે પધાર્યા હતા. બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા. થાળમાં મિઠાઈ મૂકવાની ભુલાઈ ગઈ હતી.

પૂછ્યું, 'કેમ મિષ્ઠાન્ન નથી ?'

'ઠાકોરજીના થાળમાં મૂકી હતી પણ આપ જમતા નથી તેથી ભુલાઈ ગઈ.'

'પ્રસાદી તો લઈએ છીએ ને ! દાળ કાઢી નાખ, શાક કાઢી નાખ, રોટલી કાઢી નાખ તો પ્રસાદમાં લેવું શું ? ખાસ ભૂલ્યા વગર લાવવાનું. સામે હરિભક્તો બેઠા હોય, તેમની ઇચ્છા હોય. મારે ક્યાં વધારે ખાવું છે ? પણ પ્રસાદી પૂરતું લાવવું.' સ્વામીશ્રીએ ભક્તિસભર વિવેક શીખવ્યો. તેઓ હમેશાં મિષ્ઠાન્નની ફક્ત એક ચપટી જ લે છે. અને તે પણ ઠાકોરજીની પ્રસાદીના માહાત્મ્યથી અને હરિભક્તોને રાજી કરવા જ. સ્વાદ માટે નહિ, એ દર્શન આજે જરા વધુ નજીકથી થયા.

પોતાના જીવનની કોઈ જ ક્રિયામાં શ્રીહરિ અંતર્યામી છે, ને સાથે જ છે તે જાણપણું સ્વામીશ્રીને ક્યારેય ભુલાતું નથી.

એકવાર ડુમસમાં સી. કે. પીઠાવાલાને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો. નૃસિંહ જયંતીનો દિવસ આવ્યો. નિયમ મુજબ ફરાળ જમવાનું હતું. સ્વામીશ્રીના સ્વાસ્થ્ય અને પેટની તકલીફને ધ્યાનમાં લઈને ખાનગીમાં પૂછ્યું, 'સંતો બધા ફરાળ કરશે. આપ જમો. કોણ જોનાર છે ?' તરત જ સ્વામીશ્રી અકળાઈને બોલી ઊઠ્યા, 'શ્રીજી મહારાજ જોનારા છે. તેની આગળ કંઈ નહિ ચાલે. એક દિવસમાં શું તૂટી જવાનું છે ?' એમ ફરાળ જ કર્યું. શ્રીજીમહારાજને અંતર્યામીપણે જાણીને નાનામાં નાના નિયમનો આ ઊંમરેય કેવો આગ્રહ !

સત્સંગમાં કાંઈ ખબર ન પડે. ભૂલ પણ થાય. ત્યારે સ્વામીશ્રી ખૂબ પ્રેમથી સંપ્રદાયની રીતિ સમજાવે. અને વર્ણાશ્રમની મર્યાદાનો તથા નાના નાના નિયમોનો ખૂબ જ ખટકો રાખે રખાવે અને ભૂલો સુધરાવે.

૧૯૯૧, પૂર્વ આફ્રિકાના વિચરણ દરમ્યાન કાકામેગા ગામે બપોરે એક હરિભક્તના ઘરે પધાર્યા. જમવાનું અહીં હતું. જમતી વખતે રસોઈ કોણે બનાવી તે વિગતે પૂછી. બધું તૈયાર હતું તેથી રસોઈ જલદી થઈ ગઈ. સ્વામીશ્રી કહે : 'મસાલા ચોખ્ખા હતા ? નવા હોય ત્યાં ખાસ તપાસ કરી લેવી. અંદર હીંગ ન આવી જાય.'

સ્વામીશ્રીના એક મર્યાદાપુરુષ તરીકે પણ દર્શન થયા છે. પરદેશ પ્રવાસ

દરમ્યાન નાઈરોબીથી લંડન જવાનું હતું. નાસ્તો ઉતાવળથી પૂરો કર્યો. ૧૦:૩૮ વાગે એરપોર્ટ પરથી વિદાય લીધી. ૧૨-૧૫ વાગે પ્લેનમાં થાળ કર્યો. હરિભક્તોને જમાડી દીધા. બાદ સ્વામીશ્રી આગળ ટેબલ પર બે ડીશમાં થાળ મૂક્યો. થાળમાં દાળભાત જોયા. એટલે તરત જ આકળા થયા, 'તને કોણ ડાયું થવાનું કહે છે ? ખબર નથી પડતી ?' મેં કહ્યું, 'લીલા નાળિયેરના પાણીમાં મે જાતે જ બનાવ્યું છે. ચોખ્ખું જ છે.'

'નાળિયેરના પાણીમાં હોય કે ગમે તેમાં હોય. ચોખ્ખું હોય તો પણ મુસાફરીમાં દાળભાત નહિ. લોકો શું સમજે ? કોરુ જ બનાવવાનું.' યદ્યપિ શુદ્ધં લોકવિરુદ્ધં નાચરણીયં નાકરણીયમ્ ....

સ્વામીશ્રીને ઘણા બધા પ્રસંગોએ પુણ્ય પ્રકોપ ઠાલવતા અનુભવ્યા છે. તેમાં કેવળ આપણું કેમ કરીને ઘડતર થાય - તેવો જ હેતુ જોવા મળે.

એકવાર કિસુમુમાં સાંજે જમ્યા બાદ થાળ લઈને જતા કંઈક ઢોળાયું. તરત જ સ્વામીશ્રી બોલ્યા, 'ધ્યાન રાખે નહિ, ઉપરાઉપર ચડાવે, બીજા કેટલાય છે તેને આપે નહિ. પછી કારપેટ બગાડે. ખરાબ થાય.'

આવા જ બીજા પ્રસંગે જ્હોનિસબર્ગમાં સાંજે એક હરિભક્તના ઘરે પધાર્યા હતા. જમવાનું ત્યાં હતું. થાળ લઈ જતા અડદની દાળ ઢોળાઈ. બોલ્યા, 'ધ્યાન રાખતો નથી, પછી મોઢું પહોળું થઈ જાય. કારપેટ બગડી. દાળનો ફજેતો થયો.' પુણ્ય પ્રકોપ વધતો જતો હતો. હું કાંઈ બોલ્યો નહિ. પછી થોડી વાર બાદ કહે : 'રોટલા બનાવ્યા હતા ?'

'હા.'

'કેમ લાવ્યો નહિ ?'

'ભૂલી ગયો.'

પછી કહે : 'તને રોટલા બનાવતા આવડે છે ?'

વગેરે પૂછપરછ ચાલુ કરી. 'ઘેર શું ખાતો ?' વગેરે વાતચીતમાં આગળનો ગુસ્સો ક્યા ચાલ્યો ગયો તેની ખબર ન પડી. આમ તેઓશ્રીનો ગુસ્સો કેવળ ઘડતર માટે કે હરિભક્તોને નુકશાન ન પહોચે તેમની વસ્તુના મમત્વ માટે જ છે, નહિ કે પાછા પાડવા માટે.

એકવાર નવસારીમાં ઉકાળો બનાવ્યો. તેમાં ઇકવલ (સુગર ફ્રી ગળપણ - ડાયાબિટિસ ન થાય તે માટે) નાખવાનું ભૂલી ગયેલો. નાસ્તો પૂરો થયો એટલે

ઉકાળો આપ્યો. તેઓ એક પણ શબ્દ બોલ્યા વગર દવા પૂરતો પી ગયા.

નકુરુમાં રાત્રિભોજન વખતે ખીચડીમાં કાંકરી આવી હતી. તે બાબત કાંઈ પણ સૂચન ન કર્યું. શાંતિથી જમી લીધું.

લીલોંગ્વેમાં પૂજા બાદ નાસ્તો કરવા બિરાજ્યા. ઉકાળામાં ઇકવલ બરાબર ઓગળ્યું ન હતું. તેથી નીચે રહી ગયું હતું. પીતી વખતે નીચે ગળપણ વધુ લાગ્યું. આથી ગમ્મતમાં કહે : 'ઉકાળો જુદી પ્રકારનો છે. ગળપણ નીચે રહે છે.'

સ્વામીશ્રીનો સાહજિક સ્વભાવ એવો છે કે રસોઈમાં કાંઈ ભૂલ હોય તો સામેથી તો ન કહે, પણ ક્યારેક કહે છે ત્યારે પણ તેમાં દિવ્યતા જ હોય છે. આવા એક પ્રસંગે લેનેશિયામાં મગમાં ખાંડને બદલે મીઠું નખાઈ ગયું. સ્વામીશ્રીએ મગ લીધા, ને કહે, 'આંખો બંધ કરીને નાખ્યા જ કરે. જોવે નહિ ને કાંઈ નહિ...' હું નીચે જોઈને બેસી રહ્યો. સ્વામીશ્રી ત્રાંસી આખો કરીને જોયા કરે. તેમનાથી રહેવાયું નહિ ને એકદમ હસી પડ્યા. એટલું હસ્યા કે ઉકાળાનો વાટકો પણ પકડી ન શક્યા. તેઓનો પુણ્ય પ્રકોપ આપણા ઘડતર માટે છે. પોતાના મમત્વ માટે નથી. આપણે કોઈ પર ગુસ્સે થઈએ તો તેની અસર લાંબા સમય સુધી રહે. જ્યારે સ્વામીશ્રી તો જાણે ગુસ્સો ઉછીનો લઈને વાપરતા હોય અને કામ પૂરુ થયે પાછો આપી દેતા હોય તેવું સ્પષ્ટપણે લાગે.

સ્વામીશ્રીને આજે હરિભક્તો ભાવથી ખૂબ જ સારી સગવડો આપે છે. પરંતુ સ્વામીશ્રીની સગવડો પ્રત્યેની ભાવના કેવી છે ? એકવાર સારંગપુરમાં બપોરે ૧૧ વાગ્યે A/c બંધ હતું. મેં ચાલુ કર્યું.

સ્વામીશ્રીએ તરત જ ના પાડી. મેં કહ્યું, 'રૂમ ઠંડી થાય તો મજા આવે.'

સ્વામીશ્રી કહે : 'મીટર ચડે છે. માળા ફેરવવી પડે. હરિભક્તોનું ઋણ ચડે.' તેઓને પોતાની સગવડ કરતાં પણ હરિભક્તોના પૈસાનો વ્યર્થ વ્યય ન થાય તે સામે વધુ નજર રહે છે.

એક વાર બોચાસણમાં બપોરે જમવા બિરાજ્યા. પત્તરમાં રોટલી ઠંડી થઈ ગઈ હતી. તે મેં બદલીને ગરમ મૂકી. તરત જ જાતે ઠંડી રોટલી જ લઈને જમવા લાગ્યા. મેં ના પાડી, 'ગરમ જમો.' તો કહે : 'ઠંડીને શું કરીશ ?'

'હું જમી લઈશ.' મેં કહ્યું.

સ્વામીશ્રીએ તરત સામું પૂછ્યું : 'ઉપવાસ નથી ?' મે કહ્યું, 'કાલે ખાઈ જઈશ.'

તો કહે : 'કાલની ચિંતા ન કરવી. સાધુને જે આવે તે જમી લેવું.'

* * *

નકુરુમાં બપોરે આરામમાં જતી વખતે બધા સંતો દર્શન કરતા હતા. મને જોઈને સ્વામીશ્રી કહે : 'શું કરે છે ?'

'દર્શન.'

સ્વામીશ્રી કહે : 'આપણે કોને ત્યાં ઉતારો કર્યો છે ? તે ક્યાંના છે ?'

'તે ખબર નથી.' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે : 'તે પણ ખબર રાખવી. અહીં તો તું ચકમચકા કરે છે. પણ ત્યાં આવે ત્યારે ભૂલી ન જવું. અહો, નકુરુથી આવે છે. મહિમા સમજવો. સેવા કરવી. મહિમાવાળા હરિભક્ત છે. બરાબર સરભરા કરવી. ત્યાં આવે ત્યારે છટકી ન જવું.' સ્વામીશ્રીના અંતરમાં હરિભક્તો પ્રત્યેની ભાવના કેવી ભારોભાર પડી છે તે ઘણા બધા પ્રસંગોમાં જોવા મળે છે.

ડર્બનમાં એક વખત એક હરિભક્તને ત્યાં ઠાકોરજી જમાડવા પધાર્યા. વરસાદનું વાતાવરણ હતું. તેથી હરિભક્તોની વ્યવસ્થા ન હતી. સ્વામીશ્રી કહે : 'હરિભક્તોને બેસાડી દે.' મેં દલીલ કરી, 'ડીશ નથી, વાટકી નથી, બૂફે માટે ટેબલ આવ્યા નથી. માટે પછી બેસાડીશું.'

'અત્યારે શું વાંધો છે ?'

સ્વામીશ્રીએ પૂછ્યું. મેં દલીલ ચાલુ રાખી, 'માંડ થાળની થાળી-વાટકી શોધી. બધાનું ભેગું થાય તેમ નથી.' સ્વામીશ્રી કહે : અહી જગ્યા છે તેટલા તો બેસાડી દે.' મેં ન બેસાડ્યા. કેમ કે કાંઈ સાધનો હતાં જ નહી. સ્વામીશ્રી મૌન રહ્યા. જમ્યા પછી કહે : 'આવું હોય ત્યાં બેચારને બેસાડી દેવા.' સાંજે સભા પછી તેમને ત્યાં જ જમવાનું હતું. સ્વામીશ્રી બિરાજ્યા. સામે હરિભક્તો બેઠા હતા. સ્વામીશ્રીએ યજમાન હરિભક્તને જમવા સામે બેસાડ્યા. અને મારી સામું જોઈ પ્રેમથી કહે : 'હું બેસાડું તેમાં તને કઈ વાંધો નથી ને ?' હું તો દિગ્મૂઢ થઈ ગયો.

સ્વામીશ્રી કહે : 'બપોરે કેટલું કહ્યું તોય હરિભક્તોને બેસાડ્યા નહિ. જમાડવામાં શું વાધો પડે છે તે ખબર પડતી નથી. જમાડતા શીખો.' પછી મેં

પત્તરમાં પીરસવાનું ચાલુ કર્યું. મને કહે : 'પ્રસાદ આપ.' મેં ચોપડા પણ આપ્યા અને શાકનું સ્વામીશ્રીને પૂછ્યું. સ્વામીશ્રી કહે : 'તારો પ્રેમ હોય તો આપ. પરાણે પરાણે ઊભો થાય છે, શું સેવા કરવાનો ?' ભારોભાર નારાજગી દેખાતી હતી.

બીજા દિવસે બપોરે બીજા હરિભક્તને ત્યાં જમવા પધાર્યા. સામે લાઈનમાં હરિભક્તો માટે ડીશ વાટકી ગોઠવ્યા હતા. તે જોઈને રાજી થયા, 'અહો ! દિપુ દયાવાન થઈ ગયો !' પછી કહે : 'આજે ડીશ મળી ? વાટકી મળી ? પાથરણાં મળ્યાં ? ગઈકાલે જમાડવા ન હતા તો ડીશ ન હતી, જગ્યા ન હતી. આજે બધું આવી ગયું. જમાડવા હોય તો બધું મળે. પણ ન જમાડવા હોય તો વસ્તુ હોય પણ ન મળે.' આ પ્રસંગ બાદ વિદેશયાત્રા દરમ્યાન ઘણી બધીવાર પ્રસંગોપાત્ કે રમૂજમાં વારવાર આ પ્રસંગને ગમ્મત કરતા, દઢાવતા રહ્યા. કોઈને જમાડવા હોય તો પૂછે, 'ડીશ છે ?...'

જોહાનિસબર્ગમાં જળઝીલણી એકાદશીનો ઉત્સવ હતો. ફરાળ માટે બીજા હરિભક્તને ત્યાં જવાનું હતું. પરંતુ પછીના દિવસોમાં એ બાજુ જવાનું જ હતું. તેથી આજે ઉતારે જ ફરાળનું થાય તેવી બધાની ઇચ્છા હતી. આથી તે હરિભક્ત ઉતારે ફરાળ લઈ આવ્યા. પરંતુ તેમનાં માતુશ્રીની ઇચ્છા હતી કે સ્વામીશ્રી ઘરે જ આવે. તેઓએ બીજા દ્વારા આનો આગ્રહ રખાવ્યો. બપોરે ૧૨-૩૦ વાગ્યે થાળ શરૂ કર્યો. સ્વામીશ્રીએ મને બોલાવવા ધર્મચરણ સ્વામીને મોકલ્યા. હું ગયો. મને કહે : 'કાંઈ ડા'પણ કર્યા વગર જે બનાવ્યું હોય તે લઈને ઉપડી જાવ. હું પાછળ આવું છું.' અમે ત્યાં પહોંચ્યા. અધૂરો થાળ પૂરો કર્યો. ત્યાં સુધી સ્વામીશ્રી હરિભક્તોને મળ્યા. બાદ જમવા બિરાજ્યા. શ્લોક ચાલુ કર્યો ને હસી પડ્યા. ગરમ થયા હતા. તેના કરતાં વધુ હળવા થઈ ગયા. કહે : 'હવે શાંતિ થઈ.' આ ઉંમરે એક હરિભક્તનું મન સાચવવા માટે કેટલો ભીડો ! હરિભક્ત રાજી થાય ત્યારે તેમને શાંતિ થાય છે.

સ્વામીશ્રી હંમેશાં વિચરણમાં સાથે ફરતા સંતોનું ધ્યાન જાતે જ રખાવે છે. એકવાર લેનેશિયામાં સાંજે ઠાકોરજી જમાડતા હતા. ખીચડી પીરસી એટલે મને પૂછ્યું, 'ખીચડીમાં ઘી નાખે છે ?' મેં ના પાડી. કારણકે સ્વામીશ્રી હાર્ટની તકલીફ હોવાથી ઘી જમતા નથી. સ્વામીશ્રી કહે : 'ઠાકોરજીના

થાળમાં નાખે છે ?' મેં હા પાડી. ધર્મચરણ સ્વામી તથા વિવેકસાગર સ્વામીને બતાવીને કહે : 'સામેવાળાને કોઈ દિવસ ઘી ફરતું નથી.' મેં કહ્યું, 'તેઓ થાળની જ ખીચડી જમે છે.'

'તો બરાબર.' સ્વામીશ્રીને સંતોષ થયો. પોતે જમતા નથી, પણ ભક્તોની ભક્તિમાં ક્યારેય ઊણપ આવતી નથી. પોતે જમતા હોય અને બાજુમાં સંતો કે હરિભક્તો જમતા હોય તો તેમને અચૂક પીરસાવે-ખટકો રખાવે. કેટલીક વાર તે બાબતે ટકોર પણ કરે.

સાનહોઝેમાં એક હરિભક્તને ત્યાં ઠાકોરજી જમાડવા પધાર્યા. ૧-૩૦ વાગ્યા હતા. મને કહ્યું, 'બધા સાથે બહાર આસન રાખજે.' મહંત સ્વામી વગેરે સાથે હતા. મેં કહ્યું, 'બધાને કારપેટ પર બેસાડીએ તો કોઈકથી કંઈક ઢોળાઈ જાય. આથી બહાર રાખીએ છીએ.' આસન બહાર સીટીંગ હૉલમાં રાખ્યું. બીજા સંતોને રસોડામાં બેસાડ્યા. સ્વામીશ્રીને ન ગમ્યું. આસન ફેરવાવીને બધાની સાથે રસોડામાં જ બેઠા. રસોડું નાનું હતું. તેમાં બધા સાથે જમવા લાગ્યા. ઊભા રસોડાના પ્લેટફોર્મ પર બીજી બાજુ અમે રસોઈ કરતા હતા. સ્વામીશ્રી વાતો કરવા લાગ્યા, 'ઊભા ઊભા રસોઈ બનાવતા વધારે ફાવે, કેમ ?' મેં હા કહી. સ્વામીશ્રી કહે : 'લ્યો, બે મહિનાથી અહીં આવ્યો ને ત્યાં તો બેઠા બેઠા ન ફાવે, કંટાળો આવે, શું અત્યાર સુધી ઊભા ઊભા રસોઈ કરતો હતો ?' મેં ના પાડી. સ્વામીશ્રી કહે : 'તો જ્યાં જેવું મળે તેવું ચલાવી લેવું.' કઢી થાળમાં ઠંડી થઈ ગઈ હતી. મેં ગરમ કરવા કહ્યું, તો કહે : 'જેમ તેમ ચલાવી લેવું. ઓર્ડર ન કરવા...' સ્વામીશ્રીની જેમ-તેમ, તેવું-તેવું ચલાવી લેવાની ભાવના, વળી ભક્તો-સંતોના સમૂહથી દૂર પોતાની અલગ વ્યવસ્થા થાય તે તેઓને ક્યારેય પસંદ નથી, તેનાં દર્શન થયાં.

એડિસનમાં નિયમની એકાદશીનો ઉપવાસ હતો. સવારે ફક્ત ઉકાળો અને દવા લીધા. નાસ્તો ન કર્યો. બપોરે પણ ફરાળ ખૂબ જ ઓછું લીધું. ખૂબ આગ્રહ કર્યો. પણ જરાય મચક ન આપી. બધા સંતો આગ્રહ કરવા લાગ્યા. મેં કહ્યું, 'થોડું તો જમો ! બધાનો આગ્રહ છે. બહુમતી છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો એક મત જ છે.' ન જ જમ્યા. થોડો મોરૈયો માગ્યો. ખૂબ થોડો જમ્યા. આ ઉંમરેય તપની કેવી રુચિ !

લંડનમાં જન્માષ્ટમી પ્રસંગે સવારે ફક્ત ઉકાળો લીધો. બપોરે તો મન

મનાવવા થોડું ફ્રુટ અંગીકાર કર્યું. બીજુ કંઈ ન લીધું. સાંજે થોડું ફરાળ બનાવ્યું. મોરૈયાનો આગ્રહ કર્યો. તો કહે : 'હજી બપોરે તો ના કહી. ઇચ્છા પ્રમાણે પીરસવું.' મેં કહ્યું, 'એ વાત જૂની થઈ ગઈ.' સ્વામીશ્રી કહે : 'તે વાત જૂની ન થાય. મહારાજના વખતથી જ નવી ને નવી જ છે. બધા ભૂખ્યા ને હું જમું તે સારું ન કહેવાય.' એમ કહેતા ડીશ ધકેલી દીધી.

* * *

સ્વામીશ્રી અનહદ પ્રેમનો મહાસાગર છે. શિસ્ત અને વ્યવસ્થિતતાની બાબતમાં કડક છે. પરંતુ સ્વભાવે અતિશય મૃદુ અને હેતાળ છે. પોતે જ અનેક પ્રકારે પ્રસંગ ઊભા કરીને વાતાવરણ હળવું કરી નાખે.

એડિસનમાં C.F.I. દરમ્યાન ખૂબ જ વરસાદ પડતો હતો. એક દિવસ મેં કહ્યું, 'બંધ કરો ને ! બધા કેટલા હેરાન થાય છે !' સ્વામીશ્રી કહે : 'તું બંધ કરને !'

મેં કહ્યું, 'મારી પાસે કંઈ છે નહિ. એટલે શું થાય ? નહિતર ટીપુ પણ વરસાદ પડવા દઉં નહિ.'

સ્વામીશ્રી તરત જ કહે : 'પુરુષોત્તમ નારાયણનો જોગ થયો ને શું કહે છે કંઈ નથી ? સાક્ષાત્ મહારાજ મળ્યા છે.' એમ સ્વરૂપનિષ્ઠાનો કેફ દૃઢ કરાવ્યો.

તે સાંજે જમતી વખતે પાટલા પર બિરાજ્યા. પાટલો પાયાથી ડગમગતો હતો. તેથી કહે : 'મહાત્મા ડોલે છે.' સંતોએ આસન નીચે મૂક્યું. ત્યાં સ્વામીશ્રી ફરી કહે : 'મહાત્મા હજુ ડોલે છે. એમ આનંદ કરાવી સ્મૃતિ આપી.

નાઈરોબીમાં અલ્પાહાર વખતે ગુરુની વાત નીકળી. મને કહે : 'તારે ગુરુ થવું છે ?' મેં ના પાડી.

સ્વામીશ્રી કહે : 'કેમ ? સદ્ગુરુ થવું છે ?' મેં ફરી ના પાડી. સ્વામીશ્રી કહે : 'ગુરુ એટલે સદ્ગુણ, કેમ સારા ગુણ નથી લાવવા ?' મેં કહ્યું, 'ગુણ તો લાવવા છે.' સ્વામીશ્રી કહે : 'તો ગુરુ થવું છે ને ?' મેં હા પાડી. સ્વામીશ્રી તરત કહે : 'લે જો ગુરુ થવું છે ! ગુણ ગુરુના લાવવાના. પણ રહેવાનું તો સેવક જ. કથામાં બેસે છે કે નહિ ? કથામાં બેસે તો ગુણ આવે.' ગમ્મતભરી ચર્ચાને અંતે જીવનઘડતરની ચાવી આપી.

એકવાર મુંબઈથી સવારે અમદાવાદ આવ્યા હતા. સવારમાં ૧૧ થી ૧ વાગ્યા સુધી આરામ કર્યો. જાગીને બહાર આવ્યા. મને પૂછ્યું, 'શું કરતો હતો ? સૂતો હતો ?' મેં કહ્યું, 'ખાલી આડો પડ્યો હતો. ઊંઘ ન આવી.' સ્વામીશ્રી તરત કહે : 'આપણે ક્યારેય, ક્યાંય, કોઈને, કોઈ દિવસ સત્સંગમાં આડું ન પડવું...'

જ્યારથી સત્સંગમાં આવ્યો છું ત્યારથી સ્વામીશ્રીએ અનેક પ્રસંગોએ અપાર હેત કર્યું છે, માતાની મમતા આપી છે. મારા કાનમાંથી રસી નીકળતી હતી. તે તકલીફ લાંબા સમય સુધી રહી. જ્યારે જ્યારે હું સ્વામીશ્રીને મળું ત્યારે બંને કાનમાં પોતાની આંગળી નાખીને જુએ, 'કેમ છે ? મટી જશે.' એમ આશીર્વાદ આપે. લગભગ જુદા જુદા પ્રસંગોએ ૮ થી ૧૦ વખત કાનમાં આંગળી નાખીને આશીર્વાદ આપ્યા હશે, વળી બળ આપે- દવા કરવાનું કહે. આના સંદર્ભમાં ગમ્મત પણ કરે. એક પ્રસંગે સંતોને જુદા જુદા મંદિરોમાં જવાનું હતું. તેની જાહેરાત થતી હતી. સ્વામીશ્રી મારી સામું જોઈને કહે : 'ભગત ! સંભળાય છે ને ?'

એક પ્રસંગે મુંબઈમાં કેરીની પ્રસાદી આપવા લાગ્યા. મને કહે : 'એક હાથ નહિ, બે હાથ ઊંચા રાખ.' મેં કેરી લેવાનો પ્રયત્ન કર્યો. સ્વામીશ્રી નાના બાળકને રમાડે તેમ કેરી ગોળ ગોળ ફેરવવા લાગ્યા. ખૂબ ફેરવીને ગમ્મત કરી પ્રસાદી આપી. આટલી મોટી સંસ્થાની જવાબદારી ક્યાં, અને આટલી હળવાશ - આટલો પ્રેમ ક્યાં !

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના શ્રાદ્ધ પ્રસંગે ઘણી વખત માથા પર દૂધપાક રેડીને ખૂબ સ્મૃતિ આપી છે. પત્તર છલકાવ્યાં છે. જેમ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજ દૂધ પીરસતા, તેની યાદ અપાવી છે.

પોતે સર્વના ગુરુપદે હોવા છતાં નાનામાં નાના શિષ્યને અનહદ પ્રેમ આપી શકે છે. વળી અંતરથી દરેકનો મહિમા સમજે છે. મારે ૧૯૮૩માં ઉત્તર ભારત જવાનું થયું હતું. જ્યારે પાછા આવીને મુંબઈ પ્રથમ મળ્યા ત્યારે બધા હરિભક્તોના સમાચાર પૂછવા લાગ્યા. વાંકા વળીને ચરણસ્પર્શ કર્યો, 'યાત્રા કરીને આવ્યા એટલે અમો પગે લાગીએ તો પુણ્ય મળી જાય.' કેવો મહિમા ! શિષ્યને નમતા ક્યારેય નાનપ અનુભવતા નથી.

એક વાર મુંબઈમાં સ્નાન કર્યા પહેલાં નખ કાપીને પોતે જ ગટરમાં

નાખી દીધા. પ્રસાદીના નખ આપવા ખૂબ વિનંતી કરી, પણ ન જ આપ્યા. પછી ગમ્મતમાં કહે : 'નાની આંખો છે, વાગી જશે.' મેં કહ્યું, 'બાપા ! નખ આપો તો સ્મૃતિ રહે.' સ્વામીશ્રી કહે : 'એમ ન રહે, આ કઈ રીતે બેઠા છે, કેમ નખ કાપે છે, કોણ કોણ બેઠા છે તે બધુ યાદ રાખી લે. મુકુંદ બેઠા છે. ડૉક્ટર કાપે છે. બધું જોઈ લે.' મેં વિનંતી ચાલુ રાખી, 'બાપા ! નખ આપ્યા હોય તો વધારે સ્મૃતિ રહેશે.' નંદકિશોર સ્વામી નખ આપતા હતા. પણ આપવા ન દીધા અને ગટરમાં નાખીને પાણી ઢોળાવી દીધું.

આવા અનેક પ્રસંગોએ સ્વામીશ્રીનો અપાર પ્રેમ અનુભવ્યો છે. સાથે સાથે તેઓનું દિવ્ય ગુણોથી ભરેલું કલ્યાણકારી જીવન જોયું છે. જે કંઈ દેખાયું, અનુભવ્યું તેની વાત કરી છે. તેઓને તો આપણા પર અપાર પ્રેમ છે જ પણ આપણે તેમની સાથે એવા જ પ્રેમથી જોડાઈ જઈએ તે એમના ચરણકમલમાં પ્રાર્થના....

* * *